Website : www.rakhewaldaily.com
Email : rakhewal@gmail.com

વર્ષ : 33 ● અંક : ૨૭૮
તા.૧૭-૧૧-૨૦૧૭, શુક્રવાર
સંવત ૨૦૭૪ કારતક વદ - ૧૪
પાના : ૮ ● કિંમત રૂા.૨-૦૦

સૂર્યોદય : ૦૬:૫૪ સૂર્યાસ્ત : ૦૫:૫૪

તાપમાન

| | | | |
|---|---|---|---|
| ડીસા | ૧૭.૨ | વડોદરા | ૧૫.૨ |
| અમદાવાદ | ૧૪.૦ | સુરત | ૧૮.૬ |
| ગાંધીનગર | ૧૪.૨ | નલિયા | ૧૩.૮ |

ચાંદી : ૪૦,૩૦૦ સોનું : ૩૦,૩૦૦

P.R.No. GBK/06/2015-17 RNI No 20508/71 Facebook.com/rakhewal

# રખેવાળ

ઉત્તર ગુજરાતનું પ્રથમ દૈનિક

સંવર્ધક તંત્રી : અમૃતભાઈ શેઠ પો.બો. નં. ૧, માનવ મંદિર - ડીસા, ફોન : ૨૨૦૨૬૪, ૨૨૨૭૬૪ ફેક્સ : (૦૨૭૪૪) ૨૨૦૬૮૪ પાલનપુર ફોન-૨૫૩૦૦૪, અમદાવાદ ફોન. ૨૬૪૦૭૧૪૭ જનસેવાની પરંપરાના ૩૩ વર્ષ...

# બુલેટ ટ્રેન માટે ભારત-જાપાન વચ્ચે કોઇ કરાર નહીં

## ૩૦ ઓગષ્ટે મોદી-શિંજો એબે અમદાવાદ ખાતે બુલેટ ટ્રેનનું ખાતમૂહૂર્ત કર્યું હતું

ગાંધીનગર

તાજેતરમાં તા. ૩૦ ઓગષ્ટ, ૨૦૧૭ના રોજ ભારત અને જાપાનના પ્રધાનમંત્રી અનુક્રમે નરેન્દ્ર મોદી અને શિંજો એબે દ્વારા અમદાવાદ ખાતે બુલેટ ટ્રેનના ખાત મૂહુર્ત નિમિત્તે આંતરરાષ્ટ્રીય સ્તરના કાર્યક્રમો આયોજિત કરવામાં આવ્યા હતા. અને ત્યાર પછી સમગ્ર દેશ અને વિદેશોમાં બુલેટ ટ્રેન વિશે જોરશોરથી ચર્ચાઓએ જોર પકડ્યું હતું. પરંતુ તાજેતરમાં એક આરટીઆઇ દ્વારા બુલેટ ટ્રેનને લઇને એક મોટો ખુલાસો થયો છે કે જેનાથી સહુ ચોંકી ઉઠ્યા છે. આરટીઆઇમાં જાપાનના પ્રધાનમંત્રી શિંજો એબેની અમદાવાદ ખાતેની મુલાકાત ટાણે બુલેટ ટ્રેનના કરાર વિશે





પૃચ્છા કરવામાં આવતાં તેના જવાબમાં ભારત સરકાર વતી વિદેશ મંત્રાલય દ્વારા જણાવવામાં આવ્યું છે કે ભારત અને જાપાન વચ્ચે બુલેટ ટ્રેનને લઇને ભારતના પ્રધાનમંત્રી અને જાપાનના પ્રધાનમંત્રી વચ્ચે કોઇ જ પ્રકારના એમઓયુ પર કોઇ જ હસ્તાક્ષર થયા નથી.

ગાંધીનગર સ્થિત ગુજરાતી ન્યુઝ સર્વિસ (જીએનએસ) એજન્સીને એક આરટીઆઇ મારફતે પાકી માહિતી મળી છે કે અમદાવાદ અને મુંબઇ વચ્ચે ચાલનારી બુલેટ ટ્રેનને લઇને જાપાન અને ભારત વચ્ચે કોઇ જ પ્રકારના કરાર કે એમઓયુ પર હસ્તાક્ષર થયેલ નથી.

વિગતવાર ઘટનાક્રમ આપને જણાવીએ તો ગુજરાતના જુનાગઢના રહેવાસી અતુલ જી. શેખડાએ આરટીઆઇ અધિનિયમ અંતર્ગત આ માહિતી વિદેશ મંત્રાલય પાસેથી માંગી હતી. જે અત્રે સમગ્ર દેશના સોશિયલ મીડિયામાં વાઇરલ થઇ ચૂકી છે. આ આરટીઆઇના મળેલા જવાબમાં માત્ર એક જ લાઇનમાં સ્પષ્ટ શબ્દોમાં જણાવાયું છે કે ભારતીય પ્રધાનમંત્રી અને જાપાનના પ્રધાનમંત્રી વચ્ચે બુલેટ ટ્રેન પર કોઇ જ પ્રકારના એમઓયુ પર હસ્તાક્ષર કરવામાં આવ્યા નથી. હવે સવાલ એ ઉભો થાય છે કે જો આવું કંઇ બન્યું જ ન હોય તો એમ કેમ કહેવામાં આવ્યું છે કે જાપાન અને ભારત વચ્ચે ખૂબ જ ઓછી કિંમતે બુલેટ ટ્રેન પરિયોજના પર એક પરસ્પર સમજૂતી કરાર (એમઓયુ) પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે.

## ભાજપે ૪૦ કરોડમાં હાર્દિક પટેલની સેક્સ સીડી બનાવી : પાસ

ગાંધીનગર



પાસના કન્વીનર હાર્દિક પટેલની સેક્સ સીડી જાહેર થયા બાદ રાજકારણમાં ગરમાવો આવી ગયો છે. પાસના કન્વીનરો અને કોંગ્રેસ તરફથી આ સીડી માટે સતત ભાજપને દોષ આપવામાં આવી રહ્યો છે. આજે પાસની કન્વીનર દિનેશ બાંભણિયાએ પ્રેસ કોન્ફરન્સ કરી હતી, જેમાં તેમણે ભાજપ પર પ્રહારો કર્યાં છે. દિનેશ બાંભણિયાએ હાર્દિકની સીડી માટે ભાજપ પર પ્રહાર કરતાં જણાવ્યું હતું કે, હાર્દિકની સીડી એક ષડયંત્ર છે.

આ સાજિશ પાછળ ૪૦ કરોડનો સોદો થયો છે. ભાવનગરના એક ફાર્મ હાઉસમાં આ સોદો નક્કી થયો હતો.

વધુમાં તેમણે કહ્યું હતું કે, આ સીડી ભારતની બહાર બનાવવામાં આવી છે. આ પ્રકારની કુલ ૫૨ સીડીઓ બનાવવામાં આવી છે, જેમાંથી ૨૨ સીડીઓ હાર્દિકની બનાવવામાં આવી છે. આ સીડી બનાવવા પાછળ બિમલ પટેલ અને વિમલ પટેલનો પણ હાથ છે. આ બંને સુરતના છે અને ભાજપ સાથે મળેલા છે. યુવતી સાથે પણ ૫૦ લાખનું એગ્રીમેન્ટ કરવામાં આવ્યું છે.

### વિચાર વૈભવ...

## મારા વિચાર, માત્ર સારા વિચાર

ભયને કારણે, મોહથી, સ્વાર્થ ખાતર કે અજ્ઞાનવશ મનુષ્ય માત્ર દુર્વિચારોનો ભોગ બની શકે છે. સારા વિચારો માત્ર ઈચ્છા કરવાથી મનમાં અવતરતા નથી, એ માટે શરૂઆતમાં સુવિચારોના નિત્ય પઠનની ટેવ પાડવાની રહે છે. દરેક વાતમાં, વિચારમાં, ઘટનામાં એક હકારાત્મક અભિગમ હોય છે, જે અપનાવવા જેવો હોય છે. નકારાત્મક વિચારો ઝડપથી ભ્રાવે છે અને જોતજોતામાં વ્યક્તિત્વનો કબજો લઈ લે છે, પરંતુ જો હકારાત્મક વિચારો દ્વારા આપણા મનને કેળવવામાં આવ્યું હોય તો કોઈ નકારાત્મકતા પ્રભાવિત કરી શકતી નથી. પોઝીટીવ થિંકિંગ એક આધુનિક કેળવણી છે, અલબત્ત અત્યારે ભલે એ પશ્ચિમમાં થઈને આપણે ત્યાં આવી હોય પરંતુ વૈદિકકાળથી આ વૈચારિક પ્રણાલિકા ચાલી આવે છે. ઋગ્વેદની ઋચાઓમાં કહ્યું છે- દરેક દિશાએથી અમને શુભ અને સુંદર વિચારો પ્રાપ્ત થાઓ. હકારાત્મક વિચારોની આ આપણી બુનિયાદ છે. જેને જે વિચારવું હોય તે વિચારે, આપણે તો માત્ર સારા જ વિચારો કરવા, મારા વિચાર, માત્ર સારા વિચાર. દુર્વિચારોવાળું મન એટલે દુષ્કાળનું ગીધના ઝૂંડ બેઠેલું વૃક્ષ, સદ્વિચારોવાળું મન એટલે હોલા, પોપટ, મોર, કબૂતરના મધુર ગુંજનથી ઝૂમતું લીલુછમ વૃક્ષ, એ જ આપણું મન.

- ગિજુભાઈ ભરાડ

# વન વિભાગના વિવાદિત પરિપત્રથી જીવદયાપ્રેમીઓમાં કચવાટ

### બ.કાં.ના સરપંચો માનદ વન્ય પ્રાણી સંરક્ષક તરીકે નિમાયા

સંજય જોષી



પાલનપુર

સરકારના વનવિભાગે ગ્રામ્ય સરપંચોને વિવાદિત પરિપત્ર કરતા જીવદયાપ્રેમીઓની લાગણી દુભાઈ છે.વન્ય પ્રાણી રોઝ એટલે કે નીલગાય ના નિકાલ અને મારણ ની જવાબદારી ગ્રામ્ય સરપંચોના માથે ઠોકી દેતા ખુદ સરપંચો આ નિર્ણય નો વિરોધ કરી રહ્યા છે.

રાજ્ય સરકારના વન વિભાગે વન્યપ્રાણી રોઝ ના નિકાલનો પરિપત્ર કર્યો છે. બનાસકાંઠાના ૩૧૭ જેટલા ગામના સરપંચોને માનદ વન્ય પ્રાણી સરક્ષક તરીકે નિમણૂક આપી છે. અને ખેતીમા ઉપદ્રવ કરતા રોજડા ના નિકાલ નું ફરમાન ફરમાવ્યું છે. બનાસકાંઠા ના ૫૯૯ ગામો મા થી વન વિભાગ ને રોઝડાઓ ખેતી મા ત્રાસ કરતા હોવાની ફરિયાદ ને લઈ વન વિભાગે રોઝડાના નિકાલની જવાબદારી જિલ્લાના ગ્રામ્ય સરપંચો ને સોંપી છે. હવે ખેડૂતો રોઝડાના નુકશાની કરતા હોવાની ફરિયાદ જે-તે ગામના સરપંચને કરી શકશે.ત્યારબાદ સરપંચને સાથે રાખી ઉપદ્રવી રોઝ નું મારણ કરી શકવાનો પરિપત્ર સરકારે જાહેર કર્યો છે.જોકે સરકાર ની દોગલી નીતિ મા જો રોઝ સિવાય કોઈ વનપ્રાણીનું મારણ થઈ જાય તો વન્ય પ્રાણી સંરક્ષણ નિયમ હેઠળ સરપંચ ગુનેગાર બનશે.

ગ્રામ્ય સરપંચોની માનદ વન્ય સંરક્ષક તરીકે નિમણૂક થઈ છે. ત્યારે સરકાર ના આ નિર્ણય ની ખુદ સરપંચો ટીકા કરી રહ્યા છે. વન્ય પ્રાણીઓના રક્ષણની જવાબદારી સરકાર અને વન વિભાગની છે. ત્યારે વન્ય પ્રાણી રોઝ ના મારણની અને રોઝ ના નિકાલ ની જવાબદારીને સરપંચો પાપ માની રહ્યા છે.અબોલ જીવ હત્યા ના પરિપત્ર ને લઈ સરપંચો મા કચવાટ છે ત્યારે વન વિભાગ તેની જવાબદારી મા થી છટકી રહ્યુ હોવાનું જગાણા ગામના સરપંચ ભરતભાઈ ચૌધરીએ જણાવ્યું હતું.

અનુસંધાન પાના નં.૬

## ભાજપની સેન્ટ્રલ પાર્લામેન્ટરી બોર્ડમાં ઉત્તર ગુજરાતની ૨૬ બેઠક માટે કશમકશ

અમદાવાદ

ઉત્તર ગુજરાતની ૨૬ બેઠક માટે ગઈ કાલે ભાજપ સેન્ટ્રલ પાર્લામેન્ટરી બોર્ડમાં કશમકશ ચાલી હોવાનું આધારભૂત સૂત્રો દ્વારા જાણવા મળે છે. ૧૮૨ બેઠક માટે ઉમેદવારોની પસંદગી કરવા પૈકી પહેલા તબક્કાની ૮૯ બેઠકના ઉમેદવારો માટે ગઇ કાલે દિલ્હી ખાતે પાર્લામેન્ટરી બોર્ડની બેઠક મળી હતી. આ બેઠકમાં ઉત્તર ગુજરાતની ૨૬ બેઠક મુદ્દે સર્વ સંમતિ સધાઇ નહોતી જેના કારણે ભાજપની આખરી યાદી તૈયાર થઇ શકી નહોતી. જેનું મુખ્ય કારણ રાજ્ય સરકારે આપેલી પેનલ અને પેનલની સાથે સાથે ઉમેદવારોનાં નામની સામે મૂકવામાં આવેલા સર્વે અને તારણોમાં મોટો તફાવત હોવાનું જાણવા મળે છે. જેને કારણે ગઇકાલે મળેલી બેઠકમાં એવો નિર્ણય લેવાયો હતો કે આ બેઠકો પર પ્રભારી અને મહામંત્રી ભૂપેન્દ્ર શાહ અને રાજ્યના ટોચના નેતાઓ જિલ્લા અને તાલુકાના નેતાઓ પાસે પેનલનાં નામો વિશે ફરીવાર અભિપ્રાય લેશે અને સમગ્ર ક્વાયત પૂરી થયા બાદ જ ભાજપ નામ ફાઈનલ કરશે.

## જય ખોડીયાર મિત્ર મંડળની ઓફિસમાં CIDના આદેશથી થરાદ પોલીસની તપાસ




વિષ્ણુ દવે

### પોલીસ તપાસ કરવા પહોંચતાં પહેલાં મુખ્ય સંચાલક અને એજન્ટો રફુચક્કર થઇ ગયા

થરાદ

થરાદમાં ગુરૂવારની સવારના સુમારે પોલીસ દ્વારા જય ખોડીયાર મિત્ર મંડળ ઓટો કન્સલટન્સી પ્રા.લિ. (જે.કે.એમ.એમ) નામની ઓફીસમાં તપાસ હાથ ધરવામાં આવી હતી.જોકે પોલીસ પહોંચે તે પહેલાં સંચાલક અને એજન્ટો ફરાર થઇ ગયા હતા. વાડજ વ્યાસવાડી ખાતે જય ખોડીયાર મિત્ર મંડળ ફાઈનાન્સ (જે.કે.એમ. એમ) નામે ઓફિસ શરૂ કરી રાજુ મેવાડાએ લકી ડ્રોની સ્કીમ શરૂ કરી હતી. તેણે અમદાવાદ સહિત રાજ્યના અન્ય શહેરોમાં કુલ ૧૭૦ ઓફિસો શરૂ કરી હજારો સભ્યો બનાવ્યા હતા. તે લોકો પાસેથી ૧૦૦૦,૨૦૦૦ તથા ૫૦૦૦ના હપ્તા લઈ ટુ વ્હીલર અને કારના ડ્રોની સ્કીમ ચલાવતો હતો. જોકે બે મહિનાથી ડ્રો કરવાનું બંધ કરી દીધું હતું. આ બાબતે નિમિશ શાહે સીધી રિઝર્વ બેંકમાં ફરિયાદ કરી હતી કે જે.કે. એમ.એમના નામે લાઇસન્સ વગર કરોડો રૂપિયા ઉઘરાવાઇ રહ્યા છે. રિઝર્વ બેંકે આ મુદ્દે રાજ્યના પોલીસ વડાને જાણ કરી હતી તેમના આદેશથી આ પ્રકરણની તપાસ કરી રહેલી CID ક્રાઈમની ટીમે રાજુ મેવાડાની ઓફિસે દરોડા પાડી કોમ્પ્યુટર અને જરૂરીટ

અનુસંધાન પાના નં.૬

### સાર સમાચાર...

## મોદીનો જાદુ : લોકપ્રિયતા ૨૦૧૫ કરતા પણ વધી છે

નવી દિલ્હી

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની લોકપ્રિયતા દેશભરમાં અકબંધ રહી છે. મોદીને સત્તા સંભાળી લીધાને સાઢા ત્રણ વર્ષથી વધુનો સમય થઈ ગયો હોવા છતાં હજુ પણ લોકોનો વિશ્વાસ તેમના પર અકબંધ રહ્યો છે. એટલુ જ નહી બલ્કે દેશની આર્થિક સ્થિતીને લઈને લોકો તેમની કામગીરીથી બિલકુલ સંતુષ્ટ છે. મોદીના કાર્યકાળના ત્રણ વર્ષમાં ભલે હનિમુન ગાળો પૂર્ણ થઈ ગયો હોય પરંતુ તેમના પ્રત્યે લોકોમાં વિશ્વાસ હજુ અકબંધ છે. આશરે ૧૦ પૈકી નવ લોકો નરેન્દ્ર મોદી પ્રત્યે હકારાત્મક વલણ ધરાવે છે.

# ભીલડા ગામે દશ માસ બાદ હત્યાની આશંકાએ લાશને બહાર કઢાઈ

### પાંથાવાડા પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી મામલતદાર દારની હાજરીમાં કાર્યવાહી કરાઈ



દિનેશ ત્રિવેદી

પાંથાવાડા

દાંતીવાડા તાલુકાના ભીલડા ગામે દશ માસ બાદ યુવતીના ભાઈની ફરિયાદના પગલે દાંતીવાડા મામલતદાર અને પેનલ ડોકટરની હાજરીમાં ગુરૂવારે લાશને બહાર કઢાઈ હતી.સ્થળ પરથી ખાલી કંકાલ નીકળતા વધુ તપાસ માટે કંકાલને એફ.એસ.એલ.માં મોકલવાની તજવીજ હાથ ધરી હતી.પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી હતી.

પાંથાવાડા પોલીસ મથકના જણાવ્યા અનુસાર ધાનેરા તાલુકાના ભાટરામ ગામની દીકરીનું તેની સાસરી દાંતીવાડા તાલુકાના ભીલડા ગામે દશેક માસ અગાઉ મોત નીપજ્યું હતું.જેથી બુધવારે યુવતીના ભાઈ મુકેશભાઈ અજબાજી ચતરાડીયા(ચમાર)એ પોતાની બેનની બળાત્કાર કરી હત્યા કરાઈ હોવાની આશંકાએ પાંથાવાડા પોલીસ મથકે ગુનો નોંધાવતા પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી ગુરૂવારે દાંતીવાડા મામલતદાર આઈ. એમ.ઠાકોર,પાંથાવાડા ઈન્ચાર્જ પી.એસ. આઈ.જે.ટી.મહેશ્વરી અને પેનલ ડોકટરની

અનુસંધાન પાના નં.૬

### મારી બેનની બળાત્કાર બાદ હત્યા થઈ છે

યુનવતીના ભાઈ મુકેશભાઈ ચતરાડીયાએ દિવ્ય ભાસ્કર સાથે વાત ચિતમાં જણાવ્યું હતુ કે મારી બેન શોભનાની બળાત્કાર કરી હત્યા કરાઈ છે.જેથી ગુનેગારને સજા મળવીજ જોઈએ.

### બહેનની હત્યાની આશંકાએ ભાઈએ ખખડાવ્યા કાયદાના દ્વાર

ધાનેરા તાલુકાના ભાટરામ ગામના અજબાજી ચતરાડીયાની પચીસ વર્ષીય દિકરી શોભનાબેનના લગન અધિવર્ષ અગાઉ દાંતીવાડા તાલુકાના ભીલડા ગામે દિનેશભાઈ હમીરાજી વાઘેલા સાથે થયા હતા.જેનું મોત દશેક માસ અગાઉ ૨૧ જાન્યુઆરી ના રોજ થયું હતું.જોકે ભાઈને હત્યાની આશંકા જતા ન્યાય માટે કાયદાના દરવાજા ખખડાવ્યા હતા.

### લાશને વધુ સમય થયો હોવાથી એક્સપર્ટની સલાહ માટે અમદાવાદ મોકલાશે

ભીલડા ગામની પરિણીતાના મોતને દાશેક માસ જેટલો સમય થયો હોવાથી સ્થળ પરથી માત્ર કંકાલજ મળ્યું હોવાથી પેનલ ડો.જીતેન્દ્ર ચૌધરી અને ડો. હિમાંશુ ગઢવીએ જણાવ્યું હતુંકે મોતનું સાચું કારણ જાણવા માટે એક્સપર્ટની સલાહની જરૂર હોઈ અમદાવાદ ફોરેન્સીક સાયન્સ લેબોરેટરીમાં મોકલવાની તજવીજ હાથ ધરાઈ હતી.

## પાલનપુર સુખબાગ રોડ વિસ્તારમાં યુવતીની આત્મહત્યા

### પાલનપુરમાં રહેતા પ્રેમી પંખીડા પૈકી પ્રેમિકાએ જીવન ટૂંકાવ્યું



સંજય જોષી

પાલનપુર

પાલનપુર પંથકમાં અપમૃત્યુના બનાવો ચિંતાજનક હદે વધી રહ્યા છે. ત્યારે પાલનપુરના સુખબાગ રોડ વિસ્તારમાં રહેતા પ્રેમી પંખીડા પૈકી યુવતીએ ગળે ફાંસો ખાઈ જીવનલીલા સંકેલી લેતા અનેક તર્ક વિતર્ક વહેતા થયા છે.

પ્રાપ્ત વિગતો મુજબ, પાલનપુરના સુખબાગ રોડ વિસ્તારમાં એક પ્રેમી પંખીડા મકાન ભાડે રાખી રહેતા હતા. ઈકબાલગઢ વિસ્તારની પ્રેમિકા અને પોશીના ગામનો પ્રેમી સાથે રહેતા હતા. જોકે, કોઈ અગમ્ય કારણોસર ૨૦ વર્ષીય પ્રેમિકા રવિનાએ બંધ ઘરમાં રહેલા પંખે લટકી જઈ જીવન ટૂંકાવી દીધું હતું. જોકે, ઘરમાંથી દુર્ગંધ આવતા લોકોએ પોલીસને જાણ કરતા યુવતીએ આપઘાત કર્યો હોવાનું પ્રકાશમાં આવ્યું હતું. પોલીસની પ્રાથમિક તપાસમાં આ મૃતદેહ ૩ દિવસથી લટકતો હોવાનું અનુમાન વ્યક્ત થઈ રહ્યું છે. જયારે પ્રેમી યુવક ફરાર હોવાના અહેવાલ મળ્યા છે.

આ પ્રેમી પંખીડા સંતાઈને અહી રહેતા હોવાનું અનુમાન થઈ રહ્યું છે. ત્યારે પાલનપુર પશ્ચિમ પોલીસે હાલ તો અકસ્માતે મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. મૃતક યુવતીનું નામ રવીનાબેન કોદરભાઈ કોદરવી ઉ.૨૦ રહે. દલપુરા તા.દાંતા હોવાનું જાણવા મળ્યું છે.

### ગતકડું....

- દેવન વ્યાસ



પક્ષ ટીકીટ આપવા માટે ચૂંટણી કરતો હોય તો કેવું સારૂં...!!!

**વેપારી તથા ખેડૂતભાઈઓ માટે ખુશ ખબર**

**ડીસામાં ૫૦૦ થી ૨૦૦૦ મેટ્રીક ટન ના ચેમ્બરની સુવિધા સાથે મલ્ટીપર્પઝ હાઈટેક કોલ્ડ સ્ટોરેજ શરૂ થઈ ગયો છે. આ અદ્યતન કોલ્ડ સ્ટોરેજમાં ગોળ, મરચું, ઘાણા, ડેરી પ્રોડક્ટ, સુકો મેવો, માવો, ફ્રુટ તથા બટાકા માટે સાદા તથા CIPC ચેમ્બર ઉપલબ્ધ છે સ્ટોક કરતા વેપારીઓએ સંપર્ક કરવો.**

**રામેશ્વર કોલ્ડ સ્ટોરેજ**
થરાદ રોડ, જોરાપુરા
(દામા ઠાકોરવાસ)
તા. ડીસા જિ.બનાસકાંઠા
મો. ૯૮૨૫૦ ૮૩૧૯૭ (વેલજીભાઈ)

**સૂર્યોદય - ૬.૫૪ સૂર્યાસ્ત - ૬.૫૪**

## તિથિદર્શન

કારતક વદ-૧૪ શુક્રવાર ૨૦૭૪




વિક્રમ સંવત : ૨૦૭૪, શા.શકે-૧૯૩૯, નામ સંવત્સર :હેમલંબી નામ વીર જૈન સંવત ૨૫૪૪ કારતક વદ :ચૌદસ શુક્રવાર નક્ષત્ર:સ્વાતી સાંજે ૫.૧૧ પછી વિશાખા યોગ : સૌભાગ્ય કરણ: ચતુષ્પાદ આજે જન્મેલા બાળકની રાશી તુલા (ર.ત.) અક્ષરો ઉપર પાડવું શાસ્ત્રોકત છે.

- જયોતીષી બંસીલાલ એચ.લોધા

## ચિંતન

- સુરેશ પ્રા.ભટ્ટ

**છિન્નો અપિ રોહતિ તરુ:**
**ક્ષીણો અપી હ્યપચીયતે પુનશ્ચંદ્ર:**
**ઈતિ વિમૃશન્ત:સંત સંતપ્યન્તે ન તે વિપદા**

'વૃક્ષને કાપવા છતાં તે ફરીથી, વારંવાર ઊગે છે, ચંદ્ર ઘટવા છતાં ફરીથી તેની કળાઓ પૂર્ણિમા સુધી ફરી વધે છે, આમ વિચારીને સજ્જન લોકો આફત આવે ત્યારે વ્યથિત થઈ જતા નથી.'

એક કહેવત છે, આજ ઊગી છે એવી કાલ નહીં ઊગે- અર્થાત્ આજે જે સુખ છે તે આવતી કાલે રહેવાનું નથી એવી જ રીતે આજે જે દુઃખની પરિસ્થિતિ છે તે પણ આવતી કાલ સુધી રહેવાની નથી. પરિસ્થિતિ, સમય, સંજોગ પરિવર્તનશીલ છે. પૈડાંના આરાની જેમ, ચક્ર ઉપર- નીચે જાય તે પરિસ્થિતિ સુખદ- દુઃખદ થયા કરે છે.

સજ્જન- બુદ્ધિશાળી વ્યક્તિઓ આ વાત બરાબર સમજે છે અને સમજી જાય છે કે હાલ આપણો સમય સારો નથી કે અત્યારે આપણી 'કાની' કામ કરે છે ત્યારે કામ ન કરવાં જેવાં નથી કરતા કે કરવાં જેવા તાત્કાલિક કરી નાખે છે. દિવસ બધાના એકસરખા રહેતા નથી. ચઢતી- પડતીના વારા- ઢાળા આવતા જ રહે છે, તેથી સમજુ વ્યક્તિએ 'ધીરજ' ધરવી જોઈએ. વ્યથિત થયા વિના શાંતિ રાખી સ્વસ્થ રહેવું.

## આપની આજ

- કનકચંદ્ર છગનલાલ વ્યાસ

**મેષ : (અ.લ.ઈ.) મનમાં અશાંતિ રહે. ગૃહજીવનમાં ચકમક ઝરે.**
**વૃષભ : (બ.વ.ઉ.) શાંતિ અને ધીરજથી દિવસ પસાર કરો. અપશય ન મળે તેની તકેદારી રાખજો.**
**મિથુન : (ક.છ.ઘ.)મનમાં દુઃખ વ્યથા અનુભવાય. આરોગ્ય અંગે સાવચેતી રાખવી.**
**કર્ક : (ડ.હ.) ધીરજના ફળ મીઠા મળે. પરેશાની, તકલીફમાં વધારો થતો જણાય.**
**સિંહ : (મ.ટ.) મિલન-મુલાકાતમાં સફળતા મળે. લાભની તક સાંપડે.**
**કન્યા : (પ.ઠ.ણ.) મહેનતનું શુભ ફળ મળે. યાત્રા-પ્રવાસમાં લાભ થાય.**
**તુલા : (ર.ત.) ધીરજ રાખવી હિતાવહ. નાણાંકીય લાભ થાય.**
**વૃશ્ચિક :(ન.ય.) વેપાર-વાણિજ્યના કાર્યમાં લાભ થાય.**
**ધન : (ભ.ફ.ધ.)કાર્યબોજ વિશેષ રહે. મનની મુરાદ બર ન આવે.**
**મકર : (ખ.જ.)લાભની તક સાંપડે. આર્થિક પ્રગતિજનક દિવસ વ્યતિત થાય.**
**કુંભ : (ગ.શ.સ.) જીવનસાથીથી વિશેષ સ્નેહ રહે. વ્યર્થ ક્રોધથી દૂર રહેવું.**
**મીન : (દ.ચ.જ.થ.)મનની મનોકામના પૂર્ણ થાય. નવિન સમાચાર મળે.**

## આજનો દિન મહાન

- યશવંત કડીકર

કવિતા અને દીર્ઘ નવલિકાના લેખક 'સ્વપ્નસ્થ' ની જન્મજયંતી છે. એમનું મૂળ નામ તો શ્રી લક્ષ્મીનારાયણ ર.વ્યાસ.

એમનો જન્મ ૧૩-૧૧-૧૯૧૩ ના રોજ રાજકોટમાં થયેલો. એમણે ૧૮વર્ષની નાની વયે સુપ્રસિધ્ધ કવિ કાન્તની પુત્રી ડોલર સાથે તેમના લગ્ન થયા હતા. કવિ શ્રીસ્વપ્નસ્થે તેમના જીવનકાળ દરમિયાન 'અચલા' (લાંબુ પ્રણયકાવ્ય), 'વિનાશના અંશો અને મામા' (બે લાંબા કથાકાવ્યો), 'શોધ' (મોહન શુકલના નામથી લખેલી લાંબીવાર્તા) વગેરે પ્રગટ કરેલ છે.

એમનું તા ૨૩-૧૨-૧૯૭૦ ના રોજ અવસાન થયું.

**તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક - તરૂણ એ. શેઠ**
**માનવમંદિર, ડીસા.** ફોન : ૨૨૦૨૬૪/ ૨૨૨૭૬૪
મુદ્રક : રખેવાળ પ્રિન્ટીંગ પ્રેસ, માનવ મંદિર, ડીસા
અમદાવાદ ઓફીસ :- ૧૦૩, અશ્વમેઘ એવન્યુ, મીઠાખળી ફોન ૨૬૪૦૭૧૪૭,મો.૯૪૨૯૧ ૨૨૧૦૫,
પાલનપુર ઓફીસ:- ૧૧૭, એરોમા આર્કેડ, જીલ્લા પંચાયત સામે, ફોન- ૨૫૩૦૦૪ મો.૯૪૨૬૯૪૮૫૪૬

**'રખેવાળ' દૈનિકમાં પ્રસિદ્ધ થતા તમામ સમાચાર, લેખો અથવા પ્રસિદ્ધ થતી કોઈપણ માહિતી કોઈપણ જાતના પૂર્વગ્રહ અથવા દ્વેષભાવ વગર માત્ર જનજાગૃતિના ઉદ્દેશથી પ્રસિદ્ધ કરવામાં આવે છે. તેમ છતાં પ્રસિદ્ધ થયેલ માહિતી કે સમાચાર માટે કોઈને પણ ફરીયાદ હોય તો તે બાબતે આધાર-પુરાવા સાથે ડીસા કાર્યાલયનો સંપર્ક કરવો વાદવિવાદ, કે કાનુની પ્રક્રિયા માટેનું ન્યાયક્ષેત્ર ડીસા રહેશે.**

ISO 9001 : 2015 CERTIFIED
ઈન્વેસ્ટમેન્ટ પોઈન્ટ
www.Investmentpoint.in
Stock Market Trading Consultancy
નિખિલ ભટ્ટ
Research Analyst - SEBI
+91 99793 80808
hellonikhilbhatt@gmail.com

## નિફ્ટી બેઈઝડ સ્ટોકમાં ઉછાળે નફારૂપી વેચવાલી...!!

**તા. ૧૭.૧૧.૨૦૧૭ ના રોજ સ્ટોક માર્કેટ ટ્રેડીગ સંદર્ભે...**

**તા. ૧૬.૧૧.૨૦૧૭ ના રોજ નિફ્ટી ફ્યુચર બંધ ભાવ જ ૧૦૨૬૪ પોઈન્ટ :- આગામી સંભવિત નિફ્ટી ફ્યુચર ૧૦૩૦૩ પોઈન્ટના પ્રથમ અને ૧૦૩૩૦ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડીગ સંદર્ભે ૧૦૨૨૭ પોઈન્ટ થી ૧૦૨૦૨ પોઈન્ટ, ૧૦૧૯૦ પોઈન્ટ ની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. ૧૦૩૩૦ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી...!!**

**તા. ૧૬.૧૧.૨૦૧૭ ના રોજ બેન્ક નિફ્ટી ફ્યુચર બંધ ભાવ જ ૨૫૫૫૦ પોઈન્ટ :- આગામી સંભવિત બેન્ક નિફ્ટી ફ્યુચર ૨૫૬૬૦ પોઈન્ટના પ્રથમ અને ૨૫૭૦૭ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડીગ સંદર્ભે ૨૫૪૩૦ પોઈન્ટ થી ૨૫૩૯૦ પોઈન્ટ, ૨૫૩૦૩ પોઈન્ટ ની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. ૨૫૭૦૭ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી...!!**

## હવે જોઈએ અંગત અભિપ્રાયરૂપી ફ્યુચર સ્ટોક...

**HDFC લિમિટેડ (૧૬૭૮) :- HDFC ગ્રુપની અગ્રણી આ કંપનીના શેરનો ભાવ હાલમાં રૂ.૧૬૬૦ આસપાસ પ્રવર્તી રહ્યો છે. રૂ.૧૬૪૭ સ્ટોપલોસથી ખરીદવાલાયક આ સ્ટોક ટૂંકા સમયગાળે રૂ.૧૬૮૭ થી રૂ.૧૬૯૩ નો ભાવ નોંધાવે તેવી શક્યતા છે....!! રૂ.૧૭૦૦ ઉપર તેજી તરફી ધ્યાન...!!!**

**મહિન્દ્રા - મહિન્દ્રા (૧૪૧૯) :- ટેકનીકલ ચાર્ટ મુજબ રૂ.૧૪૦૩ આસપાસ પોઝીટીવ બ્રેકઆઉટ..!!! રૂ.૧૩૯૦ ના સપોર્ટથી ખરીદવાલાયક આ સ્ટોક રૂ.૧૪૩૩ થી રૂ.૧૪૪૦ નો ભાવ નોંધાવે તેવી સંભાવના છે...!!**

**ઈન્ફોસિસ (૯૯૧) :- રૂ.૯૭૩ પ્રથમ તેમજ રૂ.૯૬૪ ના બીજા સપોર્ટથી ટેક્નોલોજી સેક્ટરનો રોકાણલક્ષી રોકાણલક્ષી આ સ્ટોક રૂ.૧૦૦૪ થી રૂ.૧૦૧૩ સુધીની તેજી તરફી રુખ નોધાવશે....!!**

**તાતા મોટર્સ (૪૧૬) :- ઓટો સેક્ટરના આ સ્ટોક ટૂંકા ગાળે ટ્રેડીગલક્ષી રૂ.૪૨૯ થી રૂ.૪૩૪ ના ભાવની સંભાવના ધરાવે છે.!! રૂ.૩૯૬ નો સ્ટોપલોસ ધ્યાને લેવો........!!**

**JSW સ્ટીલ (૨૬૦) :- રૂ.૦૧ ની ફેસવેલ્યુ ધરાવતા ફન્ડામેન્ટલ સ્ટ્રોંગ આ સ્ટોક રૂ.૨૪૭ ના સ્ટોપલોસ આસપાસ રોકાણલક્ષી ખરીદવાલાયક ..!! સ્ટીલ સેક્ટરના આ સ્ટોકમાં તેજી તરફી રૂ.૨૭૨ થી રૂ.૨૮૦ આસપાસ નફાલક્ષી ધ્યાન ઉત્તમ......!!**

**ACC લિમિટેડ (૧૭૯૫) :- ટેકનીકલ ચાર્ટ મુજબ સિમેન્ટ સેક્ટરનો આ સ્ટોક રૂ.૧૮૧૨ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૧૭૮૩ થી રૂ.૧૭૭૦ ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીગલક્ષી રૂ.૧૮૨૩ સ્ટોપલોસ ધ્યાને લેવો....!!**

**સેન્ચુરી ટેક્ષટાઇલ (૧૩૦૨) :- રૂ.૧૩૧૭ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૧૩૨૩ ના સ્ટોપલોસે વેચવાલાયક....!! તબક્કાવાર રૂ.૧૨૮૭ થી રૂ.૧૨૭૭ નો ભાવ દર્શાવિ તેવી સંભાવના છે....!! રૂ.૧૩૩૦ ઉપર તેજી તરફી ધ્યાને લેશો...!!**

**એશિયન પેઈન્ટ્સ (૧૧૮૦) :- પેઈન્ટ્સ સેકટરનો આ સ્ટોક છેતરામણા ઉછાળે રૂ.૧૧૯૭ ના સ્ટોપલોસથી વેચાણ લાયક ...!! પ્રત્યાઘાતી ઘટાડે રૂ.૧૧૬૭ થી રૂ.૧૧૫૫ ના ભાવની આસપાસ નફો બુક કરવો....!!**

**કોટક બેન્ક (૧૦૧૯) :- ટેકનીકલ ચાર્ટ મુજબ બેન્ક સેક્ટરનો આ સ્ટોક રૂ.૧૦૩૪ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૧૦૦૩ થી રૂ.૯૯૪ ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીગલક્ષી રૂ.૧૦૪૦ સ્ટોપલોસ ધ્યાને લેવો......!!**

**ડિવિસ લેબ (૧૦૧૦) :- રૂ.૧૦૨૩ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૧૦૩૦ ના સ્ટોપલોસે વેચવાલાયક....!! તબક્કાવાર રૂ.૯૯૬ થી રૂ.૯૯૦ નો ભાવ દર્શાવિ તેવી સંભાવના છે....!! રૂ.૧૦૪૪ ઉપર તેજી તરફી ધ્યાને લેશો...!!**

ખાસ નોંધ : - ડિસ્કલેમર / પોલીસી / શરતો WWW.INVESTMENTPOINT.IN ને આધીન...!!
તબક્કાવાર નફો બુક કરે એ શાણો રોકાણકાર...!!

# સરયુનગર (જુનાડીસા) ખાતે બ્રહ્મલીન મહાત્માની ૧૬ મી સ્વર્ગારોહણ તિથિ ઉજવાશે

જુનાડીસા

ડીસા - રાજપુર - જૂનાડીસા રોડ ઉપર, રેલ્વેના પુલ પાસે આવેલ શ્રધ્ધા - સેવાનું અનોખુ પાવનધામ એટલે સંકટમોચન વિજય હનુમાન મંદીર અને પરમહંસ આશ્રમ કે જ્યાં પરમ રામ ઉપાસક, ભજનમાં મસ્ત એવા પરમહંસ કોટીના સિધ્ધ મહાત્મ બ્રહ્મલીન પૂ.૧૦૦૮ સરયૂશરણ મહારાજન તપોભૂમિ અતીતમાં ડોકીયુ કરીએ તો વર્ષો અગાઉ માત્ર અને માત્ર બંજરભૂમિ - વિરાન વિસ્તારમાં ઈશ્વરના આરાધક ઓલિયા સમાન એક સ્ધ્ધિ સંત કે જે સરયુનદીના તટેથી આવીને ભજનની ધૂણી ધખાવી. સાદુ જીવન સતત યોગ - સાધના અને ઈશ્વર સ્મરણ સાદુ ભોજન રોટલી - મગ અને આગવી અદાથી ભક્તોને સદ્દમાર્ગે વાળવાની ચુંબકીય તાકાત, શૈર્ય ભરી વાણી થકી મૃદુ સંદેશ - આવુ દિવ્યજીવન વ્યતીત કરી, અન્નત્યાગ કરી સતત - ૫૭ દિવસના ઉપવાસ બાદ જીવનલીલા સંકેલી પરમધામ સંચરેલા પૂ.સરયુશરણની સ્વર્ગારોહણ તિથિ એટલે કારતક - વદ અમાવસ્યા અને તારીખ ૧૪/૧૨/૨૦૦૧ સદ્દગુરૂ પૂ.સરયુશરણજી મહારાજના અનેકાનેક શિષ્યો પ્રતિવર્ષ સ્વર્ગારોહણ તિથિની ઉજવણી કરે છે. જેમાં સાધુ - સંતોને પણ નિમંત્રી ભોજન - દક્ષિણાની સેવા કરવામાં આવે છે. આશ્રમના



નિષ્ઠાવાન સેવક, ધર્મપ્રિય શ્રધ્ધાવાન સીનીયર સીટીઝન રમેશભાઈ મહેતા એક નિવેદનમાં જણાવે છે કે, નિર્મળ હૃમધ્ના અને સરળ સ્વભાવના સંત અનેક શિષ્યોને શીખ આપતા ત્યારે ટૂંકુ, સચોટ અને હૃદયસ્પર્શી પ્રવચનમાં ધારદાર રીતે સમજાવતા - મનુષ્ય જીવન કેવલ ઈશ્વરપ્રાપ્તિ કે લીએ હોતા હૈ, આહાર ભય, મૈથુન, નિંદ્રા યે સબ માનવ ઔર પશુમેં સમાન હોતા હે, કભી કબાર પશુભી હમશે જ્યાદા સંયમિત હોતે હૈ તો હમે ઈશ્વરને જ્ઞાન દિયા, બુધ્ધિ દી ઔર વાચા દી ફીર ભી પ્રભુ કે નામકા સુમિરન નહિ કીયા તો જીંદગી યુંહી ફોગટ બિવાદી સમજલો. કમસે કમ પાપસે દૂર રહો, તો તો ભી પુણ્ય હૈ આરૈદ દુષ્કર્મોસે દૂશ રહો, તોભી સદકાર્ય હૈ, પરમાત્મા કે કિસીભી નામકા બહુત સુમીરના કરો. સબ કામ ચકાચક બનતા હૈ સરયૂનગર આશ્રમમાં વર્તમાન મહંત ત્યાગી મહારાજ ઉર્ફે ફલાહારી મહારાજ પૂજા - અર્ચના અને આશ્રમના સંચાલનમાં દશકાથી કાર્યરત છે. જેમના શિષ્યો પણ સહયોગી થાય છે.

આકાશવૃત્તિ ઉપર નભતા આશ્રમમાં અનેકાનેક ધર્મ મહોત્સવ ઉજવાતા રહે છે પરંતુ દેવકૃપાણી લક્ષ્મી ભક્તોની શ્રધ્ધા ભક્તિ અને ભાવનાથી સતત વહેતી રહે છે. તપના પ્રભાવનું આપરીણામ છે. અમા વાસ્યાના રોજ પૂણ્યત્તિથિ ઉજવાશે.

# વડગામમાં પાસ કઢાવવા વિદ્યાર્થીઓની લાંબી કતારો

પુષ્કર ગોસ્વામી



તાલુકા મથક વડગામના એસ.ટી.ડેપોમાં ઈન્ટરનેટ સર્વરમાં ખામી સર્જાતા વિદ્યાર્થીઓના પાસ કાઢવાની મુશ્કેલી પડી રહી હોવાનું વિદ્યાર્થીઓએ જણાવ્યું હતું. પાસ કાઢવા એક જ કાઉન્ટર હોઈ મોડે સુધી વિદ્યાર્થીઓને લાંબી કતારમાં ઉભા રહેવું પડ્યું હતું. જેથી વડગામની ઈન્ટરનેટ સેવા સરળ કરવા માંગ કરાઈ છે.

# મુમુક્ષુ રત્ન ધ્રુવિલની દિક્ષા પ્રસંગે મીઠી પાલડીમાં વર્ષીદાન યાત્રા યોજાશે

પ્રતિનિધિ મીઠી પાલડી

દિયોદર તાલુકાના મીઠી- પાલડી ગામે આગામી માગસર સુદ-૭ ને તા. ૨૬/૧૧/૨૦૧૭ ના રોજ મુમુક્ષુ ધ્રુવિલ હસમુખલાલ દોશીની પ્રવજ્યા નિમિત્તે માદરે વતન ખાતે વર્ષીદાન યાત્રા (વરઘોડો) યોજાનાર છે.



મીઠી- પાલડી નગર આમ તો દિક્ષાની ખાણ તરીકે ઓળખાય છે. આ નગરમાં આજ દિવસ સુધી ૬૦ જેટલા રત્નો સંયમ માર્ગે પ્રયાણ કરી ચુક્યા છે. તેમજ વારંવાર યોજાતા ધાર્મિક અનુષ્ઠાનો, આરાધના, ગુરૂભગવંતો, આચાર્યોના પાવન પગલાં, ચાતુર્માસો, છરીપાલિત યાત્રા સંઘો, પ્રતિષ્ઠા, ઉપધાન તપ, વગેરે આદિ પ્રસંગોને લઈને ધર્મમય બનેલ આ ગામમાં હજુ પણ કેટલાયે મુમુક્ષુઓ સંયમ પંથે સંચરવા થનગની રહ્યા છે.

ઉપરોક્ત પ્રસંગને અનુલક્ષીને દોશી અમૃતલાલ છોટાલાલના કુળમાં દોશી હસમુખભાઈના સુપુત્ર મુમુક્ષુ ધ્રુવિલ જેઓ નાની વયમાં જ આ સંસારને અલવિદા કરી સંયમ માર્ગે સંચરવા કટિબધ્ધ બન્યા છે. જયારે આ પ્રસંગે મુમુક્ષુની સંયમની વર્ષીદાન યાત્રા (વરઘોડો) માદરે વતન મીઠી- પાલડીમાં એક દિવસીય મહોત્સવ સહિત પૂજન, વરસીદાન યાત્રા, મહેંદી રસમ, વાંદોળી, રાત્રિભાવના, બહુમાન, સન્માન આદિ.. સંઘ જમણ વગેરે... કાર્યક્રમ માગસર સુદ-૭ (સાતમ) ૨૬/૧૧/૨૦૧૭ ના રોજ યોજાશે.

અત્રે ઉલ્લેખનીય છે કે મુમુક્ષુની પ્રવજ્યા (દીક્ષા) સુરત નગરે વેસુ ખાતે પ.પૂ. આ.ભ.શ્રી વિજય જગત ચંદ્રસૂરીશ્વરજી મ.સા. (ડહેલાવાળા) ની શુભ નિશ્રામાં માગસર સુદ-એકમ (૧) ને તા. ૪/૧૨/૨૦૧૭ ના રોજ યોજાનાર છે.

સદભાવના ગ્રુપ દ્વારા સોશિયલ મીડિયાના સદુપયોગ થકી યોજાયો બ્લડ ડોનેશન કેમ્પ

# સોશિયલ મીડિયાનો રચનાત્મક ઉપયોગ થકી ૫૨ બોટલ રક્તદાન



સંજય જોષી

પાલનપુર

વર્તમાન યુગ સોશિયલ મીડિયાનો છે. ત્યારે સોશિયલ મીડિયાના દુરુપયોગની બૂમરાણ મચી છે. તેવા સંજોગોમાં સોશિયલ મીડિયાના સદુપયોગનો દાખલો બેસાડતા પાલનપુરના સદભાવના ગ્રુપે બ્લડ ડોનેશન કેમ્પ યોજી ૫૨ બોટલ રક્ત એકત્ર કર્યું હતું.

પાલનપુર સિવિલ હોસ્પીટલમાં આવેલ બ્લડ- બેંકમાં રક્તદાતાના અભાવના કારણે ગરીબ દર્દીઓ માટે ખાસ કરીને મુશ્કેલી વેઠવી પડે છે.એમાં પણ થેલેસીમિયાના બાળકો,ઈમરજન્સી ઓપરેશન અને મહિલાના ડીલેવરી પ્રસંગે સિવિલ હોસ્પીટલની બ્લડ- બેંકમાં બ્લડ ના હોવાના કારણે દર્દીઓ સહિત તેમના પરિવારજનોને ભારે હેરાનગતિનો સામનો કરવો પડતો હતો. ત્યારે સિવિલ હોસ્પીટલની બ્લડ-બેંકને યોગ્ય રીતે કાર્યરત કરવા માટે સદભાવના ગ્રુપના યુવાનોએ બીડું ઝડપ્યું છે.

હાલમાં સોશિયલ મીડિયાનો યુગ છે. ત્યારે મોટાભાગે દરેક યુવાનો વોટ્સપ, ફેસબુક,ઈનસ્ટા ગ્રામ જેવી એપ્લીકેશનનો ઉપયોગ કરતા હોય છે. ત્યારે સોશીયલ મીડિયાના સદુપયોગ ઉપયોગ કરતા સેવાકીય પ્રવુતિઓ સાથે સાથે ઈનોવેટિવ આઈડિયા સાથે સતત રચનાત્મક પ્રવુતિઓમાં રત સદભાવના ગ્રુપના ચેરમેન હરેશ ચૌધરીએ પાલનપુર સિવિલ હોસ્પીટલની બ્લડ-બેંકમાં બ્લડ ડોનેશનનો કેમ્પ યોજવાની પોષ્ટ

અનુસંધાન પાના નં.૬

# આખોલ ખાતે કોંગ્રેસ અગ્રણીનું સન્માન



ડીસા તાલુકાના મોટી આખોલ ગામે પુર અસરગ્રસ્ત ખેડૂતો, વેપારીઓ, પશુ પાલકો, ખેતમજૂરોને ન્યાય અપાવવા માટેની લડત લડી રહેલા બહાદુરસિંહ ડી.વાઘેલાનું રામાપીર મંદિર ખાતે સન્માન કરવામાં આવ્યું હતું અને એક અવાજે આવનારી વિધાનસભાની ચૂંટણીમાં ઝંપલાવવા અનુરોધ કર્યો હતો.

# પ્રથમ તબક્કા માટે ૨૫ ઉમેદવારની ઉમેદવારી

અમદાવાદ

રાજ્ય વિધાનસભાની સામાન્ય ચૂંટણી માટે આગામી માસમાં બે તબકકામાં મતદાન યોજાવા જઈ રહ્યુ છે આ અગાઉ પહેલા તબકકામાં યોજાનારા ૮૯ બેઠકો માટેના ચૂંટણીજંગમાં અત્યાર સુધીમાં કુલ ૨૫ જેટલા ઉમેદવારીપત્રો ભરવામા આવ્યા છે.આ અંગેની વિગત એવી છે કે,રાજય વિધાનસભાની સામાન્ય ચૂંટણી માટે પહેલા તબકકામા ૧૯ જિલ્લામાં આવતી ૮૯ બેઠકો માટે ૯ ડીસેમ્બરના રોજ મતદાન પ્રક્રીયા હાથ ધરવામાં આવનાર છે.આ અગાઉ ૧૪ ડીસેમ્બરથી ઉમેદવારી પત્ર ભરવાની કાર્યવાહી રાજય ચૂંટણી પંચ દ્વારા શરૂ કરવામા આવી છે.જેમાં આજે કુલ મળીને ૧૬ જેટલા ઉમેદવારોએ તેમના ઉમેદવારીપત્ર ભર્યા છે.જેમાં સુરેન્દ્રનગરમાં બે,મોરબીમાં બે,રાજકોટમાં બે,દેવભૂમિ દ્વારકામાં બે,પોરબંદરમાં એક,જુનાગઢમાં એક,ગીર સોમનાથમાં એક,ભાવનગરમાં બે,સુરતમાં બે અને નવસારીમાં એક ઉમેદવારે ઉમેદવારીપત્ર ભર્યા છે.

# ઉમેદવારોની જાહેરાતમાં વિકાસ વમળે ચઢ્યો અને નવસર્જનવાળા વિસર્જનના આરે : પાર્થેશ પટેલ

**ઉમેદવારી પત્રો ભરવાની શરૂઆત થયાને ૮૯ કલાક વીતી ગયા છતાં ભાજપ-કોંગ્રેસ દ્વારા ૮૯ ની યાદી જાહેર કરવામાં ઠાગાઠૈયા કેમ?**

ગાંધીનગર

જનવિકલ્પ પાર્ટીના પ્રવક્તા પાર્થેશ પટેલે જણાવ્યું કે ગુજરાત વિધાનસભાની ૧૮૨ બેઠકોમાંથી પ્રથમ તબક્કાની ૮૯ બેઠકો માટે ઉમેદવારી પત્રો ભરવાની શરૂઆત થઇ ગઈ છે. ૩-૩ દિવસ થયા. છતાં હજુ ભાજપ કે કોંગ્રેસ દ્વારા હજુ સુધી પોતાના ઉમેદવારો જાહેર કરાયા નથી. તેનું મુખ્ય કારણ એ છે કે કોંગ્રેસ અને ભાજપ બંને જનવિકલ્પને મળેલા પ્રચંડ પ્રતિસાદને કારણે ગભરાઈને વહેલી યાદી જાહેર કરવામાં હિચકિચાટ અનુભવી રહ્યા છે. જનવિકલ્પ પાર્ટીના પ્રણેતા અને રાજપા સરકારના મુખ્ય મંત્રી શંકરસિંહ વાઘેલાના ઉમેદવારોની રાહ જોઈ રહ્યા છે. ભાજપે ૨૨ વર્ષ ગુજરાતનો વિકાસ કર્યો અને ૧૫૦ બેઠકો મળવાના બણગા ફૂંકે છે તો ઉમેદવારો જાહેર કરવામાં ઢીલ કેમ કરે છે? નવસર્જન ગુજરાતની વાતો કરનાર કોંગ્રેસ પોતાના ઉમેદવારો જાહેર કરવામાં ઠાગાઠૈયા કેમ કરે છે? વાસ્તવિકતા એ છે કે શંકરસિંહ વાઘેલા બાપુને પ્રજામાં મળી રહેલા જબરજસ્ત આવકાર, ગુજરાતના રાજકીય નેતા ઓમાં સૌથી વધુ લોકપ્રિય તરીકે પ્રસ્થાપિત થવું અને ગોળ ગોળને બદલે પ્રજાહિતની સીધી વાત કહેનાર અને જે કહે તે કરે જ એવા રૂઢ મનોબળવાળા વાઘેલાબાપુ પોતાના મજબૂત ઉમેદવારો જાહેર કરી તેની રાહ જોઈ રહ્યા છે.

# કાંકરેજ તાલુકા કોંગ્રેસ સમિતિ અનુજાતિ - લીગલ સેલના ચેરમેન - પ્રમુખપદે નિમણૂંક કરાઈ

તા.પ્રતિ. થરા

ગુજરાત કોંગ્રેસ સંગઠનને મજબુત કરવાના ઉદેશથી પ્રદેશ અનુ.જાતિ સેલના ચેરમેન નૌષદભાઈ સોલંકી, બનાસકાંઠા જિલ્લા કોંગ્રેસ પ્રમુખ જાકીરભાઈ ચૌહાણ, જીલ્લા અનુ.જાતિ સેલના ચેરમેન પ્રવિણકુમાર એ.પરમાર, કાંકરેજ ધારાસભ્ય ધારશીભાઈ ખાનપુરા, કાંકરેજ તાલુકા કોંગ્રેસ પ્રમુખ દિનેશભાઈ ઠક્કર, થરા પાલિકા પ્રમુખ વિનોદજી ઠાકોરની ભલામણથી કાંકરેજ તાલુકા અનુ.જાતિ સેલના ચેરમેન પદે તથા લીગલ સેલના પ્રમુખ પદે થરા નગરના વતની - શિહોરી કોર્ટના યુવા વકીલ મુકેશકુમાર એમ. બુકોલીયાની વરણી કરતાં



કોંગ્રેસ કાર્યકરોમાં ઉત્સાહનો માહોલ જોવા મળ્યો હતો. થરા શહેર કોંગ્રેસ સમિતિના પ્રમુખ અલ્પેશભાઈ શેઠ, ઉપપ્રમુખ જોગાજી વી.ઠાકોર, મહામંત્રી બળવંતજી અનુપજી ઠાકોર (થરા શહેર), પાલિકા કોર્પોરેટર, રાકેશભાઈ ધાણધારા, ત્રિકમભાઈ મકવાણા કાંકરેજ યુથ કોંગ્રેસ પ્રમુખ ભરતજી લેબુજી ઠાકોર તાલુકા મહામંત્રી પુરણસિંહ જે. વાઘેલા, ગણપતભાઈ પી. પુરોહિત, મંત્રી ઈકબાલભાઈ મેમણ, કાંકરેજ તાલુકા કોંગ્રેસ મહીલા સેલ પ્રમુખ નીતાબેન દશરથજી ઠાકોર પાલિકા કોર્પો ભાવનાબેન વિપુલભાઈ પ્રજાપતિ તથા તમામ હોદ્દેદારો આગેવાનોએ આ નિમણૂંકને આવકારી છે.

ઈ.વી. એમ. મશીનની તાલીમ સાથે

# વડગામ વિધાનસભાના ઝોનલ અધિકારીઓ તથા માઈક્રો ઓબ્જર્વરની બેઠક યોજાઈ

પુષ્કર ગોસ્વામી



તા.પ્રતિનિધિ વડગામ

ગઈકાલ તા. ૧૬/૧૧/૨૦૧૭ ગુરૂવારે મામલતદાર કચેરી વડગામ ખાતે ૧૧ વિધાનસભા ચૂંટણી અધિકારી બઢીયા, મામલતદાર આર.એમ. ચાવડાની અધ્યક્ષતામાં ૩૫ ઝોનલ ઓફિસરો, ૪૨ માઈક્રો ઓબ્જર્વર ની અગત્યની બેઠક યોજાઈ હતી. તેવું ચૂંટણી ના. મામલતદાર જી.બી. પંચાલે જણાવ્યું હતું. જિલ્લા- તાલુકાના માસ્ટર ટ્રેનર તથા ઈવીએમ મશીનના કોન્ટ્રાક્ટર ડેલ કંપની બેંગ્લોરના પ્રતિનિધિઓએ મતદાન અને ચૂંટણી પ્રક્રિયાની જીણવટભરી વિગતોની આપી હતી.

# લાખણી ખાતે જવાહર નવોદયનું પ્રવેશ કેન્દ્ર શરૂ કરાતા વાલીઓમાં ખુશી

## તંત્રએ તાલુકા મથક ખાતે પ્રવેશ કેન્દ્ર ફાળવ્યું

પ્રતિનિધિ લાખણી

લાખણી તાલુકામાં ધોરણ- ૫ ના વિદ્યાર્થીઓને કેન્દ્ર સરકારની મફત શિક્ષણ માટેની જવાહર નવોદયની પરીક્ષાના ફોર્મ ભરાવવાનુ તાલુકાનું એકમાત્ર ઓનલાઇન સેન્ટર તાલુકાના અંતરિયાળ વિસ્તાર ના વજેગઢમાં આપ વામાં આવ્યું હતું.પરંતુ તે ઓનલાઇન ફોર્મ તાલુકા ના અન્ય અંતરિયાળ ગામ ઝાલોઢા માં ભરાતાં હોવાથી અને આ બંને ગામોમાં જવા માટે વાહન વ્યવહારનો અભાવ હોવાથી વાલીઓમાં ભારે રોષ જોવા મળ્યો હતો. જે બાબતને ધ્યાને લઇ તંત્ર દ્વારા લાખણી ખાતે ઓનલાઇન સેન્ટર શરૂ કરાતા વાલીઓમાં ખુશી પ્રસરી જવા પામી હતી. કેન્દ્ર સરકારની વિદ્યાર્થીઓને મફત શિક્ષણ મળી રહે તે હેતુથી લેવામાં આવતી જવાહર નવોદયની પરીક્ષાનું ફોર્મ તંત્ર દ્વારા આ વખતે ઓનલાઈન કરવાનું ચાલુ કર્યું હતું. તેમાં પણ લાખણી તાલુકાના એક માત્ર ઓનલાઇન ફોર્મ કેન્દ્ર અંતરિયાળ ગામ વજેગઢમાં આપવામાં આવતાં અને તે સેન્ટરનો પાસવર્ડ અને પિન તાલુકા ના બીજા ગામ ઝાલોઢા ખાતે અપાતા વાલીઓ અને વિદ્યાર્થીઓ અટવાયા હતા અને ૫૩ ગામોના વિદ્યાર્થીઓ ફોર્મ ભરવાથી વંચિત રહી જવાની દહેશત ફેલાઇ હતી.જે તંત્ર દ્વારા લાખણી ખાતે જવાહર નવોદયની પરીક્ષા ના ફોર્મ નુ ઓનલાઇન સેન્ટર ચાલુ કરવામાં આવતા વાલીઓમાં ખુશી ફેલાઇ હતી.

# તંત્રી સ્થાનેથી ...

**લોભનો નાશ કરો, ક્ષમા કરો, અભિમાન ત્યજો, પાપ ન કરો, સત્ય બોલો...**

## સ્વચ્છતાના અભાવે દેશમાં બિમારીઓનું પ્રમાણ વધ્યું

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશભરમાં સ્વચ્છ અભિયાનનો નારો ચલાવ્યો, અને સાથે સાથે ગ્રામ્ય વિસ્તારોમાં પાકા ટોયલેટ બનાવવા જણાવ્યું છતાં હજી કેટલાક ગામડાઓમાં સરકારી ગ્રાન્ટથી જે ટોયલેટ બનાવવામાં આવી રહ્યા છે. તેમાં મોટાભાગે ગેરરીતિ ચલાવવામાં આવતા ટોયલેટ લાંબો સમય ચાલે તેમ નથી. સ્વચ્છ ભારતની સાથે સાથે બાળ અને શિશુ કુપોષણ ભારતમાં જોખમનું સૌથી મોટું પરિબળ રહ્યું છે. જે ભારતમાં ૨૦૧૬ માં બિમારીના કુલ બોજના ૧૫ ટકા જેટલું કહેવાય છે.

સ્વચ્છ ભારત અભિયાનને ઝડપથી હાથ ધરવા શહેરોની સાથે સાથે ગામડાઓમાં હજુ કમર કસવી અતિ મહત્વની બની રહેશે. ગ્રામ પંચાયતો દ્વારા ગામમાં ક્યાં કેટલા ટકા સ્વચ્છતા અભિયાન ચલાવાય છે. તે બાબતે સરકારે સમીક્ષા કરવી જોઈએ જો સ્વચ્છતા અભિયાન સરકારના સિધ્ધાંતો મુજબ ચલાવવું જોઈએ.

આજે દેશમાં અશુધ્ધ પાણી અને સફાઈના કારણે વ્યકતિદીઠ બિમારીનો બોજ વધ્યો છે. ૧૯૧૬ માં ચીનની સરખમણીએ ભારતમાં ૪૦ ટકા વધારે છે. મુળ મુદ્દે પાલિકા કે ગ્રામ પંચાયતના સરપંચની નિષ્ક્રિયતાનું આ પરિણામ છે. જો કે હવામાં પ્રદુષણનો ફેલાવો વધતો જાય છે . તેવી ભારતમાં પ્રદુષણની સમસ્યા વધતી જાય છે. ખાસ કરીને દિલ્હીવાસીઓ ભારે મુંઝવણ અનુભવી રહ્યા છે. જેના કારણે હૃદયની બિમારી, શ્વાસ લેવાની તકલીફ વધતી ગઈ છે. નાના દવાખાના અને હોસ્પિટલમાં શ્વાસના દર્દીઓની સંખ્યામાં ઉત્તરોત્તર વધારો જોવા મળે છે અને જો કાળજી વધવામાં નહિં આવે તો અન્ય રોગો થવાની પણ સંભાવનાને નકારી શકાય તેમ નથી.

૧૯૯૦ થી ૨૦૧૬ સુધી દેશના તમામ રાજ્યમાં બિમારી તેમજ જોખમના પરિબળોને ધ્યાનમાં રાખીને કરાયેલા સર્વગ્રાહી અભ્યાસમાં આ તારણ જોવા મળેલ છે. આ અંગે ઉપ- રાષ્ટ્રપતિ વૈંકેયા નાયડુએ રાજ્ય સ્તરના બિમારીના બોજ અંગેના અભ્યાસના આંકડા તાજેતરમાં રાજધાની ખાતે જારી કર્યા હતા.

સરકારે સ્વચ્છતા અભિયાન બાબતે પ્રત્યેક શહેર અને પ્રત્યેક ગામડાઓમાં રિ- સર્વે કરાવવાની જરૂર જણાય છે. જો બિમારીઓથી બચવું હશે તો? જો કે આરોગ્યતંત્રની કેટલીક નિષ્ક્રિયતાના પરિણામે પરિસ્થિતિ વિષમ બની રહેતી હોય છે.

ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડીકલ રિસર્ચ, પબ્લિક હેલ્થ ફાઉન્ડેશન ઓફ ઈન્ડિયા અને ઈન્સ્ટિટ્યુટ ફોર હેલ્થ એટ્રિક્સ એન્ડ ઈવેલ્યુએશન તેમજ આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયના સહયોગથી રાજધાનીમાં અભ્યાસ હાથ ધરાયો છે. એક રિપોર્ટમાં એવું કહેવાયું છે કે આમ અને શિશુ કુપોષણને કારણે બિમારીનું પ્રમાણ ૧૯૯૦ પછી ભારતમાં ઘટ્યું હતું. જો કે આસામ સહિત કેટલાક રાજ્યો બિમારીનો બોજ સૌથી વધુ છે. આદિવાસી વિસ્તારોમાં અને પહાડી પ્રદેશોમાં વસતા લોકોને બિમારીનો ખ્યાલ આવતો નથી. આરોગ્યતંત્ર દ્વારા આવા વિસ્તારોમાં બિમારીનું કારણ જાણવાના પ્રયાસો થવા જોઈએ. સાથે સાથે સ્વચ્છતા અભિયાન બાબતે પણ ધ્યાન આપવું અત્યંત જરૂરી છે. આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયના પ્રતિનિધિઓએ આસામ જેવા રાજ્યની મુલાકાત લઈ બિમારીઓનું મુળ કારણ જાણવું જોઈએ. આ બાબતે સર્વગ્રાહી અભ્યાસ પણ જરૂરી છે. એક હકીકત છે કે મુળ મુદ્દે કુપોષણને કારણે બિમારીઓનું પ્રમાણ વધે છે. તેમજ અસ્વચ્છ માહોલ હોવાના પરિણામે બિમારીમાં વધારો થાય છે એટલે મૃત્યુદરમાં વધારો થવા સિવાય રહેતો નથી. કુપોષણથી ડાયરિયા અને શ્વાસોશ્વાસના ચેપથી દેશભરમાં બિમારીની સમસ્યા વધી રહેવા પામી છે.

## હિરા ઉત્પાદક સંગઠને ભારતમાં બજારમાં વૃદ્ધિની આશા સાથે કામગીરીની શરૂઆત કરી

ડાયમંડ પ્રોડ્યુસર્સ એસોસીયેશન (ડિપીએ – હિરા ઉત્પાદક સંગઠન) દ્વારા તેમના ભારતીય કામકાજની શરૂઆતની જાહેરાત કરવામાં આવી જેથી ડાયંમડ સેક્ટરને તેની પ્રામાણિકતા અને વર્ચસ્વને પ્રોત્સાહન આપી તથા ડાયમંડ ઈન્ડસ્ટ્રીની સ્થિરતાને વધુ મજબુત બનાવી શકાય. ડિપીએ વિશ્વની સાત સૌથી મોટી ડાયમંડ માઈનીંગ કંપનીઓનું જોડાણ છે, જે એકસાથે મળીને ૭૫% થી વધુ ડાયમંડ ઉત્પાદનનું પ્રતિનિધિત્વ કરે છે. તેના સભ્યો – એએલઆરઓએસએ, ડિ બીયર્સ, ડોમીનીયન ડાયમંડ, જેમ ડાયમન્ડ્સ, લુકારા ડાયમંડ, પેટ્રા ડાયમંડ્સ અને રીયો ટીન્ટો છે જેઓ વૈશ્વિક સ્તરે અગ્રણી માઈનર્સ છે. ભારત, જે વૈશ્વિક ડાયમંડ વપરાશમાં માત્ર ૭% હિસ્સો ધરાવે છે તેમાં ગ્લોબલ કન્ઝ્યુમર મેટ્રીક્સમાં ખુબ વૃદ્ધિ ની તકો છે.ડિપીએ જેમ જ્વેલરી એક્સપોર્ટ પ્રોમોશન કાઉન્સીલ (જીજેઈપીસી) સાથે વ્યાપાર સંબંધો, શ્રેષ્ઠ કામગીરી અને જુદી જુદી બજાર વિકાસની પહેલ દ્વારા મજબુત ગ્રાહક સંબંધ બાંધવા માટે કામ કરી રહી છે. આ રીતનું પહેલું, એ ઈન્ડિયા ડાયમંડ માર્કેટીંગ કેમ્પેઈન જેને વૈશ્વિક છત રીયલ ઈઝ રેર, રીયલ ઈઝ અ ડાયમંડ હેઠળની રજૂઆત છે, જે ડાયમંડ વિશે નવા સંદેશાને પ્રોત્સાહન આપે છે.ભારત એ ડાયમંડનું કુદરતી ઘર છે. આ એ જગ્યા છે જ્યાં તેને પહેલીવાર શોધવામાં આવ્યો હતો અને જ્યાં તેમને કાપી અને પોલીસ કરવામાં આવે છે. એ ખરેખર કુદરતી છે કે ડિપીએ તેમનું ધ્યાન સ્થાનિક ટ્રેડ સાથે કામ કરીને ભારતનું ડાયમંડ બજાર તરીકેનું મહત્વ સમજે.હું ભારતમાં ડાયમંડ પ્રોડ્યુસર્સ એસોસીયેશન ના લક્ષ્યાંક તરફ કામ કરવા પર કેન્દ્રિત છું. અમારો મુખ્ય હેતું ઈન્ડસ્ટ્રી, નોન-ઈન્ડસ્ટ્રી નું ડિપીએ સાથે જોડાણ મજબુત કરવાનો હશે અને ડાયમંડ કેટેગરી તૈયાર કરવા ગ્રાહકો સાથે મજબુત જોડાણ કરવાનો રહેશે.ડિપીએની પહેલ ડાયમંડ સેક્ટરને ભારતમાં વૃદ્ધિ અપાવવામાં ખુબ લાંબી જશે. આ ગ્રાહકના જીવનમાં ડાયમંડ અને તેની મહત્વતા ના જોડાણ માં પણ વધારો કરશે..

### આત્મચિંતન

## આદર્શોની ચર્ચા જ નહીં, તેમને ચરિતાર્થ પણ કરો

વિચારોમાં બધા જ આદર્શવાદી હોય છે. યોગ્ય-અયોગ્યનું જ્ઞાન અથવા પાપ પુણ્યની અનુભૂતિ તો મુર્ખ અને પાપીને પણ થાય છે પરંતુ વ્યવહારીક જીવનમાં આપણે તેને ભુલી જઈએ છીએ. ધર્મને જાણતા હોવા છતાં તે પ્રમાણે આચરણ કરતા નથી અને અધર્મને જાણતા હોવા છતાં તેમાંથી નિવૃત્ત થતા નથી. અર્થાત ધર્મ અને અધર્મને ખબર દરેકને હોય છે. બધા આ વાતો જાણે છે પણ જો આ વાતોની ખાલી ચર્ચા કરતા રહે તો કોઈ વિશેષ હેતુ સિદ્ધ થતો નથી. જે વાત કહેવામાં આવે છે તે જ આચરણમાં હોવી જોઈએ તો જ તેનો હેતુ સિદ્ધ થાય છે. નહીંતર માત્ર સારી સારીવાતો કરવામાં આવે અને ઉપદેશો આપવામાં આવે તો તેની કોઈ જ અસર થતી નથી. તેથી આપણે જે આદર્શોની ચર્ચા કરીએ છીએ અથવા માનીએ છીએ તેને આચરણ દ્વારા ચરિતાર્થ કરીને લોકોમાં એક નમુના રૂપ બનવું જોઈએ ત્યારે જ તેની અસર થાય છે..

**ગાયત્રી શક્તિપીઠ,ડીસા**

**'રખેવાળ' ના આ પાના ઉપર પ્રસિધ્ધ થતી વિગતો અને લેખો જે તે લેખકના વ્યકિતગત મૌલિક વિચારો ઉપર આધારીત હોય છે. તેની સાથે તંત્રી-સંપાદક સહમત નથી. જે તે વિગતો અને લેખોની સંપૂર્ણ જવાબદારી લેખકોની જ રહેશે.**

## ગુગલ દ્વારા આજે અમદાવાદ ખાતેના એપ્પલ-બેરી મોબાઈલ શો માં રૂમ ગુગલ નું અપગ્રેડ વર્ઝન ગુગલ પિક્સલ-૨ લોન્ચ કર્યો


ફોટો : શાંતી શાહ

ગુગલ દ્વારા આજે અમદાવાદ ખાતેના એ૫લ-બેરી મોબાઈલ શો માં રૂમ ગુગલ નું અપગ્રેડ વર્ઝન ગુગલ પિક્સલ-૨ લોન્ચ કર્યો ગુગલ પિક્સલ-૨ ના લોન્ચિગ વખતે દીશાંત ગાંધી પિક્સલ-૨ નિ વિશિષ્ટતાઓ અને સુવિધાઓ જણાવી હતી. ગુગલ પિક્સલ-૨ વિશિષ્ટતાઓ અને સુવિધાઓ:-પિક્સેલ ૨ ૫ ઈંચની સિનેમેટિક ૧૨૭-મીમી ફુલ-એચડી (૧૦૮૦ટ૧૯૨૦) ડિસ્પ્લે દર્શાવે છે, જ્યારે પિક્સેલ ૨ એક્સએલ ૬: ઈંચનો QHD + (૨૮૮૦ ટ ૧૪૪૦) પી-ઓએલેડી ૫૩૮ પીપીઆઈ પર ૧૮: ૯ ગુણોત્તર ધરાવે છે. બંને ડિસ્પ્લે 3D કૉર્નિંગ ગોરીલ્લા ગ્લાસ ૫ સાથે સજ્જ આવે છે. હેન્ડસેટ્સમાંથી પણ ૩.૫ એમએમ હેડફોન જેક નથી, તેથી તમારે ઓર્ડર મુકતા પહેલા તમારે ધ્યાનમાં રાખવું જોઈએ. તે તરત જ સ્પષ્ટ ન હતું કે ભારતમાં કેટલા ગ્રાહકો સ્માર્ટફોનમાંથી કોઈ એક માટે ઓર્ડર મૂકશે. ગુગલ પિક્સલ૨-૪ જીબી રેમ દ્વારા સંચાલિત છે. આ હેન્ડસેટ ૬૪ જીબી અને ૧૨૮ જીબી સ્ટોરેજ વર્ઝનમાં આવે છે. પિક્સલ ૨ પાસે ૨૭૦૦ એમએએચની બેટરી છે.

## ફ્લેવર ટાઈલ્સ વધતી માંગમાં મોટી શરત



ફોટો : શાંતી શાહ

ગાંધીનગર

ભારતની સૌથી ઝડપથી વૃદ્ધિ પામતા ટાઈલ્સ ઉત્પાદક માની એક ફ્લેવર ટાઈલ્સ તેની ઉત્પાદન ક્ષમતાને હાલની ૫ લાખ ચોરસ મીટર/માસ થી વધારીને ૧૦ લાખ ચોરસ મીટર/માસ સુધી કરવા માટે તૈયાર છે.આગામી નાણાકીય વર્ષમાં ૧૦૦ કરોડનો અન્ય એક પ્લાન્ટ સ્થાપશે.આ ક્ષમતા વિસ્તરણથી કંપનીનો આગામી ૨-૩ વર્ષમાં ભારતીય ટાઈલ્સ બજારમાં અગ્રણી બનવાનો ઉદ્દેશ છે. હાલમાં કંપની વર્તમાન નાણાકીય વર્ષમાં રૂ.૩૦૦ કરોડ પ્રાપ્ત કરે છે. “સમગ્ર દેશમાં ગ્રાહકો તરફથી આવતી પ્રતિક્રિયાએ અમને આગામી નાણાકીય વર્ષથી ર્ષ્ફ અને ર્ષ્ફ ટાઈલ્સ માટે ઉત્પાદન ક્ષમતા વધારવા માટે અમને પ્રોત્સાહન પુરુ પાડ્યુ છે. આ સંદર્ભે, અમે આશરે રૂ.૧૦૦ કરોડનું રોકાણ કરવાની યોજનાઓ બનાવી છે, જેમાં બ્રાઉનફિલ્ડ પ્રોજેક્ટ વિસ્તરણ દ્વારા ક્ષમતા વિસ્તરણનો સમાવેશ થશે.”અમારી પ્રોડક્ટ હાઈ મેન્યુફેક્ચરિંગ પ્રક્રિયાનો ઉપયોગ કરીને બનાવવામાં આવે છે. ગુજરાત મુખ્ય મથક, ફ્લેવર ટાઈલ્સે બહુ ટૂંકા ગાળામાં ભારતમાં તેની બ્રાન્ડ ઓળખ સ્થાપી છે, જ્યાં તે તેની હાઈટેક અને ટેકનિકલી બહેતર ગુણવત્તાવાળી ટાઈલ્સ માટે જાણીતું છે.

## કલર્સ લોન્ચ કરે છે એન્ટરટેનમેન્ટ કી રાત – મ્યૂઝિક, મસ્તી અને મસાલાનો તમારો વીકએન્ડ ડોઝ

ફોટો : શાંતી શાહ


'કોમેડી નાઈટસ' ફ્રેન્ચાઈઝીની આશ્ચર્યજનક સફળતા પછી, કલર્સ એન્ટરટેનમેન્ટ કી રાત નામના હજી એક વધુ મોડી સાંજના મનોરંજન હુલ્લડ માટે તૈયાર છે. સ્ટેન્ડ–અપ કોમેડી, મ્યૂઝિકલ રેપ્પિંગ, ડ્રોપ ધ માઈક, સેલિબ્રિટી ચેટ સેગમેન્ટ અને ઘણાં બધાં સહિત તમામ પ્રકારના મનોરંજનોથી છલકાતા સેગમેન્ટસ સાથે શો મનોરંજન વૈવિધ્ય ધરાવનાર સાબિત થશે. એક કલાકના એપિસોડમાં એક કરતાં વધુ સેગમેન્ટસ ધરાવતો શો ભારતીય ટેલિવિઝનના કેટલાંક સર્વાધિક ચહેતા ચહેરાઓની મેળ ખાતી કાસ્ટ લઈને આવે આવે છે. રવિ દૂબે, દીપિકા કકકડ, કરણ વાહી, આશા નેગી અને મુબીન સૌદાગર મિનિ ટેલેન્ટેડ બોમ્બસ– કાવ્યા, કિઆન અને દિવ્યાંશ સાથે દર્શકોને સ્તબ્ધ કરવાનું ચાલુ રાખશે. 'ડ્રોપ ધ માઈક' સેગમેન્ટ સાથે આદિત્ય નારાયણ સેલિબ્રિટીઝને ગાવાનો પડકાર કરશે જયારે આરજે મલિશ્કા, રઘુ રામ અને બલરાજ સિયાલ એક ફન સેગમેન્ટ–ગેસ્ટ સેલિબ્રિટીઝના ઈન્ટરવ્યૂ લેશે. ટેલિવિઝન ઊદ્યોગના એવા ઘણાં બધા જાણિતા ચહેરા આમાં છે જે મનોરંજક પડકારો ઝીલતાં અને મહેમાન હસ્તીઓ સાથે મસ્તી કરતાં દેખાશે. એન્ટરટેનમેન્ટ કી રાત ભારતીય ટેલિવિઝન પર દર્શકોને નિતાંત નવા મનોરંજન પરિમાણો પ્રસ્તુત કરે છે જે ચોકકસપણે મનોરંજન કરનાર, અનોખા અને સુપર મસ્તી હશે.” દર્શકોને જોડેલા રાખવાના વચન સાથે, ચોકકસપણે મનોરંજનનું ચરમ બુફે એવો શો, ૧૮મી નવેમ્બર ૨૦૧૭ના રોજ શરૂ થઈ, દર શનિવાર અને રવિવાર રાત્રે ૧૦ કલાકે દર્શાવવામાં આવશે ફક્ત કલર્સ પર

## ગેલેક્સી સર્ફેક્ટન્ટ્સે આઈપીઓ માટે સેબી સમક્ષ ડીઆરએચપી ફાઈલ કર્યું

ભારત સહિત દુનિયાનાં ૭૦ દેશોમાં સર્ફેક્ટન્ટ્સ તથા પર્સનલ કેર અને હોમ કેર ઉદ્યોગો માટે અન્ય સ્પેશિયાલિટી ઘટકોનીઅગ્રણી ઉત્પાદકોમાં સામેલ ગેલેક્સી સર્ફેક્ટન્ટ્સ લિમિટેડે રોકડ માટે રૂ. ૧૦ની ફેસ વેલ્યુ ધરાવતાં (“ઈક્વિટી શેર”) ૬,૩૩૧,૬૭૪ ઈક્વિટી શેરનાં આઈપીઓ માટે રેગ્યુલેટર સમક્ષ ડ્રાફ્ટ રેડ હેરિંગ પ્રોસ્પેક્ટસ ફાઈલ કરેલ છે, જેમાં શેર પ્રીમિયમ (“ઓફર પ્રાઈસ”) સામેલ છે.ગેલેક્સી સર્ફેક્ટન્ટ્સનાં ઉત્પાદનો ઉપભોક્તા-કેન્દ્રિત પર્સનલ કેર અને હોમ કેર ઉત્પાદનો ધરાવે છે, જેમાં સ્કિન કેર, ઓરલ કેર, હેર કેર, કોસ્મેટિક્સ, ટોઈલેટ્રિઝ અને ડિટરજન્ટ ઉત્પાદનો સામેલ છે. કંપનીનો પ્રોડક્ટ પોર્ટફોલિયો ૨૦૦થી વધારે પ્રોડક્ટ ગ્રેડ ધરાવે છે, જેનું માર્કેટિંગ ૭૦ દેશોમાં ૧,૭૦૦થી વધારે ગ્રાહકોને થાય છે. વર્ષ ૧૯૮૬માં શરૂઆત થયા પછી અત્યાર સુધી કંપનીએ તેમનાં ઉત્પાદનની પ્રોફાઈલમાં નોંધપાત્ર વધારો કર્યો છે અને તેમાંવિવિધતા આવી છે, તેનાં કલાયન્ટનો આધાર વધ્યો છે અને વિવિધ વિસ્તારોમાં તેની પહોંચ વધી છે. તેનાં ગ્રાહકોમાં હોમ અનેપર્સનલ કેર ઉદ્યોગોમાં કેટલીક અગ્રણી બહુરાષ્ટ્રીય, પ્રાદેશિક અને સ્થાનિક કંપનીઓ સામેલ છે.જ્યારે કંપનીએ ભારતમાં એફએમસીજી કંપનીઓનાં સ્થાનિક સપ્લાયર તરીકે તેની કામગીરી શરૂ કરી હતી, ત્યારે આટલાં વર્ષો દરમિયાન કામગીરીમાં નોંધપાત્ર વધારો કર્યો છે અને તેમાં વિવિધતા આણી છે, જેથી તે આફ્રિકા મધ્ય પૂર્વ તુર્કી (એએમઈટી),એશિયા પેસિફિક (એપીએસી), અમેરિકા (ઉત્તર અને દક્ષિણ) અને યુરોપ જેવા વિસ્તારોમાં એફએમસીજી કંપનીઓની વૈશ્વિક સપ્લાયર બની છે. અત્યારે તેનાં વિવિધ ગ્રાહકોમાં બહુરાષ્ટ્રીય, પ્રાદેશિક અને સ્થાનિક એફએમસીજી કંપનીઓ સામેલ છે.

## બબીતા ફોગટે અખાડામાં બઢો બહુને પડકારી!



૧૦૦ કિલોની બહુ એવી બઢોએ કુસ્તીબાજ પતિને ખુશ કરવા માટે ઘણી બધી કસોટીઓમાંથી પાર ઊતરવાનું આવ્યું ત્યારે હવે અખાડામાં પોતાની શક્તિ સિદ્ધ કરવા માટે સઘન તાલીમ સત્ર હેઠળથી તેને પસાર થવું પડી રહ્યું છે. વળી, તેને આ વખતે ૩ વાર કોમ વેલ્થ ચેમ્પિયન બનેલી અત્યંત શક્તિશાળી બબીતા ફોગટ સાથે બાથ ભીડવાની છે. બઢો બહુ શોમાં પોતાના નામથી જ આવી રહેલી બબીતાએ આ સાથે ટેલિવિઝન પર પદાર્પણ કર્યું છે અને ફરી એક વાર પોતાની શક્તિ સિદ્ધ કરવા સુસજ્જ છે. આ પડકાર ઝીલીને બઢોએ પોતાના પતિ લાખા (પ્રિન્સ નરુલા)ની કારકિર્દી દાવ પર લગાવી હોવાથી આ લડત વધુ મહત્ત્વપૂર્ણ બની રહેશે. આ મોટી દંગલનું પરિણામ શું આવશે? જો બઢો હારી જાય તો લાખા અને તેનો સસરો રઘુવીર સિંહ અહલાવતે કાયમ માટે કુસ્તી છોડી દેવી પડશે. બીજી બાજુ બઢો સંપૂર્ણ સમર્પણ સાથે સખત તાલીમ હેઠળથી પસાર થઈ રહી છે. બધા જ બઢોને ટેકો આપી રહ્યા છે ત્યારે કમલા અને પિંકી બઢોના માર્ગમાં અવરોધો લાવવા માટે કોઈ કસર બાકી રાખવા માગતી નથી.જોકે બઢો છેલ્લા શ્વાસ સુધી લડવા માટે તૈયાર છે. આ રસાકસીભરી કુસ્તીની સ્પર્ધા ખરેખર જોવા જેવી હશે.

## વિશ્વના સૌથી વિશાળ સિરામીક ફિનીશ્ડ પ્રોડક્ટસ ના પ્રદર્શનમાં ૬૫ થી વધું દેશોના લોકોએ ભાગ લીધો


ફોટો : શાંતી શાહ

અમદાવાદ

વાઈબ્રન્ટ સિરામીક્સ એક્સપો એન્ડ સમીટ ૨૦૧૭, ૧૬ થી ૧૯ નવેમ્બર,૨૦૧૭ દરમિયાન એક્ઝિબીશન સેન્ટર,ગાંધીનગર ખાતે યોજવામાં આવ્યું છે જેનું ઉદ્ઘાટન આજે બોલીવુડ સેલીબ્રીટી જેકી શ્રોફ,વાઈબ્રન્ટ સિરામિક્સ એકસ્પો એન્ડ સમિટ ના પ્રમુખ, શ્રી નિલેશ જેતપરીયા, શ્રી કે.જી.કુંડારીયા, સીઈઓ શ્રી સંદીપ પટેલ ના હસ્તે કરવામા આવ્યું હતું. આ ઈવેન્ટનું આયોજન મોરબી સિરામીક્સ એસોસિયેશન અને ઓક્ટાગોન કોમ્યુનિકેશન દ્વારા કરવામા આવ્યું છે.આ એક્સપો માં ૭૫ દેશો,ભારત ના ૧૦૦ શહેરો,૨૫૦થી વધું પ્રદર્શનકારીઓ અને ૪૦૦ થી વધું બ્રાંડ એકજ જગ્યાએ જોવા મળી રહી છે.મોરબી ના સિરામિક્સ ઉ/ાગને વિશ્વ ફલક પર મુકવા આજથી શરૂ થયેલા વાઈબ્રન્ટ સિરામિક્સ એક્સપોમાં મોરબી સિરામીક્સ એસોસિયેશન દ્વારા વન કલસ્ટર વન બ્રાન્ડનો નવો કન્સેપ્ટ રજૂ કરવામાં આવ્યો છે અને આવનાર દિવસો માં મોરબીમાં ઉત્પાદન થતી તમામા સિરામીક પ્રોડક્ટ એકજ બ્રાન્ડ થી ઘરઆંગણે અને વિદેશ માં એક્સપોર્ટ થશે.મોરબી ના અલગ અલગ યુનિટમાં ઉત્પાદન થતી સિરામિક પ્રોડક્ટ માટે ચોક્કસ ગુણવત્તા નિયમન નક્કી કરવામાં આવશે અને ખાસ કરીને વિદેશમાં નિકાસ થતી તમામ પ્રોડક્ટમાં એક રૂપતા જળવાઈ રહે તે માટે મોરબી સિરામીક્સ એસોસિયેશન વિશેષ જવાબદારી ઉઠાવશે.મોરબી ના સિરામીક્સ ઉત્પાદનોની અલગજ ઈમેજ વિશ્વ સમક્ષ ઉભી થશે.આ ઈવેન્ટ માં ૨૫૦૦થી વધારે આંતરરાષ્ટ્રીય પ્રતિનિધિઓ આવ્યા છે અને ૭૫ થી વધારે દેશોના લોકોએ ભાગ લીધો છે.આ સિરામિક્સ એક્સ્પો પાછળ નો મુખ્ય હેતું વધું માં વધું ભારતીય સિરામિક્સ વિદેશો માં નિકાસ કરી ને ભારતને સિરામિક્સ ક્ષેત્રે પ્રથમ ક્રમે લઈ જવાનો છે.આ સાથે મોરબી ની મોર થી મેક ઈન ઈન્ડિયા સુધી ની સફર દર્શાવતું માસ્કોટ નું અનાવરણ કરવામાં આવ્યું હતું જેમાં મોર ના પીંછા અને સિંહ નું મોઢા સાથે નું માસ્કોટ બનાવ્વામાં આવ્યું હતું.

## કરણ વાહી અને આશા નેગી કલર્સના 'એન્ટરટેનમેન્ટ કી રાત'માં રમૂજનો વધારાનો ડોઝ ઉમેરે છે



દર્શકો સમક્ષ મ્યૂઝિક, મસ્તી અને મસાલાનો તેઓના વીકએન્ડ ડોઝ લઈ આવતાં – કલર્સનું આવી રહેલ “એન્ટરટેનમેન્ટ કી રાત” એક ફાસ્ટ પેસ્ડ મેશ અપ છે જે મનોરંજનના વિવિધ તત્વોને ભેગાં કરે છે. અન્યો માંહે રવિ દૂબે, દીપિકા કકકડ અને આદિત્ય નારાયણ સહિત, ભારતીય ટેલિવિઝનના કેટલાંક સર્વાધિક ચહેતા ચહેરાઓની મેળ ખાતી કાસ્ટ સાથે શો કરણ વાહી અને આશા નેગીનું પણ નિરૂપણ કરશે જેઓને તાજેતરમાં જ મનોરંજનના આ નજરાણાંમાં હારબંધ પ્રતિભામાં ઉમેરવામાં આવેલ છે. આ ડેવલપમેન્ટ બાબતે બોલતાં, કરણ વાહીએ કહ્યું, “દર્શકોનું મનોરંજન કરવું એ એવું કાંઈક છે જે મારામાં સ્વાભાવિકપણે આવે છે. આટલી પ્રભિાશાળી હસ્તીઓ સાથે મંચ પર આવવું ચોકકસપણે મઝાનું રહેવાનું છે. મારા મતે, “એન્ટરટેનમેન્ટ કી રાત” મારા માટે એક મનોરંજન કરનાર તરીકે મારી પ્રતિભાને દર્શાવવા માટે નો યોગ્ય શો છે”. આશા નેગીએ વધુમાં એમ કહી વર્ણન કર્યું, “પડકારો મારા જીવનનો એકીકૃત ભાગ છે અને નવતરનો સામનો કરવો મને વધુ મજબૂત વ્યક્તિ બનાવે છે. એ સૂચીમાં તાજેતરનો ઉમેરો છે 'એન્ટરટેનમેન્ટ કી રાત' અને મને તે સિદ્ધ કરી લેવાની પણ આશા છે”.

કરણ વાહી ભૂતકાળમાં ઘણાં રિઆલિટી શો હોસ્ટ કરી ચૂકયાં અને એમનો ભાગ પણ રહ્યાં છે, જયારે આશા નેગી પણ કલર્સના ફીઅર ફેકટર : ખતરોં કે ખિલાડીનો હિસ્સો રહી ચૂકેલ છે, પણ પોતાના ભાથામાંની સૂચીમાં કોમેડીને અંકિત કરવા તૈયાર છે. ૧૮મી નવેમ્બરથી શરૂ કરી દર શનિવાર અને રવિવાર રાત્રે ૧૦ કલાકે આ એન્ટરટેનમેન્ટ ફિએસ્ટાને ઝડપી પાડો ફક્ત કલર્સ પર.

## ડૉ. હેમંત પટેલ ઈન્ડિયન રેડીઓલોજીકલ એન્ડ ઈમેજિંગ એસોસિએશનના પ્રમુખ તરીકે વિજેતા બન્યા


ફોટો : શાંતી શાહ

વર્ષ ૨૦૧૮ માટે ઈન્ડિયન રેડીઓલોજીકલ એન્ડ ઈમેજિંગ એસોસિએશનની ચૂંટણીના પરિણામો જાહેર કરવામાં આવ્યા છે અને ડો. હેમંત પટેલ પ્રમુખ તરીકે વિજેતા બન્યા છે. આ સાથે, આઈઆર આઈએના ઈતિહાસમાં એક રેકોર્ડ-બ્રેક વિજય પણ છે. આ જીત સાથે, આઈઆરઆઈએને ૨ થી વધુ દાયકાઓ પછી ગુજરાતી પ્રમુખ મળ્યા છે. અમદાવાદ શહેર અને ગુજરાત રાજ્ય માટે આ ગૌરવની બાબત છે. આનાથી ગુજરાત અને ભારતના ઘણા યુવાન રેડીયોલોજીસ્ટને સમગ્ર વિશ્વમાં નવા સંશોધન, વિદેશી ફેલોશીપ અને વિનિમય કાર્યક્રમો માટે પ્રોત્સાહિત કરવામાં આવશે.

ડો. હેમંત પટેલ ગુજરાત ઈમેજિંગ સેન્ટર, સામવેદ હોસ્પિટલ, અમદાવાદ ખાતે મેનેજિંગ ડિરેક્ટર અને કન્સલ્ટન્ટ રેડિયોલોજીસ્ટ તરીકે કામ કરી રહ્યા છે. તેમની રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે સેંકડો પ્રસ્તુતિઓ અને પ્રકાશનો છે. તેમને રેડિયોલોજીના અમેરિકન સોસાયટી તરફથી પ્રતિષ્ઠિત પુરસ્કારો મળ્યા છે.

## પિયા અલબેલાના સેટસ પર સૂરજ બડજાત્યા મેંને પ્યાર કિયાના જાદુને પુનઃ જગાવે છે



ઝી ટીવીના પિયા અલબેલાના પ્લોટમાં અણધાર્યા વળાંકો અને ઘુમાવોએ દર્શકોને પોતાની સીટસ પર અદ્ધર રાખેલાં છે અને આવી રહેલ સીકવન્સ ચોક્કસપણે તેઓને ફરીથી અવાક કરી જશે! મેંને પ્યાર કિયાના અગાસીના દ્રશ્યને યાદ કરો, જ્યાં સંકોચી ભાગ્યશ્રીને સલમાન ખાન માટેના પ્રેમને સાબિત કરવા ફેશનેબલ વેશભૂષા ધારણ કરવા કહેવામાં આવે છે અને કેવી રીતે તેણી પોતાને પોતાની ડિસન્સી તથા ડિગ્નીટીને અકબંધ જાળવી રાખીને? સૂરજ બડજાત્યાએ આ ક્ષણનું એમના લોકપ્રિય ફિક્શન ડ્રામા પિયા અલબેલામાં વળાંક અને કેવી રીતે પુનઃસર્જન અકબંધ જાળવી રાખીને? સૂરજ બડજાત્યાએ આ ક્ષણનું એમના લોકપ્રિય ફિક્શન ડ્રામા પિયા અલબેલામાં વળાંક અને કેવી રીતે પુનઃસર્જન કરેલ છે. વર્તમાન ટ્રેકમાં દર્શકો પૂજા (શીના દાસ) ને એક 'મહેફીલ' માં મજુરો કરતી જોશે અને રાહુલ (અંકિત વ્યાસ) નરેન (અક્ષય મ્હાતરે) ને તેણીને શ્રી કપૂર (ખાલિદ સિદ્દીકી) સાથે ડાન્સ કરતી હોય તેવો મોર્ફ્ડ વીડિયો દેખાડે છે જે પરિસ્થિતિ તથા નરેનના ગુસ્સાને વધુ વણસાવી દે છે. ગુસ્સે થયેલો નરેન પૂજાની ડિસન્સીની સીમાઓને કસોટી પર મુકે છે. નિર્દોષ પૂજા પોતાને ખચકાટને કોરાણે મુકી નરેન માટેના પોતાના પ્રેમને સાબિત કરે છે, જો કે ભાગ્યશ્રીની જેમ જ પોતાની ડિગ્નિટીને જાળવી રાખીને, મેંને પ્યાર કિયાની આઈકોનિક ક્ષણ ઉભી કરે છે.

વધુ જાણવા માટે, પિયા અલબેલા સાથે જોડાયેલા રહો દર સોમવાર- શુક્રવાર રાત્રે ૮:૩૦ કલાકે ફક્ત ઝીટીવી પર!

## ચૂંટણી આવી રહી છે ત્યારે પ્રજા મત બુલંદ કરવો જરૂરી

ઘણા લાંબા સમયે દેશમાં સત્ય, ન્યાય અને સમાનતા માટે લડનારાઓ અને આપણા બંધારણ અને લોકશાહી મુલ્યોની રખેવાળી માટે ઘણા સંગઠનો અને નાગરીકોએ ''હવે ચૂપ ન રહેવાય'' તેમ કહીને મેદાનમાં આવ્યા છે. તે સારી વાત છે. આપણા દેશના બુનિયાદી વિચારોને ખતમ કરવા વાળી તાકાતોની સામે ઊભા થઈને, એક થઈને અને ડર અને ગભરાયા વગર પ્રજાએ અવાજ બુલંદ કરવાની ઘડી આવી ગઈ છે.

ગુજરાતમાં ડિસેમ્બર મહિનામાં આવનાર ચુંટણી ટાણે થોડાંક વિચારો કરવા જરૂરી છે. ગુજરાત શિક્ષણ અંગે તંદુરસ્ત છે ? તેના માથે છત અને આજુબાજુમાં શુધ્ધ પ્રર્યાવરણ છે ? પ્રજાને શુધ્ધ પીવાનું પુરતું પાણી ઉપલબ્ધ છે ? યુવાનોને રોજગારી મળી છે ખરી ? સમાજમાં બધાને સરખી તકો પ્રાપ્ત છે ખરી ? આવી પરિસ્થીતીમાં સાથી દેવ દેસાઈએ પુછેલા થોડાંક પ્રશ્નો આપની સમક્ષ રજૂ કરીએ છે.

૧. નોટબંધીમાં બેંકની લાઈનમાં ઊભા ઊભા કેટલાય લોકો મરી ગયા, પણ આપણે જોતાં રહ્યાં કેમકે, મરનારાઓમાં કોઈ આપણું નહોતું. ૨. જીએસટીએ ધંધા રોજગાર પતાવી દીધા, ત્રાસીને કેટલાય વેપારીઓએ આત્મહત્યા કરી પણ આપણે જોતા રહ્યા, કેમકે મરનારાઓમાં કોઈ આપણું નહોતું. ૩. ૨૦૦૨માં હજ્જારો નિર્દોષ લોકોને મારી નાંખ્યા, પણ આપણે જોતા રહ્યા, કેમકે મરનારાઓમાં કોઈ આપણું નહોતું. ૪. થાનગઢમાં એમણે જુવાન છોકારાઓને ગોળીએ દીધાં, પણ આપણે જોતા રહ્યા, કેમકે મરનારાઓમાં કોઈ આપણા છોકરાઓ નહોતા. ૫. જીએમડીસી ગ્રાઉન્ડ ઉપર લાઠીઓ વરસાવી, યુવાનો ઉપર ગોળીઓ વરસાવી, સોસાયટીઓમાંથી ઘસડીને જુવાન, ઘરડા, મહિલાઓ અને નાના-નાના બાળકોને માર્યા, પણ આપણે જોતા રહ્યા, કેમકે મરનારાઓમાં કોઈ આપણું નહોતું. ૬. ઊનામાં એમણે ઉઘાડા શરીર ઉપર માર મારી મારીને ચામડી ઉતારી નાંખી, પણ આપણે જોતા રહ્યા, કેમકે ઉઘાડા શરીર આપણા નહોતા. ૭. નલિયામાં મહિલા પર બળાત્કાર થવા છતાં, ન્યાયની પોકળ વાતો કરવા વાળા તરફથી ન્યાય ન મળ્યો, પણ આપણે જોતા રહ્યા, કેમકે એ મહિલા આપણી દિકરી નહોતી. ૮. ખેડૂતોની આત્મહત્યાઓ વધી, ટેકાના ભાવ ન મળવાથી કેટલાંય ખેડૂતો આત્મહત્યા કરવા મજબુર બન્યા, પણ આપણે જોતા રહ્યા, કેમકે આપણે ખેડૂત નહોતા. ૯. શાળા અને કોલેજનું શિક્ષણ મોંઘુ થતું રહ્યું, ગરીબ બાળકોના ભણતર છુટતા રહ્યાં, પણ આપણે જોતા રહ્યા, કેમકે આપણા બાળકો વધારે ફી ભરીને ભણવા જઈ શક્તા નહોતા. ૧૦. હોસ્પિટલમાં ઓક્સિજનને અભાવે એકસાથે કેટલાય કુમળા બાળકોના જીવ ગયા, પણ આપણે જોતા રહ્યા, કેમકે મરનારાઓમાં આપણા બાળકો નહોતા. ૧૧. એક દિવસ એ લોકો તમારા ઘર સુધી આવી જશે ત્યારે તમારા માટે કોઈ બોલશે નહીં, કેમકે, બોલી શકે તેવું કોઈ બચ્યું જ નહીં હોય. આવી પરિસ્થિતી દેશ અને ગુજરાતની છે ત્યારે આપણે સૌએ જાગૃત થઈને પ્રજા મત ઘડવાનું ટાણું આવી ગયું છે.

આજે ભારત અને ગુજરાતમાં ટેક્ષનું ભારણ, મોંઘવારી, જાતિ, ધર્મ, પ્રાંત, ભાષાના નામ, ઉપર ભાગલા, તોફાન, હિંસા, વધતી જતી બેરોજગારી, જીડીપીનો ઘટતો જતો દર, વગેરેને કારણે સામાન્ય પ્રજાજનની કમર તુટી ગઈ છે. લોકતંત્ર અને બંધારણ ઉપર મોટા હુમલા કરવામાં આવી રહ્યા છે. આપણે તો સાચવવાની છે બંધારણે બક્ષેલી સમાનતા અને આઝાદી. મત આપવાની અને અભિવ્યક્તિની સમાનતા તે ઉપરાંત ચુંટણીના દિવસે નિડરતાથી મત આપવાની પણ સત્તા મળેલી છે. આપણી લડાઈ સ્વતંત્રતા, સમાનતા અને ભાઈચારા માટેની છે. આજે કાયદાના રાજ્યની જગ્યાએ ટોળાશાહી અને ટોળા દ્વારા થતી હિંસાએ જગ્યા લીધી છે. ત્યારે આપણો અવાજ બુલંદ કરીને લોકશાહી મુલ્યો અને બંધારણની રક્ષા માટે પ્રતિબધ્ધતાથી ઊભું રહેવું જોઈએ.

**લેખક : ગૌતમ ઠાકર હિં.સ**

# સ્ટાર ઈશા ગુપ્તા બોલિવુડમાં લાંબી ઈનિંગ્સ રમવા તૈયાર



બોલિવુડમાં સેક્સ સિમ્બોલ તરીકે જાણીતી રહેલી ખુબસુરત ઈશા ગુપ્તાએ કહ્યુ છે કે મોટા ભાગે ભારતમાં તેને દક્ષિણ અમેરિકી તરીકે સમજી લેવામાં આવે છે. તેનુ કહેવુ છે કે તેને વિદેશી સ્ટાર તરીકે પણ કેટલાક લોકો માની લે છે. અભિનેત્રી ઈશા ગુપ્તા બોલિવુડમાં કેટલાક વર્ષોથી હોવા છતાં તેની ઓળખ એક બોલ્ડ અને સેક્સી સ્ટાર તરીકે રહી છે. તે મોટા ભાગે પોતાની છાપ મુજબના રોલ કરતી રહી છે. જો કે તે તમામ પ્રકારના રોલ કુશળતા સાથે કરી રહી છે. અક્ષય કુમારની ફિલ્મમાં તે વકીલના રોલમાં નજરે પડી હતી. રૂસ્તમ નામની ફિલ્મ બોક્સ ઓફિસ પર સારી કમાણી કરી ગઈ હતી. ઈશા ગુપ્તા જુદી જુદી ભાષાની ફિલ્મમાં કામ કરી રહી છે. ઈશા છેલ્લે બાદશાહોમાં નજરે પડી હતી. અનુસંધાન પાના નં.૬ ઉપર



# ફીરંગી




**નવી ફિલ્મ**

આ ફિલ્મના નિર્માતા કપીલ શર્મા, દિગ્દર્શક રાજીવ ઢીંગરા, કપીલ શર્મા, ઈશીતા દત્તા, મોનીકાગીલ, સંગીત જતીન્દર શાહ.

૧૦ નવે.ના રોજ રીલીઝ થયેલ આ ફિલ્મમાં કપિલ શર્માએ પોતાને અભિનેતા તરીકે સ્થાપીત કરવા માટે જાતે જ નિર્માણ કરેલી ફીરંગીની વાર્તા ૧૯૨૦ ના જમાનાની છે.ગાંધીજીએ આઝાદીના જંગની શરૂઆત કરી દીધી હતી.કપિલ શર્મા નાનકડા ગામનો નવરો યુવાન છે. એનામાં માત્ર એક ગજબની આવડત છે. તે કોઈનુંય કમર અને પીઠનું દર્દ લાત મારીને મટાડી દે છે. એક અંગ્રેજ અમલદારનું દર્દ મટાડી દેતાં કપીલને અંગ્રેજોની નોકરી મળી જાય છે. મોજથી જીવતો કપિલ એક યુવતીના પ્રેમમાં પડે છે પરંતુ પિતા કહી દે કે અંગ્રેજોની ગુલામી કરનાર યુવાનને દિકરી ન આપું. કપિલ દલીલ કરે કે તમને ગેરસમજ થઈ ગઈ છે. અંગ્રેજ એવા ખરાબ નથી હોતા પરંતુ યુવતીના પિતા ન માને, એવામાં અંગ્રેજોના કહેવાથી રાજા આદેશ કરે, ગાંવ ખાલી કર દો, હવે કપિલ માટે ધર્મસંકટ ઉભું થાય, કોનો સાથ આપવો ? શું બચાવવું ? પ્રેમ અને ગામ કે પછી નોકરી અને સમૃદ્ધિ ? નાટયાત્મક ઘટનાઓ પછી કપિલ અંગ્રેજો સામે યુદ્ધે ચડે.

ફિલ્મની વાર્તામાં રહસ્ય કશું જ નથી. મેલોડ્રામા કે ટેન્શન વર્તાતું નથી. કપિલની સાહજિક મુદ્રાઓને કારણે એના પાત્રનું મનોમંથન પડદા પર આવતું નથી. સીનેમેટગ્રાફી સુંદર છે સંગીત પણ સારૂં છે. પરંતુ થ્રીલ અને લાગણીની પકડ વગરની આ ફિલ્મ કપિલના ચાહકોને પણ ભાગ્યે જ ગમે તેવી છે.

# સુપરહીટ ફિલ્મોના સંગીત નિર્દેશક શંકર જયકિશન

**ફિલ્મી સિતારા-કમલેશ કંસારા**

મહાન સંગીતકાર બેલડી શંકર જયકિશને મધુર સંગીત લહેરીઓની સુગંધથી સંગીત જગતની આકાશ ગંગામાં હંમેશા ગુલઝાર રહેશે. મહાન સંગીતકાર જયકિશન દયાભાઈ પાંચાલનો જન્મ ૪ નવેમ્બર ૧૯૩૨ ના રોજ ગુજરાતના વાસદ શહેરમાં થયો હતો. બાળપણથી જ જયકિશનને સંગીત પ્રત્યે લગાવ હતો. તેમણે સંગીતની પ્રારંભિક શિક્ષા વેદલાલજી પાસેથી મેળવી હતી. જયકિશન પોતાની સંગીતની ધુન પુરી ના કરે ત્યાં સુધી એમાં જ રચ્યાપચ્યા રહેતા હતા. ૧૯૪૬ માં પોતાના સ્વપ્ના સાકાર કરવાને માટે મુંબઈ આવ્યા. જ્યાં એમની મુલાકાત શંકર સાથે થઈ એ દરમ્યાન શંકર પણ એક સંગીતકાર બનવાની ઈચ્છા ધરાવતા હતા.

શંકર એટલે શંકરસીંહ રઘુવંશીનો જન્મ ૧૫ ઓકટોબર ૧૯૨૨ ના રોજ પંજાબમાં થયો હતો. તેઓ બાળપણથી જ સંગીતકાર બનવા માંગતા હતા. એમની રૂચિ તબલા વગાડવામાં અધિક હતી. એમણે પોતાની સંગીતની પ્રારંભિક શિક્ષા બાબા નાસીરખાન પાસેથી લીધી હતી.પોતાના શરૂઆતી સમયમાં શંકરે સત્યનારાયણ અને હેમાવતી દ્વારા સંચાલિત એક થિયેટર ગ્રુપમાં કામ કર્યું અને પછી તેઓ પૃથ્વી થિયેટરના સદસ્ય બની ગયા. જ્યાં એમણે તબલા વગાડવાનું કાર્ય કર્યું. તદઉપરાંત તેઓ પૃથ્વી થિયેટર દ્વારા નાટકમાં પણ નાના મોટા રોલ કરવા માંડયા. શંકરની આજીજી પર જયકિશનની પૃથ્વી થિયેટરમાં હાર્મોનિયમ વગાડવાને માટે નિમણુંક કરી.આ સમય દરમ્યાન શંકર જયકિશને સંગીતકાર હુશ્નલાલ ભગતના હાથ નીચે સંગીત શીખવાનું શરૂ કર્યું. શંકર અને જયકીશનની પ્રતિભા જોઈને હુસ્નલાલે એમની સહાયક સંગીતકાર તરીકે સેવા લેવા માંડી. શંકર અને જયકિશનની એક જ આકાંક્ષા હતી કે તેઓ સંગીત નિર્દેશક બને. બંને જણા દિવસ દરમ્યાન નોકરી કરતા હતા અને રાત્રિના સમયે હાર્મોનીયમ અને તબલા લઈને ધુન બનાવતા. કેટલીક સારી ધુનો બનાવ્યા બાદ તેઓ ફિલ્મ નિર્દેશકને પોતાની ધુનો સંભળાવતા હતા પરંતુ એમની કોઈ જ પહોંચ નહોતી. બંને જણા પોતાની સંગીતની ધુનો લઈને રાજકપુર પાસે જતા પરંતુ કાર્યના ભારથી રાજકપુર એમની ધુનો સાંભળતા નહોતા અને એક દિવસ રાજકપુરે ફિલ્મ બરસાત બનાવી રહ્યા હતા ત્યારે સંગીતકાર બેલડી એમની ધુનો સાંભળતા નહોતા અને એક દિવસ રાજકપુરે ફિલ્મ 'બરસાત' બનાવી રહ્યા હતા ત્યારે સંગીતકાર બેલડી એમની પાસે પહોંચ્યા અને આ વખતે સમય કાઢીને રાજકપુરે કહ્યું કે, સંભળાવો એકાદ ધુન અને પ્રથમ ધુને જ રાજકપુર પર એવો જાદુ ચલાવ્યો કે એમણે બધું જ કામ છોડીને બાકીની ધુનો પણ સાંભળી અને સંગીતકાર રામ ગાંગુલીના સ્થાને શંકર જયકિશનને સંગીત નિર્દેશનનું કાર્ય સોંપ્યું.

એમણે 'હવા મેં ઉડતા જાયે' અને 'બરસાત મેં હમસે મીલે તુમ સજન' જેવું સુપરહીટ સંગીત આપ્યું. ફિલ્મ 'બરસાત' ની સફળતા બાદ શંકર-જયકિશન એક સંગીતકારની પોતાની ઓળખ બનાવવામાં સફળ થયા. એક સંયોગની વાત એ હતી કે ફિલ્મ 'બરસાત' માં ગીતકાર શૈલેન્દ્ર અને હસરત જયપુરીએ પણ પોતાની સીને કેરીયરની શરૂઆત કરી હતી. ફિલ્મ 'બરસાત' ની સફળતા બાદ શંકર-જયકિશન રાજકપુરના માનીતા સંગીતકાર બની ગયા. શંકર જયકિશનના સદાબહાર સંગીતના કારણે રાજકપુરે અનેક સફળ મધુર ફિલ્મો આપી.જેમાં આવારા, આહ, શ્રી૪૨૦, ચોરી ચોરી, કન્હૈયા, અનાડી, જીસ દેશ મેં ગંગા બહેતી હૈ, સંગીમ, તીસરી કસમ, દીવાના, એરાઉન્ડ ધ વર્લ્ડ, સપનોં કા સૌદાગર, મેરા નામ જોકર, કલ આજ ઔર કલ જેવી અનેક સુપરહીટ ફિલ્મોનો સમાવેશ થાય છે.

શંકર જયકિશનને નવ વાર સર્વશ્રેષ્ઠ સંગીતકારનો એવોર્ડ ફિલ્મ ફેયર પુરસ્કાર' મળ્યો છે.

બહુમુખી પ્રતિભાના માલિક સંગીત બેલડીએ અનેક ફિલ્મોમાં પોતાનું સુમધુર સંગીત પીરસ્યું છે. જ્યારે જયકિશને અનેક ફિલ્મોમાં અભિનય પણ કર્યો છે. જેમાં શ્રી૪૨૦ અને બેગુનાહ જેવી સુપરહીટ ફિલ્મોનો પણ સમાવેશ થાય છે. ૧૯૫૭ માં પ્રદર્શિત સુપરહીટ ફિલ્મ 'બેગુનાહ' નું એક ગીત 'એ પ્યારે દિલ બેજુબાન' જયકિશન પર ફિલ્માવવામાં આવેલું છે.

શંકર જયકિશને પોતાના ત્રણ દાયકાથી વધુ લાંબી સીને કેરીયરમાં લગભગ ૨૦૦ ફિલ્મોમાં પોતાનું યાદગાર સંગીત આપ્યું છે. શંકર જયકિશનની જોડી વર્ષ ૧૯૭૧ સુધી અડગ રહી હતી પરંતુ ૧૨ ડીસેમ્બર ૧૯૭૧ ના રોજ જયકિશને આ દુનિયામાંથી વિદાય લીધી હતી ત્યારબાદ શંકરે આંખો આંખો મેં, બેઈમાન, રેશમ કી દોરી, સંન્યાસી જેવી કેટલીક ફિલ્મોમાં સુપરહીટ સંગીત આપ્યુ. પોતાના મધુર સંગીતથી શ્રોતાઓને ભાવવિભોર કરવાવાળા મહાન સંગીતકાર શંકરે પણ ૨૬ એપ્રિલ ૧૯૮૭ ના રોજ આ દુનિયાને આખરી સલામ કર્યા હતા.

-કમલેશ કંસારા




**ન્યુઝ સ્ટ્રીપ્સ**

★ બહુ હમારી રજનીકાંતા ઉપરાંત સંખ્યાબંધ ધારાવાહીકોમાં કામ કરનાર કરણ વી. ગ્રોવરે તાજેતરમાં નિર્મળ ભટ્ટની વેબ સીરીઝમાં કામ કર્યું ત્યારે તે ખુશ થઈ ગયો હતો. તેણે આ સીરીઝમાં ટ્રબલ્ડ રોક સ્ટારનો રોલ કર્યો છે. તેણે કહ્યું હતું કે મેં અગાઉ કયારેય આવો રોલ નથી કર્યો. વળી વેબ સીરીઝ મર્યાદિત હોય છે અને તેનું ફિલ્માંકન ફિલ્મની જેમ જ કરવામાં આવે છે તેથી મને તેમાં કામ કરવાની બહુ મઝા આવી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે તેણે વર્ષ ૨૦૧૫ માં વેડીંગ પુલાવ ફિલ્મમાં કામ કર્યું હતું. ત્યારબાદ તેને મુકેશ ભટ્ટની કંપનીમાંથી એક ફિલ્મની ઓફર આવતાં તેણે બહુ હમારી રજનીકાંતા છોડી દીધી.પરંતુ અકળ કારણોસર મુકેશ ભટ્ટની કંપનીની ફિલ્મ ન બની. પહેલા તો હું બહુ નિરાશ થઈ ગયો હતો. પણ આ ઈન્ડસ્ટ્રીમાં ઘણાં વર્ષોથી હોવાથી હું એટલું તો સમજી જ શકયો છું કે અહીં તેણે તમારૂં ભાવી ન ભાખી શકો. તમે કોઈ સીરીયલ એક વર્ષ માટે સાઈન કરી હોય અને ત્રણ વર્ષ સુધી પણ લંબાઈ જાય છેવટે મેં મારૂં મન મનાવી લીધું પણ હું વેબ સીરીઝ કરીને બહુ ખુશ છું.

★ છેલ્લે ચંદ્રકાંતા ધારાવાહીકમાં જોવા મળેલી અભિનેત્રી કૃતિકા કામરાએ આ શો પુરો થતાં જ બહારગામ ફરવા જવાની તૈયારી કરી લીધી હતી. પણ તેના નસીબમાં ફરવાને બદલે કામ જ લખાયેલું હતું. કહેવાનો અર્થ એ છે કે કૃતિકાની ધારાવાહીક પુરી થઈ અને તે બહારગામ જાય તેનાથી પહેલા જ તેને રાષ્ટ્રીય પુરસ્કાર વિજેતા નીતીન કક્કરની એક ફિલ્મમાં અનાયાસે જ કામ મળી ગયું. અને તે હાલના તબક્કે અમદાવાદનું શુટીંગ કરી રહી છે. લાઈટ હરટેડ રીઆવીસ્ટીક સ્ટોરીમાં મને કામ મળ્યું તે માકરા માટે પણ આશ્ચર્યની વાત હતી. વાસ્તવમાં આ વર્ષે ફિલ્મમાં કામ કરવાનું મારૂં કોઈ આયોજન નહોતું. તેથી હું મારી શ્રેણી પૂર્ણ થયા પછી ફરવા જવાનું આયોજન કરી રહી હતી પરંતુ મને આ ફિલ્મની ઓફર મળી અને બધું ઝપાટાભેર પાર પડી જતાં અમદાવાદમાં તેનું શુટીંગ શરૂ થઈ ગયું અને મેં દિવાળીના દિવસોમાં પણ કામ કર્યું.

★ છેલ્લે એક દુજે કે વાસ્તેમાં જોવા મળેલી અભિનેત્રી નીકીતા દત્તાના બંને હાથમાં લાડુ છે તેની નવી સીરીયલ હાસીલ તાજેતરમાં જ શરૂ થઈ છે. આ ધારાવાહીકમાં તેણે ગ્રે પાત્ર ભજવી રહી છે. તે કહે છે કે હું તેમાં ડાહીડમરી યુવતીની ભૂમિકા નથી ભજવી રહી. આવા પાત્રો કોઈને વહાલા ન હોય તોય ઘણાને આકર્ષે. તેમાં અભિનય કરવાની બહોળી તક હોય, તેમાં હું ઝાયેદખાન સાથે કામ કરી રહી છું. આ સિવાય નીકીતાને અક્ષયકુમાર સાથે ગોલ્ડ અને ઝોયા અખ્તરની શોર્ટ ફિલ્મમાં પણ કામ કરવાની તક મળી છે. આમ બંને ઈન્ડસ્ટ્રીમાં એકસાથે કામ મળવાથી તેના બંને હાથમાં લાડુ આવી ગયા છે.

# સોનમ ફેશનની દુનિયામાં પણ લોકપ્રિય બની ચુકી છે



અભિનેત્રી સોનમ કપૂર હાલમાં ત્રણ ફિલ્મોને લઈને વ્યસ્ત છે. જેમાં સંજય દત્તની લાઈફ પર બની રહેલી ફિલ્મમાં, તે કામ કરી રહી છે. આવી જ રીતે અક્ષય કુમાર સાથે પેડમેનમાં કામ કરી રહી છે. આ ઉપરાંત વીદ દી વિડિંગમાં પણ તે કરીના કપુર સાથે નજરે પડનાર છે. તે ફેશનની દુનિયામાં મોટા નામ તરીકે છે. વર્ષ ૨૦૦૭માં બોલિવૂડમાં પદાર્પણ કર્યા પછી તેની છાપ અદાકાર કરતાં ફેશનિસ્ટ તરીકેની વધુ રહી છે. પણ તેની ફિલ્મ નીરજા પછી સોનમે પુરવાર કરી બતાવ્યું કે તે ફેશન બાબતે જેટલી ગંભીર છે તેટલી જ ગંભીર ફિલ્મોમાં ભૂમિકાને લઈને પણ રહી છે. નીરજા ફિલ્મમાં તેની એક્ટિંગ કુશળતાથી તમામ લોકો પ્રભાવિત થયા હતા. વર્ષ ૨૦૦૭ માં અભિનય કારકિર્દીની સોનમ કપુરે શરૂઆત કરી હતી. ત્યારથી લઈને હજુ સુધી ઘણી બાબતો શીખી છે. તેનુ કહેવુ છે કે આપણે આપણા જીવનના પ્રત્યેક અનુભવમાંથી કાંઈક શીખતા હોઈએ છીએ.સોનમ કપુર બોલિવુડમાં લાંબી ઈનિંગ્સ રમવા માંગે છે. પ્રેમ રતન ધન પાયો ફિલ્મમાં કામ કર્યા બાદ લોકપ્રિયતાની ચરમસીમા પર પહોંચી ગયેલી સોનમ કપુર પોતાની અભિનય કારકિર્દીના પગથિયાં વિશે કહે છે કે દિલ્હી-૬ (૨૦૦૯), આયશા (૨૦૧૦), અને રાંઝણાં (૨૦૧૩) કેરિયરની ઈમારત બનાવવા માટેની હતી.અલબત્ત, રાઝણાં પછી લોકો ગંભીરતાથી લેવા લાગ્યા હતા. અને ખૂબસુરત (૨૦૧૪) પછી લોકો વિશ્વાસ રાખવા લાગ્યા હતાં. સોનમ કપુરની ઓળખ બોલિવુડમાં અભિનેત્રી કરાતા વધારે ફેશનિસ્ટ તરીકે થઈ છે. ફેશનની દુનિયામાં તેની સતત નોંધ લેવામા આવે છે. તે બોલિવુડની હાલની સૌથી મોંઘી સ્ટાર પૈકીની એક તરીકે છે. અનિલ કપુરની પુત્રી માને છે કે તે બોલિવુડમાં એક અલગ ઓળખ ઉભી કરવામાં ચોક્કસપણે સફળ રહેશે.

**બીહાઈન્ડ ધ સ્ક્રીન**

# અર્જુન કપુર અને પરિણિતી દિબાન્કરની ફિલ્મમાં રહેશે



**ઓન ધ સ્ક્રીન**

અર્જુન કપુર અને પરિણિતી ચોપડાની જોડી પાંચ વર્ષના લાંબા ગાળા બાદ ફરી એકવાર સાથે નજરે પડનાર છે. પ્રાપ્ત અહેવાલ મુજબ આ બન્ને આ વખત દિબાકર બેનર્જીની એક્શન-રોમાન્સ ફિલ્મમાં કામ કરવા જઈ રહ્યા છે. આ સંબંધમાં નિર્ણય કરવામાં આવી ચુક્યો છે. પાંચ વર્ષ અગાઉ અર્જુન કપુરને ફિલ્મ ઈશ્કજાદેમાં તેની ભૂમિકા બદલ ભારે પ્રશંસા મળી હતી. આ એક્શન ફિલ્મ બાદ તે રાતોરાત સ્ટાર બની ગયો હતો. ફિલ્મમાં પરિણિતી ચોપડાને પણ કેટલાક એવોર્ડ મળ્યા હતા. છેલ્લા છ મહિનાથી ફિલ્મ પાઈપલાઈનમાં હતી. ગયા વર્ષે નવેમ્બર મહિનામાં દિબાકરે અર્જુન કપુર સાથે વાતચીત કરી હતી. બન્નેની વચ્ચે ફિલ્મની પટકથાને લઈને વાતચીત થઈ હતી. અર્જુન કપુરને પ્રથમ વખતમાં જ ફિલ્મની પટકથા પસંદ પડી હતી. ત્યારબાદ તરત જ અર્જુન કપુર અને દિબાકર વચ્ચે ફિલ્મને લઈને તમામ વાત થઈ હતી. દિબાકર હજુ ફિલ્મની પટકથાના ડ્રાફ્ટ પર કામ કરી રહ્યા છે. પરિણિતીને ફિલ્મમાં લેવાનો નિર્ણય કરવામાં આવી ચુક્યો છે. ફિલ્મમાં અર્જુન કપુર હરિયાણાના પોલીસ અધિકારીની ભૂમિકા અદા કરનાર છે. તમામ લોકો સારી રીતે જાણે છે કે અર્જુન કપુર અને પરિણિતી વચ્ચે વર્ષોથી ખુબ સારી મિત્રતા પણ રહી છે. બન્ને વર્ષોથી એકબીજાની સાથે કામ કરવા માટેની વાત કરી રહ્યા હતા. ફિલ્મ માટેનુ શુટિંગ ટુંક સમયમાં જ શરૂ કરવામાં આવનાર છે. ઉત્તર ભારતમાં ફિલ્મનુ શુટિંગ કરવામાં આવનાર છે.

આગામી મહિનામાં તમામ તૈયારી ફિલ્મ સાથે સંબંધિત શરૂ કરાશે. અર્જુન કપુર અને પરિણિતી ભારે આશાવાદી બનેલા છે. ફિલ્મ ઈશ્કજાદે સુપરહિટ સાબિત થઈ હતી. અર્જુન કપુરની આ બોલિવુડની પ્રથમ ફિલ્મ હતી.

# હવે સંજય દત્ત પોતાની હિટ ફિલ્મ સડક-૨માં કામ કરશે



**સીને**

વર્ષ ૧૯૯૧માં સુપર હિટ ફિલ્મ સડકની સિક્વલ ફિલ્મ બનાવવાને લઈને હિલચાલ શરૂ કરવામાં આવી છે. ભૂમિ ફિલ્મ સાથે પોતાની નવી ઈનિગ્સ શરૂ કર્યા બાદ સંજય દત્ત તેની મુળ ફિલ્મમાં કામ કરી શકે છે. આ ફિલ્મની પટકથા તૈયાર કરી લેવામાં આવી છે. ટૂંક સમયમાં આ પ્રોજેક્ટ ઉપર કામ આગળ વધશે. આ ફિલ્મમાં કલાકારોને લઈને કોઈ સ્પષ્ટતા કરવામાં આવી નથી પરંતુ વિતેલા વર્ષોના સુપર સ્ટાર અભિનેતા સંજય દત્તે હાલમાં જ એક મુલાકાતમાં કહ્યું હતું કે, તે આ ફિલ્મની સિક્વલમાં કામ કરવા માટે તૈયાર છે. જો આ ફિલ્મ બનાવવામાં આવશે તો તેને ખુશી થશે. અભિનેતાએ એમ પણ કહ્યું હતુ કે, પટકથા તૈયાર કરવામાં આવી રહી છે. પૂજા ભટ્ટ અને સંજય દત્ત વર્ષ ૧૯૯૧માં બનેલી સુપર હિટ ફિલ્મ સડકમાં મુખ્ય કલાકારો હતા. ત્યારબાદથી આ ફિલ્મની સિક્વલ બનાવવાને લઈને કોઈ હિલચાલ હાથ ધરવામાં આવી નથી. સડક-૨ ફિલ્મ ચોક્કસપણે પાઈપલાઈનમાં હોવાની વાત ભટ્ટ ઓફિસ દ્વારા કરવામાં આવી છે. સોશિયલ મિડિયા એકાઉન્ટમાં પુજા ભટ્ટે એક ફોટો પણ મુક્યો છે. વિતેલા વર્ષની આ ફિલ્મ ૧૯૯૧માં બનાવવામાં આવી આ ફિલ્મને ૨૬ વર્ષથી વધુનો ગાળો થઈ ગયો છે. પૂજા ભટ્ટ અને સંજય દત્તની મિત્રતા આજે પણ અકબંધ રહી છે જેથી ફિલ્મ બનાવવામાં આવે તેવી શક્યતા દેખાઈ રહી છે. પૂજા ભટ્ટે અનેક વખત કહ્યું છે કે, જો સારી પટકથા મળશે તો તે ચોક્કસપણે એક્ટિંગ કરશે. પુજા ભટ્ટે પોતાની કેરિયર દરમિયાન આમિર ખાન અને શાહરુખખાન જેવા સ્ટાર સાથે પણ ભૂમિકા કરી હતી. સંજય દત્ત છેલ્લે ભૂમિ ફિલ્મમાં ચમક્યો હતો. જે ફ્લોપ રહી હતી.

# રજનિકાંત પણ રાજનીતિમાં આવવાની જાહેરાત કરી શકે



અભિનેતા કમલ હાસન બાદ હવે સુપરસ્ટાર રજનિકાંત પણ રાજનીતિમાં આવવા માટેની જાહેરાત કરી શકે છે. રજનિકાંતના નજીકના લોકોએ માહિતી આપતા કહ્યુ છે કે તે આગામી ૧૨મી ડિસેમ્બરના દિવસે આ અંગેની જાહેરાત કરી શકે છે. પોતાના જન્મદિવસે ચાહકો માટે કોઈ જાહેરાત કરવાની તેમની ઈચ્છા છે. સુત્રોએ કહ્યુ છે કે રજનિકાંત અલગ પાર્ટી બનાવશે અને ભાજપ સહિત અન્ય કોઈ પાર્ટીમાં સામેલ થનાર નથી. તેમણે કહ્યુ હતુ કે જો ભાજપ લોકસભા ચૂંટણી પહેલા રજનિકાંતને અથવા તો તેમની પાર્ટીને સહયોગી પાર્ટી તરીકે લાવવા માટે પ્રયાસ કરશે તો તેઓ પોતાની તાકાત આગામી વિધાનસભાની ચૂંટણી માટે લગાવશે. તેના માટે શક્તિ બચાવીને રાખશે. તેઓ ઈચ્છે છે કે આગામી વિધાનસભા ચૂંટણી તમિળનાડુમાં રજનિકાંત વિરુદ્ધ સ્ટાલીનની રહે. જાણકાર લોકો કહે છે કે આધ્યાત્મિક હોવાના કારણે રજનિકાંત ડાબેરી હોઈ શકે નહી. તેઓ કટ્ટરપંથી અને દક્ષિણપંથી હોઈ શકે નહી. તેઓ નરમવાદી તરીકે રહેશે.

અનુસંધાન પાના નં.૬ ઉપર

# મોડલિંગથી ખુબ જ ફાયદો થયો છે : કૃતિ સનુન



બોલિવુડમાં ટુંકા ગાળામા જ લોકપ્રિય થયેલી કૃતિ સનુને કહ્યુ છે કે બોલિવુડમાં બહારના કલાકારોને ટકવાની બાબત ખુબ મુશ્કેલ છે. આના માટે શરૂઆતની ફિલ્મ હિટ થાય તો જ તક રહેલી છે. નવા કલાકારો માટે પડકાર પણ ઘણા છે. કૃતિનુ કહેવુ છે કે બોલિવુડની ફિલ્મોમાં એન્ટ્રી કરતા પહેલા મોડલિંગ કરવાના કારણે તેને ફાયદો થયો છે. તેનુ કહેવુ છે કે મોડલિંગના કારણે બોલિવુડમાં પગ જમાવવામાં મદદ મળી છે. કૃતિ સનુને કહ્યુ છે કે તે શાનદાર રીતે હાલમાં આગળ વધી રહી છે. કૃતિ પાસે હાલમાં કેટલીક ફિલ્મો રહેલી છે. કૃતિ સનુને કહ્યુ છે કે તે હવે બોલિવુડમાં વધુ ફિલ્મો કરવા માટે આશાવાદી બનેલી છે. તે માને છે કે મોડલિગ કરી ચુકેલી યુવતિ બોલિવુડમાં વધારે આત્મવિશ્વાસ સાથે આગળ વધી શકે છે. કૃતિ અને સુશાંત હાલમાં મોટા ભાગે સાથે નજરે પડે છે. અનુસંધાન પાના નં.૬ ઉપર

## ભીલડા ગામે...

પાના નં .૧ ચાલુ

હાજરીમાં લાશને દશ માસ બાદ ખોદીને બહાર કઢાઈ હતી.જોકે ઉંધુ સમય થયો હોવાથી યુવતીનું કંકાલ મળ્યું હતું.જેને પાંથાવાડા રેફરલ હોસ્પિટલમાં લાવી વધુ તપાસ અર્થે એફ.એસ.એલ.માં લઇ જવાની તજવીજ હાથ ધરી હતી.

## જય ખોડીયાર...

પાના નં .૧ ચાલુ

દસ્તાવેજો કબજે લઇ તેની અટકાયત કરી વધુ તપાસ શરૂ કરી હતી. જેમાં ગુરુવારે થરાદ પોલીસ દ્વારા શહેરમાં ઉત્સવ કોમ્પલેક્ષમાં આવેલી જય ખોડીયાર મિત્ર મંડળ ફાઈનાન્સ (જે.કે.એમ.એમ) નામની ઓફીસમાં પણ તપાસ કરવામાં આવી હતી.આ અંગે પોલીસ સુત્રોએ જણાવ્યું હતુંકે સીઆઇડી ક્રાઈમના મેસેજના આધારે થરાદ શહેરમાં ઓફીસની સ્થિતી અંગે તપાસ કરવામાં આવી હતી.પણ ઓફીસ બંધ હોવાના કારણે પોલીસ દ્વારા આજુબાજુના વેપારીઓના નિવેદન લઇ પંચનામાની કાર્યવાહી કરવામાં આવી હતી.જોકે થરાદમાં ચાલતી આ ઓફીસ એક મુખ્ય સંચાલક અને બીજા થરાદ વાવ તાલુકાના એજન્ટો ચલાવતા હોવાનુ અને તેમાં વીસ જેટલા ગ્રાહકો પણ ફસાયા હોવાનું ચર્ચાસ્પદ બન્યું હતું. પોલીસ આવે તે પહેલાં જ ઓફીસ ચલાવતા માણસો માત્ર શટર નીચે પાડી તાળું માર્યા વગર પોલીસ દ્વારા કરવામાં આવતી કામગીરી નિહાળવા આડાઅવળા થઇ ગયા હતા.

## વન વિભાગના...

પાના નં .૧ ચાલુ

વન્ય પ્રાણી રોઝના નિકાલ અને મારણના પરિપત્રથી જીવદયા પ્રેમીઓ કચવાટની લાગણી અનુભવી રહ્યા છે.આજે જ્યારે સમગ્ર વિશ્વ જંગલી જીવો બચાવવા ના પ્રયાસ કરી રહ્યું છે. ત્યારે વન વિભાગે રોઝ ના મારણ નો પરિપત્ર જાહેર કર્યો છે.આજે જ્યારે મેનકા ગાંધી પર્યાવરણ અને વન્ય જીવો ને બચાવવા લડત ચલાવી રહ્યા છે. ત્યારે વન વિભાગના રોઝ મારણના પરિપત્ર એ વિવાદ સર્જ્યો છે. અને આ સરકારી હુકમનો જીવદયાપ્રેમીઓ વિરોધ કરી રહ્યા છે.

વન્ય પ્રાણીઓ કુદરતની અમૂલ્ય દેન છે.વન્ય પ્રાણીઓને મારવાની વાત વિચારવી એ પણ હિન્દૂ સંસ્કૃતિ વિરુદ્ધ છે. જોકે, વન વિભાગ દ્વારા રોઝ ને મારણની જગ્યાએ વધારાની ટિમો અને પાંજરાઓ દ્વારા જો પકડી અને જંગલ મા મૂકી દેવા મા આવે તો આ કુદરતની ધરોહર પણ બચી જાય અને ખેડૂતો નુકશાનીમાંથી બચે અને સરપંચો પાપમાં થી પણ બચી શકે તેવી લાગણી જીવદયા પ્રેમીઓ વ્યક્ત કરી રહ્યા છે.

## સોશિયલ ...

અનુસંધાન ૨ નુ ચાલુ..

વહેતી કરી હતી. બહોળો યુવા ચાહક વર્ગ ધરાવતા સદભાવના ગ્રુપના હરેશ ચૌધરી એ ફેસબુક પર પોસ્ટ વહેતી કર્યા બાદ બાદ આજ રોજ યુવાન-યુવતીઓ સ્વયંભુ બ્લડ ડોનેટ કરવા માટે ઉમટી પડ્યા હતા. અને આ રક્તદાન કેમ્પમાં ૫૨ બોટલ રક્ત એકત્રિત થયું હતું. આ સ્વૈચ્છીક રક્તદાન શીબીરમાં સદભાવના ગ્રુપના હરેશ ચૌધરી, સાગર જાની, જી.ડી મોદી કોલેજના આચાર્ય યોગેશભાઈ ડબગર, કેમ્પસ ડાયરેક્ટર અપૂર્વ મહેતા સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## છાપીની બેન્ક...

અનુસંધાન ૩ નુ ચાલુ..

બેન્ક સાથે વ્યવહાર કરતાં ગ્રાહકો મુશ્કેલીમાં મુકાય છે. આ બાબતે છાપી વેપારી મંડળ દ્વારા એક લેખિત રજુઆત છાપી બેન્ક ઓફ બરોડા વિરૂધ્ધ રીજીયોનલ ઓફિસ મહેસાણા કરી હોવાનું જાણવા મળે છે.

## અમીરગઢ બોર્ડર...

અનુસંધાન ૩ નુ ચાલુ..

મોટર સાયકલ બાબતે તપાસ કરતા નિબારામ ઝાલારામ જાટ રહે.રાજસ્થાન વાળાની માલિકીનું હોવાનું તથા તે તા.૨૮/૧૦/૧૭ ના રોજ ઓઢવ અમદાવાદ ખાતેથી ચોરાતા ઓઢવ પોલીસ સ્ટેશનમાં ચોરીનો ગુનો દાખલ થયેલ હોય તે અંગે ઓઢવ પોલીસે આરોપીનો કબ્જો લેવા તજવીજ હાથ ધરેલ છે.

પિસ્ટોલ સાથે પકડાયેલ આરોપીના અગાઉ રિમાન્ડ મળ્યા પછી આરોપીના કબ્જામાંથી મળી આવેલ પિસ્ટોલ તથા મોટરસાયકલ ક્યાંથી લાવેલ ક્યાં લઈ જવા અંગે સંતોષકારક જવાબ ન મળતા પોલીસે આરોપીના વધુ એક દિવસના રિમાન્ડ મેળવી તપાસ હાથ ધરેલ છે.

## સરકાર દ્વારા...

અનુસંધાન 3 નુ ચાલુ..

તે પ્રમાણે ની મગફળીના તો બજારમાં પણ ૯૨૫ થી ૯૫૦ રુપિયા આપે છે જેથી આ સરકાર ખેડુતોનુ શોષણ કરી રહી છે. વજન ના મળતા આ ખેડુતો માર્કેટમાં આવીને ૬૦૦ રુપિયામાં વેચી રહ્યા છે. આ ચુંટણીમાં લાભ મેળવવા માટે સરકાર દ્વારા સ્ટંટ કરવામાં આવેલ છે. જો ખેડુતોને ભાવ આપવા હોય તો ૬૦% ઉપર ભાવ આપે તો તમામ ખેડુતોને પુરતો ન્યાય મળે તેમ છે. આ સરતે તો ખેડુતોને એમના એમ બજારમાં પણ ભાવ મળી રહે છે તો આ સરકારની ગુલામી શુ કામ જગતનો તાત કરે.

## પેપરાલના પનોતા...

અનુસંધાન 3 નુ ચાલુ..

સ્થાપિત કરવાનો લાભ, જૈનાચાર્યની આરતી કરવાનો લાભ મામલતદાર પરમારે લિધો, જૈનાચાર્યના જન્મદિવસ નિમિત્તે સંપૂર્ણ તીર્થને સજાવ્યું હતું. તીર્થમાં સવારથી જૈનાચાર્યની પ્રતિમાના દર્શન માટે જૈન સમાજ તેમજ અન્ય સમાજના લોકો આવાગમનથી પેપરાલ ગામમાં મેળાનો માહોલ સર્જાયો હતો. મહોત્સવને લઈને જયન્તસેન સૂરી શાસન પ્રભાવક ટ્રસ્ટ પેપરાલ તેમજ રાજેન્દ્ર જૈન નવયુવક પરિષદ પેપરાલે તમામ વ્યવસ્થાનું સંચાલન કર્યું, જૈનાચાર્યના મહોત્સવમાં પેપરાલના સરપંચ સહિત સમસ્ત ગ્રામજનોએ સહયોગ આપ્યો હતો. પેપરાલની જનતાને ગૌરવ છે કે આ ધરતી ઉપર જન્મ લઈને જૈનાચાર્ય સંપૂર્ણ ભારત ભરમાં પેપરાલનું નામ રોશન કર્યું હતું.

## થરાદ - વાવમાં...

પાના નં .૮ ચાલુ

કૉંગ્રેસ સામે ચુંટણી લડી શકે તેવા અનુભવી ઉમેદવારો નથી. સામે પક્ષે વાવ થરાદ બેઠક પર કૉંગ્રેસમાં દાવેદારોની સંખ્યા વધારે છે. આથી કોણ ઉમેદવાર હશે તેની અટકળો વચ્ચે ઉમેદવારોએ પોતાના મતવિસ્તારમાં વિધીવત ડોર ટુ ડોર ચુંટણી પ્રચારની શરૂઆત પણ કરી દીધી છે. જે પૈકી કયા ઉમેદવારો મતદારોને રિઝવવામાં સફળ રહેશે તેતો આગામી સમય જ બતાવશે. પણ વાવ થરાદ બેઠક પર ૨૦૧૭માં પરિવર્તન કે પુનરાવર્તન તેને લઇને રાજકીય અટકળોએ શિયાળાના પ્રારંભે ગરમાવો ફેલાવ્યો છે. ત્યારે વાવ બેઠક માટે હમણાં જ કોંગ્રેસમાં જોડાયેલા ઠાકોર સેના અગ્રણી અલ્પેશ ઠાકોરે ગેનીબેન ઠાકોરનું નામ જાહેર કરતાં વાવ વિસ્તારનાં આગેવાનોમાં ચર્ચાનો વિષય બન્યો છે. અત્યાર સુધી ગેનીબેન ઠાકોરનું નામ જ લગભગ નિશ્ચિત હોવાનું મનાતું હતું ત્યારે અલ્પેશ ઠાકોરના આ ઉતાવળીયા નિવેદનથી સમગ્ર કોંગ્રેસ તથા વાવ તાલુકાની કોંગ્રેસમાં ભડકો થઈ જવા પામ્યો છે. ત્યારે ભાજપા મોવડી મંડળ વાવ વિસ્તાર માટે ઉમેદવાર પસંદગી મુદ્દે અવઢવમાં આવિ ગયું છે. અન્ય ઉમેદવારો તરફ નજર કરીએ તો રાજપૂત સમાજમાંથી કાનજીભાઈ રાજપૂત તેમજ બ્રાહ્મણ સમાજમાંથી અમીરામભાઈ આસલ કે જેઓ તાલુકા પંચાયતના પ્રમુખ છે અને કોંગ્રેસના યુવાન અને ધગસ્શીલ કાર્યકર છે તેમનું નામ ચર્ચામાં આવ્યું છે. અમીરામભાઈ છેલ્લા ૧૫ વર્ષથી કોંગ્રેસ સાથે સંકળાયેલા સક્રિય યુવા અગ્રણી છે. તો સામાપક્ષે ગેનીબેન ઠાકોર પણ પીઠ કોંગ્રેસી અગ્રણી તેમજ દિયોદર અને થરાદમાંથી વિધાનસભાની ચૂંટણી લડેલા કોંગ્રેસી કાર્યકર છે. કાંઠા વિસ્તારની વિધાનસભા સીટોનું વિશ્લેષણ જોઈએ તો દિયોદર, વાવ અને થરાદમાં જાતિવાદી સમીકરણ બેસાડીને જ કોંગ્રેસ ઉમેદવારની પસંદગી કરશે. દિયોદરમાંથી ચૌધરી સમાજના ઉમેદવાર તરીકે ભારતીબેન ચૌધરી અને શીવાભાઈ ભુરીયાનું નામ ચર્ચામાં અગ્રહરોળમાં છે. વાવ અને દિયોદરના ઉપરોક્ત સમીકરણ જોતા થરાદ માટે ક્ષત્રીય ઉમેદવાર તરીકે ડી.ડી. રાજપૂત લગભગ નિશ્ચિત હોવાનું મનાય છે. ત્યારે ક્ષત્રીય ઉમેદવાર તરીકે જ ગુલાબસિંગ રાજપૂત પણ ટીકીટની રેસમાં છે. દિયોદર વિસ્તારમાં જો ક્ષત્રીય ઉમેદવાર તરીકે ભરતસિંહ વાઘેલાની પસંદગી થાય તો પછી થરાદમાં મારવાડી પટેલ સમાજના ઉમેદવાર તરીકે માવજીભાઈ પટેલનું નામ નિશ્ચિત થઈ શકે તેવા સમીકરણો બની રહ્યા હોવાનું ચર્ચાસ્પદ છે.

## ડીસા સહિત...

પાના નં .૮ ચાલુ

વરસાદની સંભાવના નહીવત હોવાનું જણાવ્યું છે તેમ છતાં ભેજના ઉંચા પ્રમાણને લઈને વાતાવરણમાં ધુમ્મસ જેવુ જોવા મળી રહ્યું છે. ધુધળાશભર્યા હવામાનને લઈને લોકોને પણ ભારે હાલાકી ભોગવી પડી રહી છે.

શિયાળાની ઋતુ ધીરેધીરે પોતાની જમાવટ કરી રહી છે. ત્યારે ઠંડીનું પ્રમાણ વધતા નવજાત બાળકો, નાના ભુલકાઓ, વયોવૃધ્ધ લોકો સહિતને ગરમ કપડામાં સજ્જ થવાની નોબત આવી ગઈ છે. પ્રજાજનોએ ઘરમાં રાખી મુકેલા ગરમ કપડાઓ બહાર કાઢી ઠંડીથી રક્ષણ મેળવવા ઉપયોગ કરી રહ્યા છે. સ્થાનિક બજારોમાં પણ ઠંડીની શરૂઆત થતાં ગરમ વસ્ત્રો, જેવા કે સ્વેટર, મફલર, ટોપી, હાથ અને પગના મોજા બ્લેન્કેટ, ધાબળા, રજાઈ વગેરે ગરમ વસ્તુઓની માંગ પણ વધી રહી છે.

ગુરુવારના સવારથી જ હવામાનમાં આવેલા પલટાના પગલે દિવસભર સુરજ પણ વાદળછાયા વાતાવરણમાં સંતાકુકડી રમી રહ્યો છે. સૂર્યનો તડકો પણ મધ્યમ થઈ રહ્યો છે. છેલ્લા કેટલાય સમયથી શિયાળાની ઋતુ જામતી ન હતી. જેને લઈ આમ પ્રજા સહિત ખેડુત વર્ગ ચિંતિત બની ગયો હતો. ત્યારે છેલ્લા બે દિવસથી ફુંકાઈ રહેલા ઠંડા પવનો અને અચાનક આવેલ હવામાનના પલટાના કારણે સમગ્ર જિલ્લા શીતલહેર પ્રસરી ગઈ છે. જે આગામી દિવસોમાં વધુ પ્રસરી શિયાળાની કાતિલ ઠંડીનો અનુભવની શક્યતાઓ સેવાઈ રહી છે.

## ડીસાની ગોગાઢાણી...

પાના નં .૮ ચાલુ

વિભાગને ધ્યાને આવ્યું હતુ. ગોગાઢાણી પ્રાથમિક શાળાના આચાર્યનો આવો વિડિઓ વાયરલ થતા શિક્ષણ વિભાગે કાર્યવાહી હાથ ધરી છે અને આચાર્ય સામે આચારસંહિતા ભંગ મુજબ નોટિસ ફાટકારાઈ છે.

ડીસા તાલુકા કેળવણી નિરીક્ષક જાગૃતીબેન દેસાઈ એ નોટિસ આપી ખુલાસો માગ્યો છે. જ્યારે આ મામલે આચાર્ય શૈલેષ પ્રજાપતિ પોતાને નિર્દોષ સાબિત કરતા જણાવ્યું હતું કે તેઓએ ગીતમાં કોઈ જગ્યાએ નરેન્દ્ર મોદી શબ્દ નો ઉલ્લેખ કર્યો નથી અને કોઈ નેતા ની મજાક ઉડાડવાનો પણ કોઈ ઈરાદો નથી..જોકે ભલે આચાર્ય પોતાને નિર્દોસ સાબિત કરવાની વાત કરતા હોય પરંતુ વાયરલ થયેલા વિડીઓમાં નારેન્દ્ર મોદી ની મજાક ઉડાડતા હોવાનું પણ સ્પષ્ટ જણાઈ આવે છે.જેથી શાળા ના આચાર્ય સામે આચારસંહિતા ભંગ ની ફરિયાદ થાય તેવી શક્યતાઓ છે.

## રજોસણા પાસે...

પાના નં .૮ ચાલુ

પાછળ આવેલી સાકાર સોસાયટીમાં રહેતા ૪૦ વર્ષીય ફાર્માસ્યુટિકલના હોલસેલના વેપારી મહેન્દ્રભાઈ નારણભાઇ પટેલનું મોત નિપજ્યું હતું.

જયારે હાલમાં છાપી રહેતા મૂળ શિહોરી તાલુકાના સેદ્રાસણ ગામના ૪૦ વર્ષીય પ્રધાનજી વિરચંદજી ઠાકોરને ઈજા થતા તેઓને સારવાર અર્થે પાલનપુર સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતા.

## થરાદના નાનોલ...

પાના નં .૮ ચાલુ

ભારે નુક્સાન થયું હતું. તે નુકસાન ને લઈને સરકારે ખેડૂતો માટે રાહતનાં પેકેજ જાહેર કર્યા હતાં. જેમાં થરાદના કેટલાય ગામોમાં ભારે ગોટાળા વળ્યા હોવાની રાડો ઉઠવા પામીછે.ગામમાં પંચાયતની ચુંટણીઓમાં જેમણે વોટ આપ્યા તે પ્રમાણે સહાયની રકમ ચુકવીને સરકારના રૂપીયાનો મોટા પ્રમાણમાં દુરુપયોગ કરવામાં આવ્યો હોવાનું પણ સામે આવી રહ્યુંછે.

થરાદના નાનોલ ગામમાં જે સમાજના ખેડુતોની વધારે જમીન છે તેમના ખાતામાં માત્ર ૯,૩૪,૫૦૦ રૂપિયા અને જે સમાજના ખેડુતોની જમીન ઓછીછે તેમના ખાતામાં રૂપીયા ૨૯,૩૩,૫૦૦ રૂપિયા આપવામાં આવ્યા હોવાનો આક્ષેપ થવા પામ્યોછે.ગામમાં બધાને એકજ સરખું નુકસાન હોવા છતાં પણ અધિકારીઓ અને સરપંચની મિલીભગતથી ઓછી જમીન વાળા ખેડુતોના ખાતામાં ૫૦-૬૦ હજાર રૂપિયા અને વધારે જમીન ધરાવતા ખેડુતોના ખાતામાં ૧૫૦૦-૨૦૦૦ પ્રમાણે જ ચુકવણુ કરવામાં આવ્યું છે.જ્યારે બીજી અન્ય સમાજ જેવીકે રબારી,નાઈ,બ્રાહ્મણ, દલિત ખેડુતોને પણ જેમણે જે પ્રમાણે મત આપ્યાં તે પ્રમાણે તેમના ખાતામાં પૈસા આપી કોમવાદ અને વ્હાલા દવલાંની નિતી અપનાવવામાં આવતાં ગામમાં ભારે હોબાળો મચવા પામ્યો હતો.આવા અસરગ્રસ્ત અન્યાય થયેલા ખેડુતોએ આ મુદ્દે મુખ્યમંત્રીને રજુઆત કરવાની તજવીજ પણ હાથ ધરી હોવાનું જાણવા મળ્યું હતું.જોકે દરેક ગામોમાં આવી જ રીતે સહાય ચુકવવામાં આવી છે સરકાર દ્વારા આ મુદ્દે તટસ્થ તપાસ કરીને અસરગ્રસ્તોને ન્યાય આપવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે.

# સ્થાનિક બજાર ભાવ

**ચોકસી બજાર**(કીલોના)
**ચાંદી ચોરસા** ૪૦૦૦૦-૪૦૩૦૦
રૂપુ કાચું ૪૦૦૦૦-૪૦૩૦૦
સોનુ તોલો ૩૦૦૦૦-૩૦૩૦૦
**તેલ બજાર**
**રાધે પામોલીન** ૧૦૦૦
પામોલીન ૧૦૦૦
સોયા રીફાઈન ૧૨૮૦
રાયડાતેલ ૧૫કી.૧૧૧૦-૧૨૨૦
સીંગતેલ૧૫ કી. ૧૫૩૦-૧૫૪૦
સીંગતેલ ૧૫ લી.૧૪૨૦
સીગતેલ ૫ લી. ૪૭૫
તિરૂપતી કપા. ૧૨૦૦
૫ લીટર ૩૮૩
વનસ્પતિ ઘી ૧૦૦૦-૧૧૦૦
કોપરેલ ૧૫ કિલો ૨૮૦૦-૩૦૦૦
૫ કે. કોપરેલ૧૦૦૦
૫લી. અંકુર સીંગતેલ ૪૬૫-૪૬૮
**૧૫ લીટર સનફલાય ૧૧૭૦**
ટાયગર રાયડા તેલ ૧૫ કી. ૧૨૨૦
૫ લી. ૩૭૦
૨ લી. ૧૫૭
**ચોખા-દાળ બજાર**
(૧૦૦ કીલોના ભાવ)
કીચન ચેમ્પીયન કલાસીક ૮૫૦૦
કીચન ચેમ્પીયન સુપર ૭૭૦૦
કીચન ચેમ્પીયન તીબાર ૭૨૦૦
કીચન ચેમ્પીયન દુબાર ૬૯૦૦
કીચન ચેમ્પીયન રોજાના ૬૫૦૦
કીચન ચેમ્પીયનમીની દુબાર ૫૮૦૦
કીચન ચેમ્પીયન મોગર ૪૮૦૦
કીચન ચેમ્પીયન મીની મોગરા ૪૪૦૦
કીચન ચેમ્પીયન મીની મોગરા ૩૯૦૦
કીચન ચેમ્પીયન બ્રોકન ૩૦૦૦
દાવત ૧૧૨૧ કલાસીક ૯૫૦૦
દાવત ૧૧૨૧ કલાસીક ૯૫૦૦
દાવત સ્પેસીયલ ૭૮૦૦
દાવત ૭૭૦૦
દાવત તીબાર ૭૭૦૦
દાવત દિલખુશ ૭૮૦૦
દાવત રોજાના ૬૮૦૦
દાવત મોગરા ૪૮૦૦
દાવત મીની મોગરા ૪૦૦૦
ઈ.ગેટ કલાસીક ૨૫ કી.૧૪૦૦૦
ઈ.ગેટ કલાસીક ૧૦ કી.૧૪૨૦૦
ઈ.ગેટ કલાસીક ૫ કી.૧૪૨૦૦
ઈ.ગેટ કલાસીક ૧ કી.૧૪૪૦૦
ઈ.ગેટ સુપર ૨૫+૫ કી.૧૧૨૦૦
ઈ.ગેટ સુપર ૧૦ કી.૧૧૨૦૦

ઈ.ગેટ સુપર ૫ કી.૧૧૬૦૦
ઈ.ગેટ સુપર ૧ કી.૧૦૭૦૦
ઈ.ગેટતીબાર ૨૫ કી.૮૦૦૦
ઈ.ગેટ તી બાર ૧૦ કી.૮૧૦૦
ઈ.ગેટતીબાર ૫ કી.૮૫૦૦
ઈ.ગેટતીબાર ૧ કી.૮૫૦૦
ઈ.ગેટ દુબાર ૨૫ કી.૭૫૦૦
ઈ.ગેટ દુબાર ૧૦ કી.૮૦૦૦
ઈ.ગેટ દુબાર ૫ કી.૮૦૦૦
ઈ.ગેટ દુબાર ૧ કી.૮૦૦૦
દુન પ્રીમીયમ ૯૦૦૦
દુન તીબાર ૨૫ કી.૭૭૦૦
દુન તીબાર ૧૦ કી.૭૨૦૦
નર્મદા મગ પોલીસ ૫૬૦૦
મગદાળ નર્મદા સુપર ૬૨૦૦
નર્મદા મગ મોગર ૬૦૦૦
મગમોગરનર્મદાપ્રીમી ૬૨૦૦
નર્મદા અડદદાળ ૬૦૦૦
ઈન્ડિયા ગેટ મીની જુના ૪૫૦૦
ઈન્ડિયા ગેટ મોગરો ૪૪૦૦
ઈન્ડિયા ગેટ કણકી ૨૮૦૦
ઈન્ડિયા ગેટ ગોલ્ડન સેલા ૬૮૦૦
તુવરદાળ કૃષ્ણા ૭૦૦૦
તુવરદાળ રેંટીયો કિ.૫ ૯૦૦૦
તુવરદાળ ખીડીયાર ૬૧૦૦
લાલ કીલ્લો મેજીસ્ટીક ૯૦૦૦
લાલ કીલ્લો પ્રીમીયમ ૮૦૦૦
લાલ કીલ્લો તીબાર ૭૦૦૦
લાલ કિલ્લો દુબાર ૫૫૦૦
લાલ કિલ્લો મોગરો ૪૫૦૦
હેરીટેઝ એક્ષએક્ષએલ ૯૦૦૦
હેરીટેજ તીબાર ૭૮૦૦
હેરીટેજ દુબાર ૬૦૦૦
હેરીટેજ મીની દુબા ૫૦૦૦
કાયનાત પી ૮૫૦૦
કાયનાત સુપર ૮૧૦૦
કાયનાત ૬૮૦૦
રાજા બાસમતી ૪૦૦૦
કુરૂક્ષેત્ર ૫૮૦૦
એપ્પલ પ્રીમીય ૪૮૦૦
ઓરેન્જ ૬૦૦૦
દાવત અપ્સરા ૫૦૦૦
જીરાસર ચંદન ૩૮૦૦
ચણાદાળ ૪૪૪ ૭૧૦૦

મગદાળ સમરદીપ ૭૨૦૦
મગમોગર રીયલ ૮૦૦૦
અડદદાળ અક્ષર ૮૩૦૦૦
મગ ૫૭૦૦
અંગુર તુવેરદાળ ૭૨૦૦
અંગુરતુવેરદાળઆયાતી ૬૪૦૦
ગાય છાપ તુવેરદાળ ૬૦૦૦
કિસાન તુવેરદાળ ૬૨૦૦
પરખ ગોલ્ડ પ્રીમીયમ ૬૦૦૦
પરખ સ્પેશીયલ ૫૨૦૦
લાલપરી તીબાર જુના ૪૨૦૦
લાલપરી દુબાર જુના ૩૮૦૦
લાલપરી સ્પેશી.નવા ૪૪૦૦
લાલપરી દુબાર નવા ૩૯૦૦
રોયલ ટેસ્ટ બાસમતી ૪૦૦૦
લાલમંદિર બાસમતી ૩૬૦૦
**ખાંડ બજાર**
(બોરીના ભાવ)
**ખાંડ એસ.** ૩૯૦૦-૪૦૦૦
**ખાંડ એમ.** ૪૦૦૦-૪૧૦૦
ખાંડએલ. ૪૦૫૦-૪૧૦૦
**ચા-બજાર**
સુરજ છાપ ચા ૩૦૦
હરણ છાપ ચા ૨૨૦
**આખા મરચાં-હળદર**
હળદર આખી રાજાપુરી ૭૦-૧૨૦
હળદર આખી રાજાપુરી ગટ્ટા ૧૦૦-૧૪૦
હળદર આખી સેલમ ૯૦
હળદર તળેલી સાંગલી ૮૦
મરચા વન્ડર હાટ ૨૦૫૦
મરચા વન્ડર મીડીયમ ૧૭૦૦
મરચા તેજા ૧૮૦૦
મરચું ગંતુર મીડીયમ ૧૯૦૦-૨૦૦૦
મરચા ટોમેટો ૨૨૦૦
મરચા ટોમેટો મીડીયમ ૧૯૦૦
કાશ્મીરી ૯૦
કાશ્મીરી મમરી ૯૦
સુપર પટની ૧૦૫
સુપર રજવાડી ૧૯૦
મરચા ડેડીકટ ૧૨૫
મરચાં ૫૮૦૦
**ગોળ બજાર**
વડેચા ગોલ્ડ ૧૦ કે ૪૪૦૦
વડેચા રજી ૧૦ કે. ૪૬૦૦
વડેચા ૫ કી.
૪૮૦૦
વડેચા ૧ કી.

૫૦૦૦
વડેચા ૨૫૦ ગ્રામ ૫૦૦૦
સાંગલી ૧૦ કે. ૪૩૦૦
**ખોળ બજાર**
દાણ ૭૦ કી.ગ્રા. ૬૫૦
મોરબી ખોળ ૧૦૫૦-૧૭૦૦
જીરાળુ ૧૭૪૦
ચૂની કોરમુ ૭૦ કિ.ગ્રા. ૯૨૦-૧૫૪૦
મકાઈ ૩૫ કી.ગ્રા. ૫૩૦
જવ ભરડો ૩૫ કી.ગ્રા.૫૭૦
**પરચુરણ**
સોજી ૮૬૦
મેંદો ૮૬૦
શ્રીફળ એમ. ૮૮૦
નિરમા સાબુ૫૨૫
મેદી ૬૦-૧૦૦
અજમો ૧૪૦-૧૭૦
સાકરીયા ૪૪૦૦
ખાંડ બુરૂ ૪૪૦૦
કોકમ ફુલ ૧૮૦
એલચી ૧૧૦૦-૧૪૦૦
મોરૈયો ૬૫-૯૪
તલ ૯૦-૧૦૦
ખસ-ખસ ૩૫૦-૫૮૦
સીંગદાણા ૬૫-૮૦
**શાકભાજી(૨૦ કિલોના ભાવ)**
દુધી ૨૦૦-૨૪૦
સુકી ડુંગળી ૬૦૦-૭૦૦
લસણ ૭૦૦-૮૦૦
ધાણા ૧૦૦૦-૧૨૦૦
મરચાં ૪૦૦-૫૦૦
લીંબુ ૬૦૦-૭૦૦
અડવી પત્તા ૨૦૦-૩૦૦
આદુ ૬૦૦-૭૦૦
રીંગણ ૪૦૦-૫૦૦
ટામેટા ૭૦૦-૮૦૦
ભીંડા ૬૦૦-૭૦૦
કોબી ૪૦૦-૫૦૦
વટાણા ૧૧૦૦-૧૨૦૦
ટીંડસા ૫૦૦-૬૦૦
ગવાર ૮૦૦-૯૦૦
બાદશાહ બટાકા ૧૪૦-૨૦૦
સાંગા બટાકા ૧૨૦- ૧૪૦
ચોળી ૭૦૦-૮૦૦
તુરીયા ૩૦૦-૬૦૦
તુવેર ૯૦૦-૧૦૦૫

**રખેવાળ ના માધ્યમથી તમારા લાડલાને અથવા સ્નેહીને જન્મદિન શુભેચ્છાઓ.....**

**'જન્મદિન મુબારક' માં ભાગ લેવા આટલું કરો**

★ તમારા સ્નેહીને વિનામુલ્યે જન્મદિન-મુબારક પાઠવવાનો નીચેની કુપનમાં જણાવેલ વિગત જન્મદિવસ તારીખ અગાઉ એક સપ્તાહ પહેલાં મળી જાય તે રીતે મોકલી આપવું.

★'રખેવાળ' માં પ્રસિદ્ધ થયેલ કૂપન સિવાય અન્ય કાગળોમાં મોકલેલ વિગતો ધ્યાને લેવાશે નહીં.

કૂપન સાથે જન્મ તારીખના દાખલાની ઝેરીક્ષ અવશ્ય મોકલવી.

★ જન્મદિન મુબારકમાં જો આપ ફોટો છપાવવા ઈચ્છતા હોવ તો તે માટે ટીકીટ સાઈઝ ફોટા માટે રૂા. ૧૦૦/- તથા ૪ સે.મી. સાઈઝ ફોટો માટે રૂા. ૨૫૦/- ચાર્જ એડવાન્સ મોકલી આપવાના રહેશે.

**જન્મદિન મુબારક**

નામ :...................... પતિ/પિતા :......................
માતા : ......................જ.તા. ................ઉ.વ.
પરિચય: ..................................................
સરનામુ : ..................................................
મોકલનારની સહી : ........................................

# ખુબસુરત ડાયના પેન્ટી હવે જહોન અબ્રાહમ સાથે હશે

ખુબસુરત ડાયના પેન્ટી હાલમાં બે મોટી ફિલ્મોમાં કામ કરી રહી છે. જે પૈકી એક અભિષેક શર્મા દ્વારા નિર્દેશિત પરમાણુ ફિલ્મ છે. જેમાં તે જહોન અબ્રાહમની સાથે નજરે પડનાર છે. વર્ષ ૧૯૯૮માં ભારત દ્વારા કરવામાં આવેલા પરમાણુ પરીક્ષણ પર આધારિત આ ફિલ્મ છે. ઝી સ્ટુડિયો દ્વારા આ ફિલ્મ નિર્મિત છે. હાલના કાર્યક્રમ મુજબ આ ફિલ્મને ૨૩મી ફેબ્રુઆરી ૨૦૧૮ના દિવસે રજૂ કરવા માટેની તૈયારી કરવામાં આવી છે. આ ફિલ્મ પહેલા આઠ ડિસેમ્બરના દિવસે રજૂ કરવાની યોજના હતી. જો કે હવે ફિલ્મની રજૂઆતની તારીખ બદલી દેવામાં આવી છે. સંજય લીલાની ફિલ્મ સાથે આને રજૂ કરવાની યોજના તૈયાર કરવામાં આવી હતી. ડાયના પેન્ટી પાસે અન્ય ફિલ્મ હેપ્પી ભાગ જાયેગીની સિક્વલ પણ છે. જેમાં સોનાક્ષી પણતેની સાથે કામ કરનાર છે.

હેપ્પી ભાગ જાયેગી ફિલ્મમાં તેની ભૂમિકા શાનદાર રહ્યા બાદ હવે સિક્વલ ફિલ્મ બનાવવામાં આવી રહી છે. ડાયના અન્ય કેટલાક કામ હાથમાં ધરાવે છે. તે ફેશન સાથે સતત જોડાયેલી રહી છે. તે નોકિયા, માઈક્રોમેક્સ મોબાઈલ સહિતની કંપનીના બ્રાન્ડ એમ્બેસેડર તરીકે રહી છે. ડાયના છેલ્લે લખનૌ સેન્ટ્રલમાં નજરે પડી હતી જેમાં ફરહાન અખ્તરની ભૂમિકા હતી. મોડલિંગમાં નોંધપાત્ર સફળતા મેળવી લીધા બાદ તે વર્ષ ૨૦૧૨માં બોલિવુડમાં પ્રવેશી ગઈ હતી. આ ફિલ્મમાં તેની સાથે સેફઅલી ખાન અને દિપિકાની પણ ભૂમિકા હતી. આ ફિલ્મ કોકટેલ હતી. તે નિર્દેશક તરીકે પણ કામ કરવાની યોજના ધરાવે છે કે કેમ તે અંગે પુછવામાં આવતા ડાયનાએ કહ્યુ હતુ કે તે હાલમાં આવી કોઈ યોજના ધરાવતી નથી. નિર્દેશન અંગે તો તે ક્યારેય વિચારતી પણ નથી હાલમાં તો તે માત્ર એક્ટિંગ કેરિયરની શરૂઆત કરી રહી છે.

## ઈશા

અનુસંધાન ૫ નું ચાલુ

જેમાં તેની સાથે ઈમરાન હાશ્મી, અજય દેવગન અને ઈલિયાના ડી ક્રુઝની ભૂમિકા હતી. ઈલિયાના સામાન્ય રીતે બોલ્ડ અંદાજના કારણે ઓળખાય છે. તેનુ કહેવુ છે કે એવા સમયમાં જ્યારે લોકો દિવાલ બનાવવાનુ કામ કરી રહ્યા છે ત્યારે અમેરિકા અને ભારત નજીક આવી રહ્યા છે જે સારી બાબત છે. આ કલ્ચર અને એકતા સાથે સંબંધિત બાબત છે. અમે લોકોને એકબીજાની સાથે જોડી રહ્યા છીએ તે સારી બાબત છે. તેનુ કહેવુ છે કે બોલિવુડ અને હોલિવુડના કલાકારો હવે નજીક આવી રહ્યા છે. બન્ને ક્ષેત્રના લોકો એકબીજાની સાથે કામ કરી રહ્યા છે. હવે હોલિવુડના લોકો પણ બોલિવુડને વિશ્વ પ્રસિદ્ધ સિનેમા તરીકે સ્વીકારવા લાગી ગયા છે. તેનુ કહેવુ છે કે જ્યારે તે બોલિવુડ સ્ટાર તરીકે પરિચય આપે છે ત્યારે લોકો ચોંકી જાય છે. જેથી લાગે છે કે બોલિવુડના લોકો પણ ત્યાં પહોંચી ગયા છે. .

## કૃતિ સનુન

અનુસંધાન ૫ નું ચાલુ

અત્રે નોંધનીય છે કે સુશાંતને સૌથી પહેલા ચેતન ભગતની નવલકથા પર આધારિત ફિલ્મ હાફ ગર્લફ્રેન્ડ મળી હતી. જો કે તે આ ફિલ્મમાં કામ કરી શક્યો ન હતો. ત્યારબાદ તેની જગ્યાએ અર્જૂન કપુરને લેવામાં આવ્યો હતો. અર્જૂન કપુરની સાથે ફિલ્મમાં શ્રદ્ધા કપુર જોવા મળી હતી. મોહિત સુરી દ્વારા હાફ ગર્લ ફ્રેન્ડ ફિલ્મ બનાવવામાં આવી હતી. સુશાંત ચંદા મામા દુર કે નામની ફિલ્મમાં પણ કામ કરી રહ્યો છે. કરણ જોહરની ડ્રાઈવ ફિલ્મમાં પણ તે કામ કરી રહ્યો છે. સુશાંત બોલિવુડમાં આવ્યા બાદ સારી સારી ફિલ્મોમાં કામ કરી રહ્યો છે. તેની પાસે સારી પટકથા વાળી ફિલ્મોની ઓફર પણ આવી રહી છે. ધોનીની લાઈફ પર બની રહેલી ફિલ્મમાં તે કામ કર્યા બાદ લોકપ્રિય થયો હતો. કૃતિ સાથે તેના સંબંધની ચારેબાજુ ચર્ચા જોવા મળી રહી છે. કૃતિ આશાસ્પદ તરીકે ઉભરી છે.

## રજનિકાંત

અનુસંધાન ૫ નું ચાલુ

તે સમાજના દરેક વર્ગના લોકોને સાથે લઈને આગળ વધી શકે છે. બીજી બાજુ લેખક સ્ટાલિન માને છે કે બહારી હોવાના કારણે રજનિકાંત જાતિ આધારિત રહેશે નહી. ડીએમકે મજબુત વિરોધી ન હોવાના કારણે સત્તા મેળવી લેવાના પ્રયાસમાં છે. રજનિકાંતના રાજનીતિમાં એન્ટ્રી થવાથી ચોક્કસપણે માહોલ બદલાઈ જશે. કેટલાક લોકો એમ પણ કહે છે કે રજનિકાંત માટે લઘુમતિ સાથે રાખવાની બાબત સરળ રહેશે નહી. તમિળનાડુમાં રાજનીતિ ખુબ ઉપયોગી પુરવાર થઈ શકે છે. જયાના અવસાન માટે સમીકરણ બદલાયા છે.

# હિરાની સાથેની ફિલ્મમાં કામ કરીને સોનમ ખુશ છે

બોલિવુડમાં લોકપ્રિય સ્ટાર તરીકે ઉભરી રહેલી અભિનેત્રી સોનમ કપુર રાજકુમાર હિરાની સાથે ફિલ્મમાં કામ કરીને ભારે ખુશ છે. આ ફિલ્મ વિતેલા વર્ષોના સ્ટાર અભિનેતા સંજય દત્તની લાઈફ પર આધારિત ફિલ્મ છે. જેમાં તે સંજય દત્તની પ્રેમિકાના રોલમાં નજરે પડનાર છે. ફિલ્મમાં તેના રોલ અંગે પુછવામાં આવતા સોનમ કપુરે માહિતી આપવાનો ઈન્કાર કર્યોહતો અને કહ્યુ હતુ કે આ તબક્કે રોલ અંગે વાત કરવી યોગ્ય રહેશે નહી. નિરજાની અભિનેત્રીએ એમ પણ કહ્યુ છે કે તે બોલિવુડમાં કેટલીક ફિલ્મોમાં કામ કરી રહી છે. તેનુ કહેવુ છે કે રાજકુમાર હિરાની સાથે તમામ કલાકારો કામ કરવા માટે હમેંશા ઉત્સુક રહે છે. સોનમ કપૂરનું કહેવું છે કે તે પોતે પણ રાજકુમાર હિરાનીની મોટી ચાહક તરીકે છે. રાજકુમાર હિરાની કોઈપણ ફિલ્મને ખૂબ જ શાનદાર રીતે રજુ કરવા માટે જાણીતા છે. નવી ફિલ્મ સંજય દત્તની લાઈફ ઉપર આધારીત છે. જેમાં સોનમ કપૂરની સાથે સાથે રણબીર કપૂર, અનુષ્કા શર્મા, પરેશ રાવલ, મનિષા કોઈરાલા, મનિષા તન્ના, વિકી કૌશલ, દિયા મિરઝાનો સમાવેશ થાય છે. મનિષા કોઈરાલા ફિલ્મમાં સંજય દત્તની માતા તરીકેની ભૂમિકામાં નજરે પડકનાર છે. જ્યારે અનુષ્કા શર્મા, સોનમ કપૂર પ્રેમિકા તરીકે નજરે પડનાર છે. જ્યારે દિયા મિર્ઝા સંજય દત્તની પત્ની માન્યતાના રોલમાં નજરે પડનાર છે. રાજકુમાર હિરાનીની આ ફિલ્મ ડિસેમ્બર મહિનામાં રજુ કરવામાં આવે તેવી શક્યતા છે. સંજય દત્તના પડકારરૂપ રોલમાં રણબીર કપૂરે મુખ્ય ભૂમિકા અદા કરી છે. રણબીર કપૂરે અગાઉ રાજકુમાર હિરાનીની પીકે ફિલ્મમાં ટૂંકી ભૂમિકા અદા કરી હતી.

## પાટણમાં સુભાષચોક ચાર રસ્તે ગણેશ મંદિર પાસે વકરતી ટ્રાફિક સમસ્યા

પાટણ

પાટણમાં ગુંગડી ચાર રસ્તે જતાં સુભાષચોક ખાતે આવેલા ચાર રસ્તા પર શ્રી ગણેશ ભગવાનના મંદિર પાસે દસ રીક્ષા ઉભી રહે તે માટેનું સ્ટેન્ડ બનાવવામાં આવેલ છે અને એથી વધારે રીક્ષાઓ અને મેટાડોર જેવા વાહનો પાર્ક કરવામાં આવતા ચાર રસ્તા પર ટ્રાફિકની સમસ્યા સર્જાય છે ક્યારેક દુકાનો આગળ વાહનો પાર્ક થતાં વેપારી અને વાહનચાલક વચ્ચે બોલાચાલી થતી હોય છે. ટ્રાફિક સત્તાવળાઓ દ્વારા આ બાબતે કડક કાર્યવાહી કરી વધારાના વાહનોને અન્યત્ર ખસેડવામાં આવે તેવી વેપારીઓની માંગ ઉઠી છે. ચાર રસ્તા પર આવેલ ગણપતિ મંદિર પાસે રીક્ષાઓ તો ઉભી રહે છે. પરંતુ હવે નાસ્તાની લારીવાળા - પાણીપુરીની લારી પણ ઉભી રાખવામાં આવતાં મંદિરે દર્શન કરવા આવતા લોકોને વાહનોને અથડાઈને આવજા કરવી પડતી હોય છે. જેથી દર્શનાર્થીઓમાં પણ રોષની લાગણી ઉદભવી ઉઠેલ છે.

## રાધનપુર કોલેજમાં સિલાઈમશીન વિતરણ કાર્યક્રમ યોજાયો




રાધનપુર

રાધનપુરમાં હિંમતવિદ્યાનગર સ્થિત આર્ટસ ૠ કોમર્સ કોલેજ દ્વારા ચાલતા સ્વ.મણિબા રણછોડદાસ પટેલ શિવણ વર્ગ દ્વારા ટ્રસ્ટના પ્રમુખ મહેશભાઈ મુલાણીના અધ્યક્ષસ્થાને વિધવા,ત્યક્તા તથા આર્થિક રીતે જરૂરિયાતમંદ બહેનોને સ્વનિર્ભર બને તે હેતુથી શિવણ મશીન વિતરણ કાર્યક્રમ યોજાયો હતો,કોલેજના પ્રિન્સિપાલ ડો.સી.એમ.ઠક્કરે મહેમાનોને આવકાર્યા હતા અને આંખના સર્જન ડો.અંબાલાલ પટેલ દ્વારા તેમના માતૃશ્રીના નામે ચાલતા શીવણવર્ગને બિરદાવીને અત્યારસુધી ૮૦૦ બહેનોએ વિનામૂલ્યે તાલીમ મેળવેલ છે અને વર્ગ દ્વારા અત્યારસુધી ૪૪ બહેનોને શિવણ મશીન વિતરણ કરવામાં આવ્યા છે,આ વર્ગ માટે ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી પ્રત્યે પણ આભારની લાગણી વ્યક્ત કરી હતી,આ પ્રસંગે ડો.અંબાલાલ પટેલ,રાયચંદભાઈ ઠક્કર,ડો.નવીનભાઈ ઠક્કર,ધીરુભાઈ ઠક્કર,જયશ્રીબેન જોશી સહિતે હાજર રહીને શિવણ વર્ગના સામાજિક કાર્યને બિરદાવ્યું હતું,સ્વ.,સુરેશભાઈ વોરા,અમીચંદભાઈ પટેલ,ચુનીભાઈ ઠક્કર,જયેશભાઈ હાલાણી કિશોરભાઈ ઠક્કર વગેરેના સૌજન્યથી મશીનનું વિતરણ કરવામાં આવ્યું હતું.

## વિવિધ બજાર ભાવ

| | | | |
|---|---|---|---|
| | ડીસા | બીજડા | ૧૧૦૧-૧૪૦૦ |
| એરંડા | ૮૨૧-૮૩૨ | રજકો | ૧૪૫૧-૨૧૦૧ |
| રાયડો | ૬૫૦-૬૬૮ | મગફળી | ૫૫૦-૭૯૪ |
| મગફળી | ૬૬૦-૮૨૫ | રાયડો | ૬૫૦-૬૮૫ |
| બાજરી | ૨૪૬-૨૮૭ | એરંડા | ૮૦૦-૮૩૫ |
| અડદ | ૬૧૦-૭૭૫ | મેથી | ૫૩૦ |
| ગવાર | ૬૭૫-૬૯૧ | ઈસ. | ૧૬૪૦-૧૮૬૮ |
| તલ | ૧૩૪૭-૧૩૫૧ | જીરૂ | ૩૩૨૦-૩૫૫૫ |
| કપાસ | ૮૭૦-૮૭૮ | રાજગરો | ૬૨૫-૭૩૫ |
| | પાલનપુર | તલ | ૧૦૯૧-૧૪૩૦ |
| એરંડા | ૮૩૪-૮૩૫ | સુવા | ૭૭૫-૮૩૨ |
| ઘઉં | ૩૧૬-૩૬૦ | અજમો | ૭૯૫-૯૦૧ |
| બાજરી | ૨૧૦-૨૬૦ | અન્ય | ૭૨૦-૭૩૦ |
| મગફળી | ૬૫૦-૮૪૧ | | પાટણ |
| અડદ | ૭૦૦-૭૫૦ | જીરૂ | ૨૬૫૨-૩૬૨૦ |
| રાજગરો | ૭૩૧-૮૪૧ | વરી. | ૮૯૯-૧૦૩૬ |
| રાયડો | ૬૫૯-૬૭૧ | એરંડા | ૮૧૧-૮૫૩ |
| તલ | ૧૩૨૫-૧૩૬૬ | મેથી | ૩૬૬-૪૭૨ |
| | લાખણી | સુવા | ૮૧૯-૯૦૦ |
| રાયડો | ૬૫૮-૬૪૧ | રાયડો | ૬૦૦-૬૭૦ |
| ર.બાજરી | ૩૨૫-૩૬૬ | ગવાર | ૬૦૦-૭૦૫ |
| રજકો | ૧૯૪૦ | ઘઉં | ૩૧૦-૩૪૮ |
| ચીકુડી | ૭૬૫ | બાજરી | ૨૨૦-૨૮૨ |
| બાજરી | ૨૭૪-૨૮૦ | જવ | ૩૧૮ |
| એરંડા | ૮૩૮-૮૪૧ | બંટી | ૩૩૦-૩૪૦ |
| કપાસ | ૮૭૦-૮૮૧ | મગ | ૬૨૦-૯૦૦ |
| | થરાદ | તલ | ૧૧૦૦-૧૩૮૦ |
| રાયડો | ૬૭૫-૬૯૫ | અડદ | ૬૫૦-૮૮૪ |
| એરંડા | ૮૩૦-૮૪૫ | મગફળી | ૬૫૦-૭૬૧ |
| મગફળી | ૬૫૦-૭૫૭ | અજમો | ૬૦૧-૮૯૯ |
| મગ | ૬૨૫-૯૬૬ | કપાસ | ૮૮૦-૯૩૫ |
| ગવાર | ૬૮૩-૭૦૪ | | થરા |
| તલ | ૧૨૫૦-૧૫૬૧ | જીરૂ | ૩૩૦૦-૩૫૦૦ |
| જીરુ | ૨૬૫૦-૩૬૨૩ | એરંડા | ૮૩૮-૮૪૦ |
| મઠ | ૬૦૦-૬૨૦ | તલ | ૧૩૦૦-૧૩૫૦ |
| ચિકુડી | ૮૦૦-૮૫૦ | રાયડો | ૬૬૦-૬૬૮ |
| રજકાબાજરી | ૨૯૦-૩૪૦ | વરી. | ૯૦૧-૯૮૯ |
| ઈસબગુલ | ૧૭૦૦-૨૦૩૦ | ગવાર | ૬૫૦-૬૭૫ |
| | રાહ | ઘઉં | ૩૦૫-૩૪૫ |
| રાયડો | ૬૭૦-૬૮૫ | બાજરી | ૨૧૫-૨૬૫ |
| એરંડા | ૮૩૦-૮૩૫ | અડદ | ૬૫૦-૭૧૦ |
| રજકાબાજરી | ૩૧૦-૩૩૫ | મગફળી | ૯૦૦ |
| | ધાનેરા | | સિદ્ધપુર |
| ઘઉં | ૩૦૫ | રાયડો | ૬૧૮-૬૭૧ |
| બાજરી | ૨૫૬-૨૮૧ | એરંડા | ૮૧૧-૮૪૬ |
| જુવાર | ૩૭૧ | મગ | ૬૫૦-૯૭૦ |
| મગ | ૭૮૦-૭૯૫ | અડદ | ૬૫૦-૮૩૬ |
| મઠ | ૬૧૫ | ગવાર | ૬૭૦-૭૧૧ |
| ચોળા | ૫૮૦-૯૬૩ | ઘઉં | ૩૨૦-૩૫૫ |
| સુવા | ૮૩૦ | બાજરી | ૨૦૦-૨૯૦ |
| વરી. | ૮૫૮ | જવ | ૪૦૦ |
| ગવાર | ૬૫૦-૬૮૭ | કપાસ | ૮૫૧-૯૩૬ |

## ચાણસ્મા તાલુકાની અમુક ગ્રામ પંચાયતમાં નાણાંપંચની ગ્રાન્ટ અન્ય હેતુ માટે વપરાઈ હોવાની રાવ

ચાણસ્મા

કેન્દ્ર સરકાર દ્વારા ગામડાઓના સર્વાંગી વિકાસ માટે જે તે ગામની જન સંખ્યાના આધારે દરેક રાજયોને વર્ષમાં બે વખત નાણાપંચની ગ્રાન્ટ ફાળવવામાં આવે છે. અને સંબંધીત જિલ્લા મારફતે તમામ તાલુકાઓને ગ્રાન્ટ ફાળવી આપ્યાબાદ દરેક ગામના ભાગે આવતી ગ્રાન્ટની રકમ ગ્રામ પંચાયતના ખાતામાં સીધી જમા કરવામાં આવે છે. સરકારની ગાઈડલાઈન મુજબ એકાદ વર્ષ અગાઉ જે તે ગ્રામ પંચાયત દ્વારા આગામી વર્ષ ૨૦૨૨ સુધી આ ગ્રાન્ટ જે હેતુ માટે વાપરવાની હોય તેના પ્લાન એસટીમેન્ટ દરેક ગ્રામ પંચાયત મારફતે જે તે જીલ્લામાં ઓનલાઈન કરી દેવામાં આવેલ છે અને તેનો ફરજીયાત પણે હાલની ગ્રામ પંચાયતે પાલન કરવાનું થાય છે. તેમ છતાં ચાણસ્મા તાલુકાની હાલની કેટલીક ગ્રામ પંચાયતો દ્વારા સરકારી ગાઈડ લાઈનનો દુર ઉપયોગ કરી નાણાપંચમાં જમા થયેલ ગ્રાન્ટ અન્ય હેતુ માટે વાપરી દેવામાં આવતી હોવાનું સરકારી સુત્રો મારફતે જાણવા મળી રહ્યું છે.

ચાણસ્મા તાલુકાની ગ્રામ પંચાયતમાં ગત વર્ષે તમામ ગ્રામ પંચાયત પાસેથી વીલેજ ડેવલોપમેન્ટ (વી.ડી.પી) બનાવી ગ્રામ પંચાયતમાં ઠરાવ કરી આગામી ૫ વર્ષ સુધી આ નાણાં કયા હેતુ માટે વાપરવાના છે તેવા કામોનું ઓનલાઈન જિલ્લા મથકે કરી દેવામાં આવ્યું છે. અને કેન્દ્ર સરકારની ગામડાની વસતીના ધોરણે વર્ષમાં બે વખત નાણાપંચની ગ્રાન્ટ જે તે ગ્રામ પંચાયતના ખાતામાં જમા થાય છે. અને હાલની ગ્રામપંચાયતે સરકારની ગાઈડલાઈન મુજબ વી.ડી.પી.માં બતાવેલ વિકાસ ના કામો કરવાના થાય છે. તેમાં વર્તમાન ગ્રામ પંચાયત કોઈપણ ફેરફાર કરી શકતી નથી.

હાલમાં ચાણસ્મા તાલુકામાં ગ્રામ પંચાયતો દ્વારા નાણાપંચની ગ્રાન્ટના આધારે વિકાસ કામો ચાલી રહ્યા છે. પરંતુ કેટલીક ગ્રામ પંચાયતો દ્વારા નિયમો નેવે મુકી જે કામોમાં વધુ ભ્રષ્ટાચાર કરવાની તક મળે તેવા કામો હાથ ધરવામાં આવી રહ્યા હોવાનું સરકારી સુત્રોમાંથી જાણવા મળ્યું છે.

નાણાપંચના ગ્રાન્ટની રકમ વપરાયા બાદ તેમાં તાલુકાના એન્જીનીયર, સુપરવાઈઝર, તાલુકા વિકાસ અધિકારી અને એકાઉન્ટન્ટના પ્રમાણપત્ર મળ્યાબાદ આ નાણાં ગ્રામ પંચાયત સરપંચશ્રી / સભ્યશ્રી /તલાટીશ્રી ની સહી થયા બાદ ઉપાડવામાં આવે છે. જેમાં મોટાપાયે ગેરરીતીઓ આચરવામાં આવી રહ્યા હોવાની હાલમાં ચર્ચાઓ ચાલી રહી છે. તાલુકાની મોટાભાગની ગ્રામ પંચાયતો સ્ટેટ લાઈટનું વીજ બીલ ભરવા સક્ષમ છે. તેવા ગામોએ અગાઉ વર્તમાન ધારાસભ્યના ફંડમાંથી એલ.ઈ.ડી. સ્ટ્રીટ લાઈટો ખરીદી કોન્ટ્રાકટર મારફતે જે તે ગામના વીજ થાંભલા ઉપર લગાડી દેવામાં આવી છે. આજે પણ મોટાભાગના ગામોએ ટયુબ લાઈટો ખરીદયા સિવાય ડાયરેક વાવચર બીલો મેળવી ગ્રામ પંચાયત રોજમેળમાં ઉધારી લાખો રૂપિયાનુંકટકી કૌભાંડ આચરવામાં આવી રહ્યું છે. ત્યારે ચાણસ્મા તાલુકાના તમામ ગામોમાં નાણાપંચની ગ્રાન્ટ વી.ડી.પી અનુસાર વાપરવામાં આવી છે કે કેમ તેની તપાસ કરી કસુરવાર ગ્રામ પંચાયત સામે પગલાં લેવાની જરૂર છે.

## અકસ્માત જોવા ગયેલા ત્રણ યુવકોના જ અકસ્માતમાં મોત થતાં ચકચાર મચી

મહેસાણા

મહેસાણામાં કાર સાથેના અકસ્માતમાં અડફેટે આવતા ૩ યુવકોના મોત થયા હતા. આ અકસ્માત વિસનગર ખેરાલુ રોડ પાસે આવેલા પાલડી ગામ નજીક થયો હતો. ૩ યુવકો બાઈક પાર્ક કરીને રસ્તા પર ઉભા રહ્યા હતા, ત્યારે એ દરમિયાન જ કાર ચાલકે ૩ યુવકોને અડફેટે લઈ લીધા હતા.

કાર સાથે અથડાતાં ૩ યુવકોના ઘટના સ્થળે જ મોત થઇ ગયા હતા. ઘટનાની હકીકત એવી છે કે આ યુવકો પણ અન્ય એક જીપનો અકસ્માત જોવા માટે ઉભા રહ્યા હતા. ચોકડી પર સાઈડમાં ઉતરી ગયેલી જીપને જોવા માટે યુવકો રસ્તા પર ઉતર્યા હતા અને પોતે જ કારની અડફેટે આવી ગયા હતા. જેમાં ૩ યુવકોના મોત થઇ ગયા.

રાજયના અરવલ્લી જિલ્લામાં પણ આવી જ એક અકસ્માતની ઘટના બની હતી. જો કે આજે અરવલ્લીમાં બે અકસ્માતો નોંધાયા હતા. અરવલ્લીના ધનસુરા રોડ પર વિરપુરથી મોડાસા તરફ જતી એસટી બસ પલટી ખાઈ ગઈ હતી. બસમાં સવાર ૪ લોકોને ઈજા થઈ છે અને ૧ને ગંભીર ઈજા થઈ હતી. જો કે બસમાં બેઠેલા ૭ વિદ્યાર્થીઓનો આબાદ બચાવ થયો હતો. એસટી બસના ઈજાગ્રસ્તોને બાયડ અને વાત્રક હોસ્પિટલમાં ખસેડાયા હતા.

બીજી તરફ અરવલ્લીમાં જ ગોઝારો અકસ્માત સર્જાયો હતો. અરવલ્લી જિલ્લામાં ટ્રક અને ટ્રેકટર વચ્ચે અકસ્માત સર્જાતા ૨ મહિલા સહિત કુલ ૬ લોકોના મોત થયા છે. જયારે ૧૩ વ્યક્તિઓ ઈજાગ્રસ્ત છે.

## ચૂંટણી ટાંણે મહેસાણા પાસેથી ૩૨.૭૮ લાખના દારૂ સાથે ૫ શખસો ઝડપાયા

મહેસાણા

મહેસાણા એલસીબી અને લાંઘણજ પોલીસે ભાસરીયા ચોકડી પાસેથી દારૂ ભરેલી ટ્રક સાથે ૫ પરપ્રાંતિયો ઝડપી લીધા હતા. ૩૨.૭૮.૪૦૦ની કિંમતનો વિદેશી દારૂ ઝડપી તપાસ કરતા દારૂનો જથ્થો ગાંધીનગર તરફ લઈ જવાઈ રહ્યો હોવાનું ખુલ્યું છે.

વિધાનસભાની ચૂંટણીને પગલે રાજસ્થાનથી વિદેશી દારૂનો જથ્થો ગુજરાતમા ઠલવાઈ રહ્યો છે. ત્યારે દારૂ ભરેલી ટ્રક ગાંધીનગર તરફ જઈ રહી હોવાની મહેસાણા એલસીબી પીઆઈ આર.એસ.પટેલ, પીએસઆઈ જે.એ.બારોટને મળેલી હકીકતને આધારે પીએસઆઈ સી.એમ.ચુડાસમા, વાય.જે.રાઠોડ સ્ટાફ સાથે મહેસાણા-અમદાવાદ હાઈવે પર વોચમા ગોઠવાયા હતા. જીજે.૧૮ એ.યુ.૯૧૮૮ નંબરની ટ્રકનો ચાલક શંકાસ્પદ જણાતા પોલીસે આડશ કરીને તે અટકાવી હતી.

જેમાંથી પોલીસે ખોખા માંથી ૩૨. ૭૮.૪૦૦ની વિદેશી દારૂની ૧૫૩૨૪ બોટલો કબ્જે કરી હતી. દારૂની બોટલો ભરેલા ખોટાને ગરમ ધાબળા અને પગ લૂછણીયામાં વિંટાળીને સંતાડવામા આવી હતી. દારૂનો જથ્થો ગાંધીનગર નજીક રહેતા શિવનારાયણ ગુપ્તાએ મંગાવ્યો હોવાનું તપાસમાં ખુલ્યું છે.

## શાકભાજીના ભાવ ગબડતાં ખેડૂતોને મજૂરીનો ખર્ચ મેળવવાના ફાંફા

હિંમતનગર

લીલા શાકભાજીની ૠતુ ગણાતાં શિયાળામાં શાકભાજીનું વાવેતર કરનારા ખેડૂતોને હવે ઠંડીમાં પણ પરસેવો પડે એવા ઘાટ ઘડાયા છે. બજારમાં તળીયે બેસી ગયેલા શાકભાજીના ભાવના કારણે ખેડૂતોને મજૂરીનો ખર્ચ પણ મેળવવાના ફાંફા પડી ગયા છે.

શિયાળાની ૠતુ શરૂ થતાંની સાથે શાકભાજી માર્કેટમાં લીલા શાકભાજીની પુષ્કળ આવક થતી હોય છે. શાકભાજી બજારમાં તેજી સાથે ખેડૂતોને માથે મંદીનું મોજું ફેરવી રહી છે. કેમ કે ચાલુ સીઝનમાં શાકભાજીનું વાવેતર મોટા પ્રમાણમાં થયું છે. જેથી શાકભાજીનો ભાવ મહિના પહેલા રૂપિયા ૭૦૦ થી ૮૦૦ પ્રતિ મણ હતો એ જ શાકભાજીનો ભાવ અત્યારે ઘટીને રૂપિયા ૧૦૦થી ૨૦૦ રૂપિયા પ્રતિ મણ થયો છે.

તો વાત કરીએ ટામેટાની તો ટામેટાની લાલાશ હજુ અકબંધ છે. આજે પણ બજારમાં તેનો ભાવ ૭૦૦ થી ૮૦૦ પ્રતિમણ છે. જેથી આ વખતે ટામેટાના ખેડૂતો ફાયદામાં રહે એમ છે.

સરકાર દ્વારા અન્ય રાજયોમાં શાકભાજીને વેચાણની કોઈ વ્યવસ્થા કરવામાં આવે તો ખેડૂતોના દિવસો વળે એમ છે. બાકી શાકભાજીનો સંગ્રહ કરવાનું પણ હાલમાં શક્ય નથી ત્યારે સરકાર ખેડૂતોના હિતમાં કઈ વિચારે એ જરૂરી બન્યું છે.

## અરવલ્લી જિલ્લામાં શરૂ કરાઈ ભારતની પહેલી સોલાર સંચાલિત કમ્પ્યુટર લેબ

અરવલ્લી

ભારતની સૌ પ્રથમ સોલારથી ચાલતી કમ્પ્યુટર લેબનું અરવલ્લી જિલ્લાના ગાબટ હાઈસ્કૂલ ખાતે શરૂઆત કરાઈ છે. ભારત સરકાર દ્વારા મેક ઈન ઈન્ડિયા અને સ્ટાર્ટઅપ ઈન્ડિયાને પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે.

ભારત દેશ ડિજિટલ ક્રાંતિ તરફ આગળ વધે તે માટેના તમામ પ્રયત્નો સરકાર દ્વારા કરવામાં આવી રહયા છે. જે અંતર્ગત અમદાવાદના પાંચ મિત્રોએ શરૂ કરેલી કેઅર કંપની દ્વારા ગુજરાતમાં યોજાયેલી ૨૦૧૭ વાઈબ્રન્ટ સમિટમાં સોલાર સિસ્ટમથી ચાલતા કમ્પ્યુટર સિસ્ટમના MOU કરવામાં આવ્યા હતા. જે અંતર્ગત અરવલ્લી જિલ્લાના ગાબટ ખાતે આવેલી સુરજબા હાઈસ્કૂલમાં ભારતની પ્રથમ સોલાર કમ્પ્યુટર લેબની આજે શરૂઆત કરવામાં આવી હતી.

મેક ઈન્ડિયાને પ્રોયસહન આપવા હેતુ આ કંપની દ્વારા ઓપેરિંગ સિસ્ટમ પણ જાતે જ બનાવામાં આવી હતી. તેમજ સોલાર પાવરથી કમ્પ્યુટર ચાલવાના કારણે આ કમ્પ્યુટર સસ્તા પડે છે જેને લઈને ગ્રામ્ય વિસ્તારમાં પણ ગરીબ બાળકોને કમ્પ્યુટરનું એજ્યુકેશન મળી રહે તેવો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.

સુરજબા હાઈસ્કૂલના પ્રિન્સિપલના જણાવ્યા પ્રમાણે શાળામાં અત્યાર સુધી પાવર કટ થવાના કારણે વિદ્યાર્થીઓને પૂરતું કમ્પ્યુટરનો શિક્ષણ મળતું નહોતું પરંતુ સોલારથી ચાલતા કમ્પ્યુટર લગાવાના કારણે બાળકોને પડતી તકલીફ દૂર થશે.

## ધનસુરા પાસે ૯૧ હજારના વિદેશી દારૂ સાથે બે ઈસમોની અટકાયત

મોડાસા

ધનસુરા નજીક કીડી ગામની સીમમાંથી શામળાજીથી લવાતા ૯૧ હજારના દારૂ સાથે બે શખ્સોની અટકાયત કરવામાં આવેલ છે. પોલીસે દારૂ, કાર અને મોબાઈલ સહિત રૂા. ૪ લાખનો મુદ્દામાલ જપ્ત કરી કાર્યવાહી હાથ ધરી છે.

શામળાજીથી વિદેશી દારૂ લઈ અમદાવાદ તરફ કાર જઈ રહી હોવાની બાતમી મળતાં પોલીસે વોચ ગોઠવી તપાસ ચલાવતા બાતમીવાળી ઈકો ગાડી નીકળતા તેની તપાસ હાથ ધરી હતી. જેમાંથી વિદેશી દારૂની ૧૫ પેટી, બીયરની ૧ પેટી મળી કુલ રૂા. ૯૧૦૦૦ નો દારૂ, ત્રણ લાખની ગાડી, તથા રોકડ અને મોબાઈલ મળી રૂા. ૪ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

દારૂ લઈને જતા આરોપી મહેન્દ્રસિંહ જુહારસિંહ સિસોદીયા(રહે. માધુપુરા, અમદાવાદ) તથા હરિસિંહ માનસિંહ સોલંકી (રહે. મુઠીયા ગામ, નાના ચિલોડા) ની અટકાયત કરવામાં આવી હતી. આ દારૂ શામળાજી પાસેથી આશાપુરા હોટલ પાસે રહેતા જીતેન્દ્ર ઉર્ફે જગા પાસેથી લાવ્યા હોવાની આરોપીઓએ કબુલાત કરી હતી.

## પાટણમાં તોડી પડાયેલ મુતરડીની જગ્યાએ લારી-ગલ્લાનું દબાણ

પાટણ

પાટણમાં જુના પાવરહાઉસથી ટાંકવાડા જવાના માર્ગ પર પાલિકા દ્વારા વર્ષોથી મુતરડી બનાવી હતી. આ મુતરડી હવે તોડી પાડીને ત્યાં લારી - ગલ્લાનું દબાણ થતાં મુતરડીના અભાવે આ વિસ્તારના નાના મોટા વેપારીઓને શૌચક્રિયા માટે ક્યાં જવું તે મુખ્ય પ્રશ્ન ઉભો છે. જે મુતરડી હતી તે કોઈને નડતરરૂપ તો હતી નહિં- પાલિકાની ગટર ઉપર બનાવવામાં આવી હતી. પરંતુ દબાણની જગ્યાએ લારી ગલ્લા ઉભા કરવામાં પાલિકાના જ કેટલાક મળતીયાઓ દ્વારા મુતરડી તોડી પડાઈ હોવાનું ચર્ચાય છે. હાલમાં જુના પાવરહાઉસમાં જીઈબીનો એક વિભાગ કાર્યરત છે અને લોકોની અવરજવર પુષ્કળ પ્રમાણમાં રહેતી હોઈ આ વિસ્તારમાં પાલિકા દ્વારા જે સ્થાને મુતરડી હતી ત્યાં પુનઃ નવી મુતરડીનું નિર્માણ થાય તેવી લોકમાંગ ઉઠી છે.

અત્રે નોંધવું ઘટે કે ભાટીયાવાડ વિસ્તારમાં મુખ્ય રોડ પર જે મુતરડી હતી. તેને તોડી બાજુના મકાન માલિકે ત્યાં દબાણ કરી દીધું છે. માલિકાને આ બાબતની જાણ હશે નહિં?

## ઊંઝામાં ઘરફોડ અને વાહન ચોરીના ઉપદ્રવથી શહેરીજનો ત્રાહીમામ

ઊંઝા

વેપારી મથક અને યાત્રાસ્થળ ઊંઝા શહેર અને તેની આસપાસના ગામોમાં પોલીસની નિષ્ક્રિયતાને કારણે મિલકત વિરૂધ્ધના ગુનાઓનું પ્રમાણ વધી જતા તેમજ અસામાજીક પ્રવૃત્તિઓને ડામવામાં કડક પગલા ન ભરાતા કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ કથળી જવા પામી છે.

ઊંઝા પોલીસ સ્ટેશનની હદના ઊંઝા શહેર અને અન્ય ગ્રામ્ય વિસ્તારોમાં છેલ્લા ઘણા વખતથી ઘરફોડ ચોરી, વાહન ચોરીનો ઉપદ્રવ વધી ગયો છે. આ ઉપરાંત સમાજ વિરોધી બદીઓ પણ ચાલી રહ્યાનો લોકપોકાર ઉઠ્યો છે. શહેરમાં તસ્કરોને જાણે મોકળુ મેદાન મળી ગયું હોય તેમ છાશવારે દ્વિચક્રી વાહનોની ઉઠાંતરીના કિસ્સા સામાન્ય બની ગયા છે. મિલકત વિરૂધ્ધના વધતા જતા ગુનાઓ તેમજ અસામાજીક બદીઓને નાબૂદ કરવાની દિશામાં પોલીસતંત્ર તરફથી કોઈ જ અસરકારક પગલા ભરાતા નથી.

લોકોમાં ચર્ચાતી વાતો મુજબ મિલકત વિરૂધ્ધના ગુનાઓ સમયસર નોંધવામાં પોલીસતંત્ર દ્વારા અખાડા થઈ રહ્યા છે. ઊંઝા પંથકમાં જાણે પોલીસનું અસ્તિત્વ જ ન હોય તેવી સ્થિતિ પેદા થતા લોકોમાં ભય સાથે ચિંતાની લાગણી ફેલાઈ છે. અત્રે પોલીસને પ્રજાના જાનમાલના રક્ષણની કંઈ જ પડી નથી. સત્તા મળી છે તો નાણાં મેળવી લો. પ્રજાનું જે થવાનું હોય તે થાય તેવી નીતિ રાખવામાં આવી છે. તેવો આક્ષેપ જનતામાં થઈ રહ્યો છે. છેલ્લા બે ત્રણ વર્ષ દરમિયાન આ વિસ્તારમાં મિલકત વિરૂધ્ધના જે ગુનાઓ નોંધાયા છે. તે પૈકી મોટાભાગના ગુનાઓના ભેદ આજદિન સુધી વણ ઉકેલાયેલા રહ્યા છે.

## ગુજરાત ચૂંટણી પર આતંકીઓનો ડોળો, મોદી-શાહ-યોગી મુખ્ય ટાર્ગેટ

### કોસ્ટ ગાર્ડ સુરક્ષા માટે સજ્જ,હુમલા સામે રક્ષણ માટે ખાસ રણનીતી ઘડી

ન્યુ દિલ્હી

ગુજરાત વિધાનસભાની ચૂંટણીને હવે ગણતરીના દિવસો બાકી રહ્યાં છે. રાજકિય પક્ષોનો ચૂંટણી પ્રચાર જોર-શોરથી ચાલે છે. પરંતુ ગુજરાતની આ ચૂંટણી પર આતંકવાદીઓની નજર હોવાની ગુપ્તચર સુત્રો તરફથી જાણકારી મળી રહી છે. આ ચૂંટણી દરમિયાન પાકિસ્તાની આતંકવાદીઓ કોઈ મોટો હુમલો કરી શકે છે. પાકિસ્તાની આતંકવાદીઓ સમુદ્ર માર્ગેથી આવીને હુમલો કરી શકે છે. આ આતંકીઓના મુખ્ય ટાર્ગેટ પર વડાપ્રધાન નરેન્દ્ર મોદી, બીજેપી અધ્યક્ષ અમિત શાહ અને ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ છે.

માહિતીના પગલે કોસ્ટ ગાર્ડે આતંકી હુમલા સામે લડવા ખાસ રણનીતી બનાવી છે. કોસ્ટ ગાર્ડને પાકિસ્તાન સાથેની




સમુદ્ર સીમા પર દિવસરાત નજર રાખવા માટે ૧૦ યુદ્ધતોપો તૈનાત કરી છે.ત્રણ થી ચાર હેલીકોપ્ટર હવાઈ નિરીક્ષણ કરી રહ્યાં છે. કોસ્ટ ગાર્ડના કમાન્ડો મરીન પોલીસ સાથે હાઈ-સ્પીડ બોટ પર સમુદ્રમાં નજર રાખવીનું કામ કરી રહ્યાં છે. આંતરરાષ્ટ્રીય સરહદ પર નજર રાખવા માટે કોસ્ટ ગાર્ડની બે મોટી શીપ તૈનાત છે. ગુપ્ત માહિતીઓ ભેગી કરવા માટે સબસિડરી મલ્ટી એજન્સી સેન્ટર સાથે કોસ્ટ ગાર્ડના અધિકારીઓ દરરોજ બેઠક કરી રહ્યાં છે. જેથી ગુપ્ત જાણકારીઓને લઈને વ્યવસ્થિત સંકલન રહે. આ સંદર્ભે કોસ્ટ ગાર્ડ માછીમારોને આ હુમલા માટે સાવધાન પણ કરી રહ્યાં છે. જે માટે માછીમારોને ખાસ ટ્રેનિંગ તેમજ જાણકારી આપવામાં આવી રહી છે. કોસ્ટ ગાર્ડના અધિકારીઓ ચૂંટણી દરમિયાન સુરક્ષાને લઈને રાજ્ય સરકાર સાથે સતત સંપર્કમાં રહેશે.